**આજનો સુવિચાર**

માન પામે તે નહિ, પણ માન પચાવી જાણે તે મહાત્મા છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૨૯૯ જૂનાગઢ તા.૩૦-૧૧-૨૦૨૪ શનિવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 299, Junagadh : Date : 30 November, 2024, Saturday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


## આજે સાંજ સુધીમાં ફેંગલ વાવાઝોડું તામીલનાડુ, પુડુચેરીના દરિયાકાંઠે ત્રાટકશે : હાઈ એલર્ટ

નવી દિલ્હી તા.૩૦: બંગાળની ખાડીમાં સર્જાયેલું ફેંગલ વાવાઝોડું આજે પુડુચેરી નજીક ત્રાટકશે. આ સમયે ૯૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફુંકાશે. વાવાઝોડાને પગલે તમિલનાડુ, પુડુચેરી અને તેની નજીકના દક્ષિણ આંધ્રપ્રદેશના દરિયાકિનારાના વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગે જણાવ્યું કે દક્ષિણ પશ્ચિમ બંગાળની ખાડી પર સ્થિત ફેંગલ વાવાઝોડું ઉત્તર-ઉત્તરપશ્ચિમ તરફ ૭ કિમી પ્રતિ કલાકની ઝડપે આગળ વધી રહ્યું છે. આ દરમિયાન ૧૦૦ કિલોમીટરની ઝડપે પવન ફુંકાવાની શક્યતા છે. ફેંગલ વાવાઝોડું પુડુચેરી નજીક કરાઈકલ અને મહાબલીપુરમ વચ્ચે ઉત્તારી તમિલનાડુ-પુડુચેરી દરિયાકાંઠા ત્રાટકશે તેવી શક્યતા છે. ફેંગલ વાવાઝોડાને પગલે તમિલનાડુ સરકાર દ્વારા નાગરિકોને ઘરની અંદર જ રહેવા આદેશ આપ્યા છે. શાળાઓમાં રજા જાહેર કરવામાં આવી છે. જ્યારે કંપનીના નાગિરકોને ઘરેથી કામ કરવા જણાવ્યું છે. માછીમારોને દરિયો ખેડવા ન જવા કડક ચેતવણી આપવામાં આવી છે.

## કોંગ્રેસ કારોબારી સમિતિની બેઠકમાં હારનું પોષ્ટમોર્ટમ કરાયું : ચૂંટણી રણનીતીમાં સુધારો કરાશે

નવી દિલ્હી, તા.૩૦: લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસના મજબૂત પ્રદર્શને ભાજપ માટે મુશ્કેલી ઊભી કરી હતી. આગામી સમયમાં કોંગ્રેસ પુનરાગમન કરશે તેવી રાજકીય અટકળો લગાવવામાં આવી રહી હતી, પરંતુ તે પછી એક પછી એક વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસને હારનો સામનો કરવો પડયો છે. મહારાષ્ટ્રમાં કોંગ્રેસનું પ્રદર્શન ઘણું નબળું હતું અને તે ઘટીને ૧૬ સીટો પર આવી ગઈ હતી. આ પહેલા પણ હરિયાણા ચૂંટણીમાં કોંગ્રેસને કારમી હારનો સામનો કરવો પડયો હતો. કોંગ્રેસ વર્કિંગ કમિટીની બેઠક (CWC મીટિંગ)માં રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધીની સામે પાર્ટી અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ તમામ નેતાઓને સલાહ આપી કે હવે સમય આવી ગયો છે, સાવચેત રહો.

## મહારાષ્ટ્રના મુખ્યમંત્રી પદના મામલે કોકડું ગુંચવાતા ભાજપનું ટેન્શન વધ્યું : એકનાથ શિંદે નવાજુની કરશે ?



મુંબઈ, તા.૩૦: મહારાષ્ટ્રમાં નવી સરકારની રચનાને લઈને સસ્પેન્સ સતત વધી રહયું છે. કાર્યકારી મુખ્યમંત્રી એકનાથ શિંદે તેમના વતન ગામ ડેરે જવાના કારણે શુક્રવારે પ્રસ્તાવિત મહાયુતિની મોટી અને મહત્વપૂર્ણ બેઠક સ્થગિત કરી દેવામાં આવી છે. તેના પર શિવસેનાના નેતા સંજય શિરસાટે શુક્રવારે મુખ્યમંત્રી એકનાથ શિંદેના આગામી નિર્ણયને લઈને મોટો સંકેત આપ્યો છે. તેમણે કહયું કે જ્યારે પણ મુખ્યમંત્રીને કોઈ મોટો નિર્ણય લેવાનો હોય છે ત્યારે તેઓ તેમના વતન ગામ જાય છે. સાંજ સુધીમાં તેઓ મોટો નિર્ણય લેશે.

વિલંબને કારણે વિધાનસભા ચૂંટણીના પરિણામો જાહેર થયાના એક સપ્તાહ બાદ પણ નવી સરકારની રચના થઈ શકી નથી. શિવસેનાના સૂત્રોએ જણાવ્યું કે હવે આ બેઠક રવિવારે મુંબઈમાં યોજાય તેવી શકયતા છે. દરમિયાન, ભાજપના નેતાઓએ કહયું કે તેઓ ધારાસભ્ય દળની બેઠક માટે કેન્દ્રીય નિરીક્ષકોના આગમનની રાહ જોઈ રહયા છે.

નવી સરકારમાં શિંદેની ભૂમિકાને લઈને શિવસેનામાં મતભેદો ઉભા થઈ રહ્યા છે. કેટલાક નેતાઓ શિંદેને નાયબ મુખ્યપ્રધાન પદ સ્વીકારવાની સલાહ આપી રહ્યા છે, જ્યારે અન્ય માને છે કે અઢી વર્ષ સુધી મુખ્યપ્રધાન પદ સંભાળ્યા બાદ આ ભૂમિકા તેમના માટે યોગ્ય રહેશે નહીં. શિવસેનાના નેતા સંજય શિરસાટે કહ્યું કે જો શિંદે નાયબ મુખ્યમંત્રી પદ નહીં લે તો આ પદ તેમની પાર્ટીના અન્ય કોઈ નેતાને જશે.

## બાંગ્લાદેશની યુનુસ સરકારે ઈસ્કોન પર પ્રતિબંધ મુકવાનો ઈન્કાર કર્યો

ઢાકા તા.૩૦ યુનુસ સરકારે કે, ભારત સરકારે નિવેદન ન આપવું જોઈએ. આ અમારો આંતરિક મામલો છે. અમે ભારતમાં બની રહેલી ઘટનાઓ પર ક્યારેય ટિપ્પણી કરતા નથી.

બાંગ્લાદેશની રાજધાની ઢાકામાં હિન્દુ ધર્મગુરુ ચિન્મય કૃષ્ણ દાસ પ્રભુની ધરપકડને લઈને વધી રહેલા વિવાદ વચ્ચે બાંગ્લાદેશના મુખ્ય સલાહકાર મુહમ્મદ યુનુસના પ્રેસ સેક્રેટરી શફીકુલ ઈસ્લામે ખાતરી આપી છે કે, બાંગ્લાદેશમાં હિન્દુ સમુદાય સુરક્ષિત છે અને તેમને કોઈ ખતરો નથી.

એક મુલાકાતમાં ઈસ્લામે સ્પષ્ટતા કરી હતી કે બાંગ્લાદેશ સરકારનો ઈન્ટરનેશનલ સોસાયટી ફોર ક્રિષ્ના કોન્શિયસનેસ પર પ્રતિબંધ મૂકવાનો કોઈ ઈરાદો નથી.

## સુરતના સચીનમાં આઈસ્ક્રીમ ખાધા બાદ ત્રણ બાળકીઓના શંકાસ્પદ મોત

સુરત તા.૩૦ સુરતના સચિન પાલી ગામમાં ત્રણ બાળકોના શંકાસ્પદ મોત થતા ભારે ચકચાર મચી છે. ત્રણેય બાળકીએ આઈસક્રીમ ખાધા બાદ તબિયત લથડતા તેઓને ખાનગી હોસ્પિટલમાં અને ત્યારબાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જયાં તેઓના સારવાર દરમિયાન મોત થતા પરિવારજનોમાં આક્રંદ છવાયો હતો. તબીબો દ્વારા હાલ ત્રણેય બાળકોના મૃત્યુંનું કારણ જાણવા તપાસ હાથ ધરવામાં આવી છે. પ્રાપ્ત માહિતી મુજબ સુરતના પાલી ગામમાં રહેતી ત્રણેય બાળકીઓએ આઈસક્રીમ ખાધા બાદ તાપણું પણ કર્યું હતું. ત્યારબાદ ત્રણેયની તબિયત લથડી હતી. પીએમ રિપોર્ટમાં તેનું ચોક્કસ કારણ સામે આવી શકે છે. મૃતક બાળકીઓના નામ : દુર્ગા કુમારી, મહંતો, ૧૨ વર્ષ, અમિતા મહંતો, ૧૪ વર્ષ અને અનિતા કુમારી મહંતો, ૮ વર્ષ છે.

## બ્રિટનમાં અસાધ્ય બિમારીથી પિડિત વ્યક્તિને ઈચ્છામૃત્યુની પરવાનગી મળશે

લંડન, તા.૩૦: યુનાઈટેડ કિંગડમ (યુકે)માં અસાધ્ય બિમારીથી પીડિત વ્યકિત પોતાનું જીવન સમાપ્ત કરી શકશે. આ ખરડાને મંજુરી મળ્યા બાદ યુકે એવા દેશોની કતારમાં આવી જશે જે અસાધ્ય બિમારીથી પીડિત લોકોને પોતાનું જીવન સમાપ્ત કરવાની પરવાનગી આપે છે. ૩૩૦ સાંસદોએ ઈચ્છા મૃત્યુના પક્ષમાં ૨૭૫ સાંસદોએ વિરોધમાં મતદાન કર્યુ હતું. વડાપ્રધાન કીર સ્ટારમેરે પણ બિલની તરફેણમાં મતદાન કર્યું છે. જોકે, હાઉસ ઓફ લોર્ડ્સ અને સંસદીય સમિતિઓ દ્વારા બિલને મંજૂરી મળવાની બાકી છે.

## હવે દવાઓ પણ નકલી : ૯૦ દવાઓના સેમ્પલ તપાસમાં ફેલ

નવી દિલ્હી,તા.૩૦ કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના નિર્દેશો અનુસાર હવે દેશમાં દર મહિને મોટા પ્રમાણમાં દવાઓનાં સેમ્પલની તપાસ કરવામાં આવે છે. જે દવાઓને શંકાસ્પદ માનવામાં આવે છે તેના અલગ અલગ બેચ કોઈને કોઈ ધારણા પર ફેલ થઈ રહ્યા છે. મોટી સમસ્યા નકલી દવાઓની છે. જે સીધી રીતે લોકોના જીવન માટે ખતરો છે.

ઓકટોબર મહિનામાં કેન્દ્રીય માનક નિયંત્રણ સંગઠનની તપાસમાં ૫૬ દવાઓનાં સેમ્પલ નિશ્ચિત ધોરણો પર ખરા નથી ઉતર્યા, જયારે રાજય ટેસ્ટીંગ લેબ્સમાં તપાસમાં સેમ્પલમાંથી ૩૪ દવાઓ અલગ અલગ પેરા મીટરમાં ફેઈલ થઈ જયારે બિહાર ડ્રગ કન્ટ્રોલ ઓથોરીટી દ્વારા ઉઠાવવામાં આવેલ સેમ્પલોમાંથી ૩ દવાઓમાં નકલી હતી. નકલી દવાઓમાં એસીડીટી, ઈન્ફેકકશન ઠીક કરનારી દવાઓ પણ સામેલ છે.

## કેનેડાના વડાપ્રધાન ટ્રુડો અચાનક અમેરીકા પહોંચ્યા : ટ્રમ્પ સાથે ગુપ્ત બેઠક

નવી દિલ્હી તા.૩૦: ભારત સાથેના સંબંધો બગડ્યા બાદ હવે કેનેડાના પીએમ જસ્ટિન ટ્રુડોને અમેરિકા સાથે પણ સંબંધો બગડવાનો ડર સતાવી રહ્યો છે. અમેરિકાના નવા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે તાજેતરમાં કેનેડાની સરકારને ધમકી આપી હતી. ત્યારે કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડો અચાનક ફ્લોરિડા પહોંચ્યા હતા.


**મકાન વેંચવાનું છે**

જૂનાગઢનાં પોશ વિસ્તાર નાની દાણાપીઠ સોસાયટીમાં લગભગ ૩૦૦ વાર જમીન મકાન સાથે વેંચવાનું છે

:: કોન્ટેક ::
મો. ૯૬૦૧૨ ૭૨૯૬૫


**સારા લોકેશનમાં ખુબજ વ્યાજબી ભાવમાં ફ્લેટ વેંચવાનો છે**

જૂનાગઢના ક્રિમ એરિયામાં જલારામ સોસાયટીમાં વ્યાજબી ભાવમાં લીફટવાળું 2BHK ફલેટ
તદ્દન તમારા બજેટમાં વેચવાનું છે.
મો.૯૪૨૭૪ ૨૩૪૧૫

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
**દરેક જગ્યાએ ઉપલબ્ધ**

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
**અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...**

**સૌરાષ્ટ્રભૂમિ દૈનિકનાં ૪૮માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...**

| અરવિંદભાઈ પટેલ | જેરામભાઈ પટેલ |
|---|---|
| બી.એસ.સી. (એગ્રી) | બી.એસ.સી. (એગ્રી) |
| મો.૯૮૨૫૦ ૩૩૮૪૩ | મો.૯૪૨૬૨ ૧૩૭૨૦ |

**ખેતિ વિકાસ કેન્દ્ર**
ગાંધી ચોક, વંથલી દરવાજા, જૂનાગઢ-૩૬૨૦૦૧
ફોન : ૦૨૮૫ - ૨૬૨૧૭૩૧

**CARE+ LABORATORY**
રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો : 24x7
8005 70 8005

**અમારી બીજી બ્રાન્ચ**
અક્ષર આઈકોન, ગ્રાઉન્ડ ફલોર, ગંગા પાર્ક, કે.જે. કેન્સર હોસ્પિટલની બાજુમાં, ઝાંઝરડા બાયપાસ રોડ, જૂનાગઢ

**હેલ્થ ચેકઅપ બેઝીક કેમ્પ**
- CBC - લોહીના કણોની તપાસ
- RBS - સુગરની તપાસ
- HbA1c - સરેરાશ સુગરની તપાસ
- Lipid Profile - લોહીમાં ચરબીની તપાસ
- SGPT & SGOT - લીવરની તપાસ
- Creatinine - કિડનીની તપાસ
- Uric Acid - સાંધાના દુખાવાની તપાસ
- TSH - થાઈરોઈડની તપાસ
- Vitamin B12 - વિટામીન બી૧૨ ની તપાસ

સ્પેશિયલ ઓફર માત્ર 749/- કિંમત ~~2870/-~~

**હેલ્થ ચેકઅપ એડવાન્સ કેમ્પ**
હેલ્થ ચેકઅપ બેઝીક કેમ્પ
+
- Vitamin D - હાડકાના વિટામીન ડી ની તપાસ
- Electrolytes (Na,Cl,K) - સોડીયમ,કલોરાઇડ અને પોટેશ્યમ નું લેવલ
- I.Calcium - ફ્રી કેલ્શીયમ નું લેવલ
- Ferritin - બોનમેરોમાં લોહતત્વનું પ્રમાણ
- T3 T4 TSH - થાઈરોઈડની સંપુર્ણ તપાસ

સ્પેશિયલ ઓફર માત્ર 1349/- કિંમત ~~5050/-~~

સચોટ નિદાન માટે ૧૨ કલાક ભૂખ્યા પેટે લોહી આપવું અનિવાર્ય છે.
કેમ્પ : દર બુધવારે અને રવિવારે સવારે ૮.૩૦ થી બપોરના ૧૨.૦૦
કેમ્પ સ્થળ :- કેર + લેબોરેટરી, ડૉ. કાઝી સાહેબની જૂની હોસ્પિટલ, ચીતાખાના ચોક પાસે, જૂનાગઢ - ૩૬૨ ૦૦૧.

**સૌરાષ્ટ્રભૂમિ દૈનિકનાં ૪૮માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...**
॥ જય શ્રી વલ્લભ ॥

**મેસર્સ અમૃતલાલ એન્ડ કું.**



હોઝયરી રેડીમેઈડનાં હોલસેલ વેપારી
હવેલી લાઈન, જૂનાગઢ. ફોન : ૨૬૫૫૬૬૮, મો. ૯૮૨૪૩ ૯૯૯૦૮

**બ્રાન્ડેડ વેસ્ટર્ન વેર એન્ડ કુરતી**
- ફેન્સી ટી-શર્ટ
- જીન્સ
- સ્ટોલ
- ટયુનીક
- ટોપ
- ગાઉન
- નાઈટસુટ
- કેપ્રીસુટ
- બેડરૂમ નાઈટી
- ચિલ્ડ્રન નાઈટડ્રેસ
- જેગીંગ
- લેગીંગ
- કોટન કુરતી
- ફેન્સી કુરતી
- બ્રા - બ્રા પેન્ટી સેટ
- સ્લીપ

**સોપારીનું કટીંગ રીટેઈલમાં મળશે**

અમારી સ્પેશ્યલ જુની મોરો સોપારીનું કટીંગ ફકત ૨૫૦ ગ્રામ લઈ અને ખાત્રી કરો
તમે જ કહેશો કે વાહ ભઈ વાહ

**મોરો સોપારી કટીંગ**
**૧ કિલોના ફકત રૂા.૬૦૦**
આ રીટેઈલ માટે છે

આ ખોટા વખાણ નથી હો..
આપ નજરે નિહાળો પછી તમે જ
કહેશો કે વાહ..ભાઈ વાહ..

મોરો સોપારીનું કોરૂ કટીંગ તથા
સ્પેશ્યલ નં.૧ સેકેલ સોપારીનું કટીંગ

સૌરાષ્ટ્ર ભૂમિ બ્યુરો ઓફીસ
ગુલબાવાડી નજીક, ખોજાવાડ ચોક પાસે, જૂનાગઢ
**મો.૯૩૭૬૬૦ ૫૫૯૬૨**



INTEGRATED DIAGNOSTICS PROVIDER WITH ONE-STOP SOLUTION
OFFERING PATHOLOGY, RADIOLOGY TESTING AND MEDICAL CONSULTATION SERVICES

- Diagnostic chain within Eastern India well positioned to leverage growth opportunity for organised diagnostic chains in the diagnostic services markets in Eastern and North-Eastern India
- Operational network, consisting of our flagship central reference laboratory, 49 diagnostic centres, 8 satellite laboratories and 166 sample collection centres across the States of West Bengal, Bihar, Assam and Meghalaya*
- 126* polyclinic chambers hosting 750+* doctors across specialties and super-specialties
- Offering a comprehensive range* of 2,300+ tests that cover a range of specialties and disciplines
- Compounded annual growth rate ("CAGR") of 20.87% in terms of non-COVID revenues between Fiscals 2022 and 2024 (CRISIL Report)
- Team* of 23 laboratory doctors, 255 radiologists and other reporting doctors and 529 well-trained technical staff
- Trusted, high quality and reliable brand of choice over the last three decades

**Suraksha**
Clinic & Diagnostics
www.surakshanet.com

(*As on June 30, 2024)

DIAGNOSTICS | PATHOLOGY | CONSULTATIONS

**SURAKSHA DIAGNOSTIC LIMITED** is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to undertake an initial public offering of its Equity Shares and has filed the Red Herring Prospectus ("**RHP**") with the Registrar of Companies, West Bengal at Kolkata ("**RoC**") on November 25, 2024. The RHP shall be available on the website of SEBI at www.sebi.gov.in, on the websites of the Stock Exchanges i.e. BSE and NSE at www.bseindia.com and www.nseindia.com, respectively, on the website of the Company at www.surakshanet.com/investor-relations and the websites of the Book Running Lead Managers ("**BRLMs**"), i.e. ICICI Securities Limited, Nuvama Wealth Management Limited and SBI Capital Markets Limited at www.icicisecurities.com, www.nuvama.com and www.sbicaps.com, respectively. Any potential investors should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risk, please see the section entitled ***'Risk Factors'*** on page 36 of the RHP. Potential investors should not rely on the DRHP filed with SEBI for making any investment decision.

This announcement has been prepared for publication in India and may not be released in the United States. This announcement does not constitute an offer of securities for sale in any jurisdiction, including the United States, and any securities described in this announcement may not be offered or sold in the United States absent registration under the US Securities Act of 1933, as amended, or an exemption from registration. Any public offering of securities to be made in the United States will be made by means of a prospectus that may be obtained from the Company and that will contain detailed information about the Company and management, as well as financial statements. However, no offering of securities is being made in the United States.

Adfactors 480


C M Y K C M Y K

# સુરત જિલ્લાની કીમ પાસેની દરગાહમાં માનસિક દર્દીઓ માટે મોતનો પૈગામ : વિજ્ઞાન જાથા, ડાકણનો આરોપ મુકનાર મહિલાનો ભાંડાફોડ કરતું વિજ્ઞાન જાથા

## ભરૂચ જિલ્લાના કલાદરા ગામની બંને મહિલા નિર્દોષ હોવાનું ખુલ્યું : જેલીબેન આહિરને હાજરી સવારી આવતા ડાકણનો ખોટો આરોપ મુક્યો, અંતે માફી માંગી



(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૩૦

ભરૂચ જિલ્લાના વાગરા તાલુકાના કલાદરા ગામની મહિલા જેલીબેનને દરગાહમાં હાજરી આવતા પરિવારની બે નિર્દોષ મહિલા ઉપર ડાકણનો આરોપ મુકતા ભારત જન વિજ્ઞાન જાથાની ટીમે કોસંબા પોલીસ સ્ટેશનની મદદથી ૧૨૫૮ મો સફળ પર્દાફાશ કર્યો હતો. જેલીબેન ભગુભાઈ આહિરે ભુલ કબુલી, માફી માંગતા મામલો થાળે પડયો હતો. કીમ પાસેની દરગાહ સંબંધી જાથાને ચોંકાવનારી માહિતી મળી હતી. માનસિક દર્દીઓ મોતને પૈગામ આપવાને તિલાંજલિ આપી મેડિકલ સારવાર લેવા સંબંધી પીડિતોને સલાહ આપી હતી.

બનાવની વિગત પ્રમાણે ભરૂચના કલાદરા ગામના પરેશ આહિર અને ઠાકોરભાઈએ પોતાની આપવિતીમાં માહિતી આપી કે અમારા કુટુંબીજન જેલીબેન ભગુભાઈ પરિવાર અવારનવાર કીમ પાસેની દરગાહમાં ગુરૂવાર ભરવા જાય છે, ત્યાં તેમને હાજરી સવારી આવતા મારી મમ્મી જશુબેન ઉર્ફે જશીબેનનું નામ ડાકણ જાહેર કરી દેવીબેન બંને મેલીવિદ્યા જાણે છે. રાત્રિના બંને બિલાડી, ઉંદરડીનું રૂપ ધારણ કરી બધાને હેરાન, અશાંતિ કરે છે. ઘરમાં અજુગતુ બને તેમ છે. કોઈકનો જીવ જાય તે પહેલા સત્યનું ઉજાગર કરવા અને મારી મમ્મી સહિત મહિલા નિર્દોષ છે, કંઈપણ જાણતા નથી. મેલીવિદ્યા શું કહેવાય તે ખબર નથી. ઈર્ષા, દ્વેષ અને સમાજમાં બહિષ્કૃત કરવા અમારું નામ જાહેર કરેલ છે. ગામમાં નીકળવું ભારે થઈ ગયું છે. દરગાહમાં અનેક મહિલા-પુરૂષો દર ગુરૂવારે હજારો સંખ્યામાં આવે છે, ત્યાં બિમાર લોકો ઉપચાર કરવા આવે છે. સારૂ થાય છે કે નહિ તે ખબર નથી. ડાકણનો આરોપમાંથી છુટકારો મેળવવા જાથાની મદદ માંગી હતી. અમારા સમાજમાં આ ગંભીર આરોપ કહેવાય તેમાંથી મુકિત માટેની વાત કરી હતી. જાથાના જયંત પંડયાએ સુરત કીમ પાસેની દરગાહમાં ખરાઈ કરવા માટે ભાનુબેન ગોહિલ અને રવિ પરબતાણીને મોકલતા તેમણે આ દરગાહ આસ્થાનું કેન્દ્ર છે ત્યાં મેલીવિદ્યા, ખવીસ, મામો, જીન્નાત વિગેરેથી પીડિત લોકો છુટકારો માટે આવે છે. દર ગુરૂવારે બપોર પછી અસંખ્ય લોકોને હાજરી-સવારી આવે છે, જેમાં હિન્દુઓની સંખ્યા વધુ છે. દરગાહની બહાર અત્તર, ગુલાબ જળ, પાણી, તાવિજ, ફુલ, રૂમાલ, લોબાન, ચાદર વિગેરેનું ધૂમ વેચાણ થાય છે. શ્રદ્ધાળુઓ ખરીદે છે. બાળકો-મહિલાઓ પણ સારવાર માટે આવે છે. અમુક વિચિત્ર રીતે ધૂણે છે. સવારી આવે છે. સારુ થાય છે કે નહિ તે ખબર નથી. ત્યાં દરગાહના કાજી એમ બોલે છે અમે દાદા-પીરની સેવાપૂજા કરીએ છીએ, અમોને પીર કે દાદા આવતા નથી. તમોને કેમ આવે છે ? અમુકને ખોટા છો તેવું પણ બોલે છે. પીડિતોની દયનીય હાલત છે. સવારીમાં ખોટું નામ આપે તે દરગાહવાળાને ખબર હોતી નથી. જેલીબેન ખૂબ જ ધૂણે છે, થાકતા નથી. હાજરીમાં બેસુમાર બોલે છે. પોતાના ગામના લોકોનું નામ લઈ અપશબ્દો બોલે છે. જશુબેન અને દેવીબેનનું ડાકણનું નામ બોલ્યા છે જે હકિકત છે. જેલીબેન હેરાન કરવા જ ખોટું નામ બોલ્યા છે તેવી સઘળી વિગત મળતા પર્દાફાશ કરવાનું નક્કી થયું. જાથાના ચેરમેન, એડવોકેટ જયંત પંડયાએ ડાકણનો આરોપ મુકનારનો પર્દાફાશ કરવા ગાંધીનગર મુખ્યમંત્રી સહિત ઉચ્ચ અધિકારી, સુરત રૂરલ જિલ્લા પોલીસ વડાને પત્ર મોકલી પોલીસ બંદોબસ્તની માંગણી કરવામાં આવી. રૂરલ એસ.પી. એ કોસંબા પોલીસ સ્ટેશનને જરૂરી સુચના મોકલી દીધી. સફળતાની શરૂઆત થઈ ગઈ હતી. રાજકોટથી જાથાના જયંત પંડયાના વડપણ હેઠળ રોમિતભાઈ રાજદેવ, રવિ પરબતાણી, પ્રકાશ મનસુખભાઈ, અંકલેશ ગોહિલ, ભાનુબેન ગોહિલ, ગોપાલભાઈ ભરવાડ સહિત કાર્યકરો રવાના થયા. તપાસ બે ભાગમાં વહેંચી વિશેષ પુરાવા એકઠા કરવાનું નક્કી થયું. સ્થાનિક કાર્યકરોને કોસંબા પો. સ્ટેશને પહોંચી જવાનું નક્કી થયું.જાથાના જયંત પંડયા સૌ પ્રથમ પો.ઈન્સ. કે. એમ. સ્વામીને રૂબરૂ મળી ડાકણનો આરોપ મુકવો કાનુની અપરાધ છે તે સંબંધી વાત કરી હતી. તેમણે પાલોદ પો. ચોકીના પી.એસ.આઈ. આર. એમ. કોટવાલ, એ.એસ.આઈ. મહેશભાઈ બાબુભાઈ, પો.કોન્સ્ટે. જગદીશભાઈ ગોવિંદભાઈ, મહિલા કોન્સ્ટે. તેજલબેન મીઠારામ સહિત સ્ટાફની ફાળવણી કરી દીધી. કીમ પો. સ્ટેશનના પો.ઈન્સ. પી. એસ. જાડેજાની પણ મદદ મળી હતી. જાથાની ટીમના સદસ્યો દરગાહમાં હાજર હોય, જેલીબેન ઉપર દેખરેખ રાખતા હતા. દરગાહની બહાર આવતાની સાથે કલાદરા ગામના બંને આહિર પરિવારો ભેગા થઈ ગયા. જેલીબેન બહાર આવતાની સાથે પરિસ્થિતિનો તાગ મળી જતા ધૂણવા લાગ્યા, ઠેકડા મારવા લાગ્યા, હાથમાં રહે નહિં તેવી કુદાકુદ કરી. મહિલા પોલીસ તેમજ જાથાની મહિલા સદસ્યએ પકડીને ગાડીમાં માંડ માંડ બેસાડયા, ત્યાં પણ ધૂણવાનું ચાલુ રાખ્યું. ખોટી ધૂણતી હોય કડક શબ્દોમાં વાત કરતાં શાંત પડી ગઈ. તેમના પરિવારોને પાલોદ પો. ચોકીએ પહોંચી જવાનું જણાવ્યું. જાથાના જયંત પંડયાએ બધા વચ્ચે પરિચય આપી ડાકણનો આરોપની સાબિતી માંગી, ગુન્હા સંબંધી વાત કરી. જેલીબેનના પતિ, દિકરો સંજય માફી માગવા લાગ્યા. જેલીબેન ખોટું બોલ્યા છે, પોતે કબુલી લીધું કે મેં ઈર્ષા અને દ્વેષને કારણે ખોટું નામ લીધું છે. મને કોઈ હાજરી, સવારી આવતી નથી. કબુલાત આપી દીધી. પોલીસે કાયદાની ભાષામાં વાત કરી. આરોપ કરનારા ભાંગી પડયા. બધાએ કબુલાતનામું આપી સહી કરી એકવાર માફી આપવા આજીજી કરી. ડાકણને આરોપ મુકનારે બંને મહિલા જશુબેન અને દેવીબેન નિર્દોષ છે, તેની તેના પરિવારની માફી માંગી લીધી. મામલો થાળે પડયો. તે સંબંધી લખાણ કરવામાં આવ્યું. પરસ્પર તકરાર ન કરવા બંને પક્ષો સહમત થયા. જાથાના જયંત પંડયાએ દરગાહ સંબંધી માહિતીમાં દરગાહમાં ૭૦ ટકા હિન્દુઓ શ્રધ્ધાના કારણે આવે છે ત્યાં ૫ થી ૭ વર્ષની બાળકી ધૂણતી આળોટતી હતી. મહિલાઓ વાળ છુટ્ટા રાખી ધૂણતી હતી. પ્રથમ દર્શનીય માનસિક દર્દીઓ હોય તેવું લાગતું હતું. દરગાહના સંચાલકોએ મનોચિકિત્સક ડોકટરોનો કેમ્પ રાખવો જોઈએ. દર્દી વધુ પીડાય જવાબદારી કોની ? હિન્દુ, મુસ્લિમ, ઈસાઈ કે કોઈપણ ધર્મસ્થાન હોય તેમાં માનસિક દર્દીને અવૈજ્ઞાનિક ઉપચાર આપવો તે માનવ જીંદગી સાથે ખિલવાડ છે. આ પ્રકારની હરકતોથી દર્દીને અસહ્ય પીડા થાય ઉપરાંત રોગમાં વધારો થાય તેની શકયતા વધુ છે તેથી વિચારવું જોઈએ. દરગાહની બહાર ધાર્મિક વસ્તુઓનો વેપલો જોવા મળ્યો. દરગાહની અંદર ખરીદેલું તાવીજ બાંધવાના રૂા. ૫૦/- લેવામાં આવે છે. મોરપીંછ ફેરવવા માટે વ્યવસ્થા, ચાદર, મંત્રેલું પાણીમાં ભસ્મ, ગુલાબ વિગેરે મિશ્રિત હતું. જે પ્રદુષિત કહી શકાય. તેનાથી કદીપણ દર્દી સાજો ન થાય તે હકિકત છે. લોકોએ સ્વયં જાગૃતિ કેળવવી જોઈએ. દરગાહમાં જે દ્રશ્યો જોવા મળ્યા તેનાથી કઈ સદીમાં જીવીએ છીએ તેનો અંદાજ થાય. હાજરી-સવારી આવવાથી ખોટા નામ જાહેર થાય તે સંબંધી વિચાર માંગી લે છે. નિર્દોષનો ભોગ લેવાય નહિ તે સંબંધી પગલા ભરવા જરૂરી છે. ભરૂચ જિલ્લાના કલાદરા ગામના બંને આહિર પરિવારો વચ્ચે મનદુઃખ દૂર થાય તે માટે પોલીસ તંત્રે પુરતો સહયોગ આપ્યો હતો. બંને મહિલા જશુબેન ઉમેદભાઈ અને દેવીબેન ઠાકોરભાઈ નિર્દોષ હોવાનું ખુલતા જેલીબેન ભગુભાઈને નીચાજોણું થયું હતું.

સંજય ભગુભાઈએ મૌન રહી માતાને નારાજગી વ્યકત કરી હતી. જાથાનો ૧૨૫૮ મો પર્દાફાશ સફળ રહ્યો હતો. જાથાના રોમિત રાજદેવ, અંકલેશ ગોહિલ, રવિ પરબતાણી, પ્રકાશ મનસુખભાઈ, ગોપાલભાઈ ભરવાડ, ભાનુબેન ગોહિલે ઉત્કૃષ્ઠ કામગીરી કરી હતી. જિલ્લા પોલીસ વડા હિતેષ જોયસર, એલ.આઈ.બી. ઈન્ચાર્જ પો.ઈન્સ. ગઢવી, કોસંબા પો.ઈન્સ. કે. એમ. સ્વામી, પી.એસ.આઈ. આર. એમ. કોટવાલ, એ.એસ.આઈ. મહેશભાઈ બાબુભાઈ, પો.કોન્સ્ટે. જગદીશભાઈ ગોવિંદભાઈ, મહિલા પો.કર્મી તેજલબેન મીઠારામ, કીમના પો.ઈન્સ. પી.એસ. જાડેજાએ પર્દાફાશમાં મદદરૂપ થયા હતા. રાજયમાં દોરા-ધાગા ધતિંગની માહિતી મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯ ઉપર આપવી.

### સાસરીયાઓ પર અંધશ્રદ્ધાળુ હોવાનો આરોપ લગાવ્યો

# દીકરીનો જન્મ થતાં માતાપુત્રીને ઘરની બહાર કાઢી મૂકવામાં આવ્યા

## સાસુ હીરાબેન ઘનશ્યામભાઈ મેઘાણી, અને નણંદ ભારતીબેન ઘનશ્યામભાઈ મેઘાણી સામે ફરિયાદ નોંધાવી છે

જૂનાગઢ,તા.૩૦

સરકાર ''બેટી બચાવો બેટી પઢાવો''ને ગમે તેટલી પ્રોત્સાહન આપે, તો પણ ઘણા લોકોની માનસિકતા બદલાઈ નથી. કારણ કે સમાજમાં દીકરીઓને બોજ માનતા લોકોની સંખ્યા ઘટી નથી. આવો જ એક કિસ્સો જૂનાગઢમાં પ્રકાશમાં આવ્યો છે, જયાં દીકરીનો જન્મ થતાં જ માતા-પુત્રીને ઘરની બહાર કાઢી મુકવામાં આવ્યા હતા.

આ મહિલા અને તેની એક વર્ષની પુત્રીને આ મહિલા હવે પોતાને અને તેની પુત્રીને ન્યાય મેળવવા પોલીસ સ્ટેશને આવી છે આ મહિલાનું નામ છે ગાયત્રીબેન મેઘાણી અને તેની એક વર્ષની પુત્રી પ્રીશાપઆઠ વર્ષ પહેલા ગાયત્રીબેનના લગ્ન થયા હતા. જૂનાગઢના વાંઝાવાડના રહેવાસી ગાયત્રીબેન મેઘાણીને તેના સાસરિયાઓ વારંવાર મારતા હતા અને શારીરિક અને માનસિક ત્રાસ વચ્ચે ગાયત્રીબેને એક પુત્રને જન્મ આપ્યો હતો એક વર્ષ પહેલા ગાયત્રીબેને એક સુંદર પુત્રીને જન્મ આપ્યો હતો અને પુત્રીનો જન્મ થતાં જ સાસરીયાઓએ પરિણીતાને ઘરની બહાર કાઢી મુકી હતી. આ ક્રમ એક વર્ષથી ચાલી રહ્યો છે. પરિણીત મહિલા તેની માતાના ઘરે રહે છેએટલું જ નહીંપ અગાઉ પણ એક વખત ગાયત્રીબેન મેઘાણી જ્યારે ગર્ભવતી હતા ત્યારે તેમના પતિ આશિષ મેઘાણી અને તેમના સાસરિયાઓએ જૂનાગઢની ખાનગી હોસ્પિટલમાં પ્રેગ્નન્સી ટેસ્ટ કરાવ્યો હતો અને જ્યારે તેમને ખબર પડી હતી કે તેમને દીકરી થવાની છે. તેણે ગર્ભપાત કરાવ્યો અને ત્યારબાદ આ પુત્રીનો જન્મ થયો.

ગાયત્રીબેને તેના સાસરીયાઓ પર અંધશ્રદ્ધાળુ હોવાનો આરોપ લગાવ્યો છે અને બે દિવસ પહેલા તે તેના સાત વર્ષના પુત્રને મળવા તેની સાસરીમાં ગઈ હતી ત્યારે તેને મળવા દેવાઈ ન હતી અને તેનું અપમાન કરીને તેને ઘરની બહાર કાઢી મૂકાઈ હતી. આનાથી કંટાળીને તેણે દવા પીને આપઘાત કરવાનો પ્રયાસ કર્યો હતો.આ સમગ્ર મામલા ને લઈને ગાયત્રીબેન મેઘાણી ને ન્યાય મળે અને પોતાની દીકરીનું ભવિષ્ય ન બગડે તે માટે મહિલા પોલીસ સ્ટેશનમાં ત્રણ શખ્સો સામે ફરિયાદ નોંધાવી છે તેમાં ગાયત્રીબેનના પતિ આશીષભાઈ ઘનશ્યામભાઈ મેઘાણી, સાસુ હીરાબેન ઘનશ્યામભાઈ મેઘાણી, અને નણંદ ભારતીબેન ઘનશ્યામભાઈ મેઘાણી સામે ફરિયાદ નોંધાવી છે અને પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# સાયબર ફ્રોડ માટે અજમાવાતો નવો કિમિયો : લગ્નની કંકોત્રી કે આમંત્રણ કાર્ડ ખોલતી વખતે સાવચેત રહેવા તંત્રની અપીલ

(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૩૦

ભારતમાં સાયબર ક્રાઈમ કરનારાઓ દ્વારા નીતનવા કિમિયાઓથી સાયબર ફ્રોડ આચરવામાં આવી રહ્યા હોય, નવી નવી યુકિતઓ અજમાવીને આવા ફ્રોડ આચરવાના બનાવો વધતા જતાં જોવા મળે છે. હાલમાં લગ્નની સીઝન ચાલી રહી છે. ત્યારે લગ્નની કંકોત્રી મોકલી તેમાં મેસેજ ખોલવા માટે લીન્ક મોકલી લીન્ક ખોલતા જ વિવિધ ડોકયુમેન્ટની મંજૂરી માટે પરમિશન માંગી, જેવી આ મંજૂરી અપાય એટલે તમામ ડેટા હેક કરવા તથા જાણીને ઉપયોગ કરવા તથા છેતરપિંડીના કૃત્ય શરૂ થઈ ગયા છે.


હાલાર પંથકના દેવભૂમિ દ્વારકા તેમજ જામનગર જિલ્લામાં કેટલાક દિવસોથી યુવતીના અવાજમાં રેકોર્ડ કરાયેલા મેસેજમાં મોબાઈલ નંબરની સેવાઓ અપડેટ કરવા માટેનો સંદેશ તથા તેમાં ચોક્કસ નંબર દબાવો કહીને ડેટા હેક કરવાનો પ્રયત્ન થતાં હોય, ૮૮ પ્લસ નંબર પરથી આવતા આંતરરાષ્ટ્રીય કોલ પરથી રેકોર્ડેડ મેસેજ જે સામાન્ય રીતે મોબાઈલ કંપનીના હેલ્પ લાઈન નંબરો પરથી આવતા હોય, તેવા ઈન્ટરનેશનલ કોલ જેમાં ૮૮ નંબરથી કે ૯૨ નંબરથી ચાલુ થતા હોવાથી આવા નંબરો પરથી ફોન આવે ત્યારે રેકોર્ડેડ મેસેજ પ્રમાણે અમલ ન કરવા તંત્ર દ્વારા જણાવાયું છે. આ સાથે આ બાબતે સાયબર સેલ દ્વારા પણ લોકોને સાવચેત રહેવા અપીલ પણ કરવામાં આવી છે.

દ્વારકાનો એક આસામી તાજેતરમાં આ પ્રકારે સાયબર ફ્રોડનો ભોગ બન્યો હતો. તેમના મોબાઈલમાં આવેલી એક લીન્કને ઓપન કરાયા બાદ એકથી વધુ વખત તેમના ખાતામાંથી પૈસા ઉપડી ગયા હતા. આથી આ અંગે અહીંનાસાયબર ક્રાઈમ વિભાગમાં ફરીયાદ નોંધાવાઈ છે.


રોયલ ગેસ સ્ટવ
૧/૨/૩/૪ બર્નર ના L.P.G. અને P.N.G.
ઘર વપરાશના ગેરેન્ટી વાળા ચુલા
દરેક કંપનીના મોડેલ માત્ર અમારે ત્યાં
વિશાળ રેન્જ ધરાવતું એક જ નામ એટલે જ
રોયલ ગેસ સ્ટવ
એક્સચેન્જ ઓફર નો લાભ મળશે
જુના ચુલાનું વળતર મળશે
ઘરબેઠા રીપેરીંગ માટે સુવિધા મળશે
માંડવી ચોક, મોટી શાક માર્કેટ પાસે,
મકન ગાંધીની દુકાન સામે, જૂનાગઢ
મો.૮૮૬૬૦ ૨૭૬૧૩

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦

ટચુકડી જાહેરાત દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો

ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ
વિજય ઘી ડીપો
શિયાળાની ગુલાબી ઠંડી માટે ભેંસનું શુધ્ધ ઘી લેબોરેટરી ટેસ્ટ મળશે તથા ગાયનું તાજુ ઘી આવી ગયું છે
વિજય ઘી ડીપો
ડબાગલી રોડ, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
મો. ૭૨૦૨૦ ૨૫૧૨૩

દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે

દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.
મો.૯૮૭૯૩ ૭૬૦૨૮

સ્વાદનો ચટકો !
અમારે ત્યાંથી
● પાણીપુરી ● ભેળ ● સમોસા રગડો
● મસાલાપુરી ● દાબેલી ● રગડા પેટીસ
● દહીપુરી ● દિલ્હી ચાટ ● બાસ્કેટ ચાટ
● સેવપુરી ● લસણીયા બટેટા
તેમજ ફરાળી વાનગી, દહીંવડા, ફરાળી ભેળ, રસ ચેવડો, દહીં ચેવડો વગેરે આઈટમો મળશે
:: ખાસ નોંધ ::
લગ્ન પ્રસંગે, પાર્ટી પ્રસંગે તેમજ અન્ય પ્રસંગોએ બહારના ઓર્ડર ઉપર પુરતું ધ્યાન આપવામાં આવશે.
જલારામ પાણીપુરી
પંચહાટડી ચોક, શ્રીરામ મંદિરની બાજુમાં, જૂનાગઢ.
જગદીશભાઈ સોઢા : મો. ૯૬૮૭૫ ૫૭૬૨૧

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

આઈસ્ક્રીમ
અંદર બેસવાની સુંદર વ્યવસ્થા
ક્રીમ લચ્છી
સન્ડે આઈસ્ક્રીમ
ક્રિમ મિલ્ક સેઈક
શિખંડ - બાસુંદી - દહીંવડા
કાળવા ચાર રસ્તા કોર્નર, જુનાગઢ.

બેકરી શો-રૂમમાં કામ કરી શકે તેવા અનુભવી માણસોની જરૂર છે
બહુ જ સારો પગાર મળશે
નારાયણ બેકરી
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩
વંદના બેકરી
તળાવ સ્ટ્રીટ, જૂનાગઢ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨

# જૂનાગઢ સકકરબાગ પ્રાણી સંગ્રાહલય ખાતે વન્યપ્રાણીઓને ઠંડીથી રક્ષણ મળે તે માટે વિવિધ ઉપાયો હાથ ધરાયા







જૂનાગઢ, તા.૩૦

સક્કરબાગ પ્રાણી સંગ્રહાલય જુનાગઢ ખાતે હાલમાં શરૂ થયેલ શિયાળાની સીઝનના ઠંડા પવનો અને ટાઢથી રક્ષણમાટે ઝુ પ્રશાસન દ્વારા વન્યપ્રાણીઓને કડકડતી ઠંડીથી બચાવવા વિવિધ ઉપાયો કરવામાં આવેલ છે. જેમાં મુખ્યત્વે માંસાહારી પ્રાણીઓ જેવાકે સિંહ, વાઘ, દીપડા, વરૂ અને ઝરખ માટે નાઈટ શેલ્ટર પાંજરાઓમાં ઘાંસ પાથરવામાં આવેલ છે તથા ઠંડીથી રક્ષણ મળી રહે તેમાટે ગ્રીન નેટની આડશ મળે તેવી વ્યવસ્થા ઉભી કારવામાં આવેલ છે. આ ઉપરાંત વન્યપ્રાણીઓના ખોરાકમાં વધારો કરવામાં આવેલ છે. જેથી પુરતા પ્રમાણમાં ગરમી મળી રહે તેમજ વેટરનરી ડોકટર, પેરામેડીકલ સ્ટાફ અને એનીમલ કીપર્સ દ્વારા વન્યપ્રાણીઓનું સતત મોનીટરીંગ અને હેલ્થ ચેકઅપ કરવામાં આવે છે.

પક્ષીઓ માટે પાંજરામાં ઠંડા પવનોથી રક્ષણ મળી રહે તેમાટે ગ્રીનનેટની વ્યવસ્થા કરવામાં આવેલ છે, ખોરાકમાં વધારો કરવામાં આવેલ છે, આ ઉપરાંત પાંજરાઓમાં હીટરની વ્યવસ્થા કરવામાં આવેલ છે, પક્ષીઓ માટે આર્ટીફીશીયલ નેસ્ટની વ્યવસ્થા કરવામાં આવેલ છે જેથી તેઓને ઠંડીથી રક્ષણ આપી શકાય.

સરીસૃપ વર્ગના પ્રાણીઓ માટે પુરતા પ્રમાણમાં ગરમી મળી રહે તેમાટે બલ્બ અને માટલાની વ્યવસ્થા કરવામાં આવેલ છે. આ ઉપરાંત સુકા ઘાંસ અને નેસ્ટની વ્યવસ્થા પણ કરવામાં આવેલ છે. જયારે તૃણાહારી પ્રાણીઓ માટે લીલોચારોની માત્રામાં વધારો કરવામાં આવેલ છે અને ગ્રીન નેટ લગાવવામાં આવેલ છે. આ ઉપરાંત સુકા ઘાંસના પાથરણા બનાવવામાં આવેલ છે.

આ ઉપરાંત તમામ પ્રાણીઓ માટે તાજો અને સ્વચ્છ અને ગુણવત્તા સભર ખોરાક અને પાણીની માત્રામાં વધારો કરવામાં આવેલ છે અને તમામ વન્યપ્રાણીઓનું સતત સી.સી.ટી.વી. થી હેલ્થ મોનીટરીંગ કરવામાં આવે છે. એમ અક્ષય જોશી, નિયામક, સકકરબાગ પ્રાણી સંગ્રહાલય, જૂનાગઢ દ્વારા જણાવવામાં આવેલ હતું.



# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નો ૭માં આંતર કોલેજ ખેલકુદ મહોત્સવનો પ્રારંભ

## શિક્ષણના માધ્યમથી માનસિક વિકાસ શરૂ થાય છે, પરંતુ શારીરિક વિકાસ માટે રમત-ગમત જરૂરી-પ્રો. (ડો.) ચેતન ત્રિવેદી, કુલપતિ

જૂનાગઢ, તા.૩૦

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ. આયોજીત ૭મો ઈન્ટર કોલેજ ખેલકુદ મહોત્સવને કુલપતિ પ્રો.(ડો.) ચેતન ત્રિવેદીની અધ્યક્ષતામાં અને કૃષિ યુનિ.નાં કુલપતિ પ્રો.(ડો.) વી.પી.ચોવટીયાએ દિપ પ્રાગટ્યથી પ્રારંભ કરાવ્યો હતો. આ વેળાએ સી.એલ. કોમર્સ કોલેજનાં આચાર્ય પ્રો.(ડો.) મગનભાઈ ત્રાડા, વંથલી કોલેજનાં આચાર્ય પ્રો.(ડો.) આર.કે.ડોડીયા, બહાઉદ્દિન વિનયન કોલેજનાં આચાર્ય પ્રો.(ડો.) જે. આર.વાજા, ઉપસ્થિત રહ્યા હતા.

કૃષિ યુનિ.નાં મેદાનમા ભકતકવિ નરસિંહ મહેતા યુનિ.નાં ચાર જિલલઓની વિવિધ ક્ષેત્રીય ૩૪ કોલેજોમાંથી ૧૬૪ ભાઈઓ, ૨૫ કોલેજો માંથી ૯૦ બહેનો માટે દોડ, કુદ અને ભાલા ફેંક, બરછી ફેંક, ગોળા ફેંક સહિત એથ્લેટીક્સ રમતોનો આજે વિધીવત પ્રારંભ કરાવ્યો તે વેળાએ અધ્યક્ષિય ઉદબોધનમાં ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિ.નાં કુલપતિ પ્રો.(ડો.) ચેતન ત્રિવેદીએ જણાવ્યુ હતુ કે રમત-ગમત વ્યકિતનાં જીવનમાં આત્મવિશ્વાસમાં વધારો કરે છે. જવાબદારી લેવાના ગુણનો વિકાસ થાય છે. જો નિયમિત રીતે રમતગમતની પ્રેક્ટિસ કરવામાં આવે તો વધુ સક્રિય અને સ્વસ્થ રહી શકાય છે. રમતગમતની પ્રવૃત્તિઓમાં ભાગ લેવાથી તથા તેનો નિયમિત અભ્યાસ કરવાથી નિરામયી સ્વાસ્થ બનવા લાભપ્રદ બને છે. રમતગમત એ આપણા જીવનનો એક મહત્વપૂર્ણ ભાગ હોવા ઉપરાંત શારીરિક અને માનસિક વિકાસનો સ્રોત છે. શરીરમાં લોહીના પરિભ્રમણમાં મદદરૂપ થાય તો બીજી તરફ તે આપણા મગજના વિકાસમાં પણ ખૂબ જ ફાયદાકારક બને છે. રમતગમતને કસરતનું શ્રેષ્ઠ માધ્યમ માનવામાં આવે છે. રમતગમત આપણા શરીરને ઉત્સાહી, ગતિશીલ અને ઉર્જાવાન બનાવવામાં મદદરૂપ થાય છે.સફળ વ્યક્તિ માટે માનસિક અને શારીરિક બંને રીતે સ્વસ્થ હોવું જોઈએ, શાળામાં શિક્ષણના માધ્યમથી માનસિક વિકાસ શરૂ થાય છે, પરંતુ શારીરિક વિકાસ માટે કસરત અને રમત-ગમત આવશ્યક છે,




૭માં ખેલકુદ રમતોત્સવને પ્રારંભ કરાવતા કૃષિ. યુનિ.નાં કુલપતિ પ્રો.(ડો.) વિઠ્ઠલભાઈ ચોવટીયાએ પ્રાસંગિક વાત કરતા જણાવ્યુ હતુ કે રમત એક એવી વસ્તુ છે કે જે બાળક ને હસતા મોઢે હારતા પણ શીખવે છે. જિંદગીનો પણ એવો જ નિયમ હોય છે કે જીત હોય ને ક્યારેક હાર પણ હોય છે !! હાર ને જો પચાવતા આવડી જાય ને તો એ બાળક પોતાની જિંદગીમાં કોઈપણ ખૂણે પાછો નથી પડતો હોતો

કાર્યક્રમનાં પ્રારંભે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં સોશ્યોલોજી વિભાગનાં વડા અને રમત-ગમત સેલનાં ઈન્ચાર્જ પ્રો.(ડો.) જયસિંહ ઝાલાએ મહાનુભાવોને આવકારી ૭માં ખેલકુદ મહોત્સવની જાણકારી આપી ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ. દ્વારા ઝોન કક્ષા, નેશનલ કક્ષાએ યુનિ.નાં છાત્રોની સિધ્ધીની વિગતો રજુ કરી જણાવ્યુ હતુ કે હંમેશા સફળ ન થાય તેમ છતાં, રમત-ગમતમાં ભાગ લેનારાઓએ સારી ખેલદિલી, તથા પ્રતિસ્પર્ધકો અને અધિકારીઓ સાથે આદરપૂર્ણ વ્યવહારનાં ધોરણો પ્રદર્શિત કરવાની, અને રમત-ગમત હારે ત્યારે વિજેતાને અભિનંદન આપે તેવી ખેલદિલીમાં એવી આકાંક્ષા કે નીતીમત્તા વ્યકત કરાય છે, તમે જીતો કે હારો તે નહીં પરંતુ તમે કેવી રમત-ગમત રમો છો તે મહત્વનું છે,' 'સૌથી મહત્વની વસ્તુ. જીતવું તે નહીં પરંતુ ભાગ લેવું તે છે' અને આ લાગણીની ખાસ પ્રકારની અભિવ્યકિત છે.ઉદઘાટન છત્રનાં સમાપન વેળાએ સી.એલ. કોલેજનાં વ્યાયમ પ્રાધ્યાપક ડો. પ્રફુલ રાઠોડે આભાર દર્શન કાર્યક્રમનું સંચાલન ડો. લીલીત બારીયાએકર્યુ હતુ. ખેલકુદ રમતોત્સવને સફળ બનાવવા યુનિ.નાં રમત ગમત કન્સલ્ટન્ટ સલીમભાઈ સીડા અને વ્યાયમ શિક્ષકોએ નિર્ણાયક-રેફરીની જવાબદારી નિભાવી જહેમત ઉઠાવી હતી.

# અખિલ ભારતીય કાઠી ક્ષત્રિય સમાજ જૂનાગઢ જીલ્લાના પ્રમુખ તરીકે ડો.જીતુભાઈ ખુમાણની વરણી

જૂનાગઢ, તા.૩૦

તાજેતરમાં અખિલ ભારતીય કાઠી ક્ષત્રિય સમાજના સંગઠનની જૂનાગઢ જિલ્લાની રચના કરવામાં આવી છે જેમાં જૂનાગઢના અગ્રણી અને કેળવણી કાર અને શિક્ષણ વિદ્ ડો. જીતુભાઈ ખુમાણની નિમણૂંક કરવામાં આવી છે. ઉપપ્રમુખ પદે રઘુભાઈ ડાંગરની નિમણૂક કરવામાં આવી છે તેમજ મહામંત્રી તરીકે જૂનાગઢ જિલ્લા પંચાયતના સદસ્ય કુમારભાઈ બસિયા નિમણૂંક કરવામાં આવી છે તેમજ મંત્રી તરીકે કિશોરભાઈ ધાંધલની નિમણૂંક કરવામાં આવી છે. આવનારા સમયમાં ક્ષત્રિયોનો જે ધર્મ રહ્યો છે કે રાષ્ટ્રનું રક્ષણ કરવું સમાજનું રક્ષણ કરવું ગાયોનું રક્ષણ કરવું બહેન દીકરીઓનું રક્ષણ કરવું આ કાર્ય




આવનારા સમયમાં બધા જ સમાજને અને બધા લોકોને સાથે રાખીને રચનાત્મક કાર્યો કરવામાં આવશે. ડો. જીતુભાઈ ખુમાણે જણાવ્યું હતું કે, ખાસ કરીને સમાજમાં શિક્ષણનું પ્રમાણ વધે સમાજના ભાઈઓ અને બહેનો વધુમાં વધુ શિક્ષણ મેળવે અને સાથોસાથ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીઓ કરી અને સરકારી નોકરીઓ મેળવે તેમજ વિવિધ ક્ષેત્રોમાં ઉદ્યોગ બિઝનેસમાં આગળ વધે અને આર્થિક રીતે પગભર બને તે માટેના કાર્યક્રમો સેમિનારો યોજવામાં આવશે તેમજ અનેક પ્રકારની સેવાકીય પ્રવૃત્તિઓ સાથે કરવામાં આવશે તેમજ સમાજનું સંગઠન વધુમાં વધુ મજબૂત બને અને સમાજમાં એકતા સ્થાપી શકાય તે માટેના પ્રયાસો કરવામાં આવશે તેમજ ખાસ કરીને સમાજના જે શિક્ષિત યુવાનો છે તેમને દિશા આપી યોગ્ય માર્ગદર્શન આપી અને વિવિધ ક્ષેત્રમાં આગળ વધી શકે તે માટેના પ્રયાસો હાથ ધરવામાં આવશે આ નિમણૂંકને અખિલ ભારતીય કાઠી ક્ષત્રિય સમાજના રાષ્ટ્રીય પ્રમુખ મુન્નાભાઈ વિછીયા ઉપપ્રમુખ ગુજરીયા દરબાર પૃથ્વીરાજભાઈ ખુમાણ તેમજ અખિલ ભારતીય કાઠી ક્ષત્રિય સમાજના ગુજરાત રાજ્યના પ્રમુખ પ્રદીપભાઈ ખાચરે શુભેચ્છાઓ પાઠવી હતી.

# વેરાવળ એસ.ટી. ડેપો દ્વારા વિદ્યાર્થીઓ માટે સેમિનાર યોજાયો

## સરળતાથી વિદ્યાર્થી બસ પાસ નીકળી શકે તે અંગે ઝીણવટભર્યુ માર્ગદર્શન અપાયું

વેરાવળ, તા.૩૦

વેરાવળ એસ.ટી. ડેપો દ્વારા વિદ્યાર્થીઓને બસ પાસની મુશ્કેલી ન પડે અને બસ પાસની કાર્યવાહી વધુ સરળ બને તે માટે કીડીવાવની સ્કૂલમાં સેમિનાર યોજાયો હતો. જેમાં વિદ્યાર્થીઓને સરળતાથી બસ પાસ નીકળી જાય તે અંગે માહિતી આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓને બસ સ્ટેન્ડ સુધી આવવું ન પડે તે માટે સ્કૂલમાંથી સહી-સિક્કા સાથે પાસ મોકલવા અને ઓનલાઈન ફોર્મ ભરી આપવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વેરાવળ એસ.ટી. ડેપોના મેનેજર દિલીપ શામળાએ જણાવ્યું હતું કે, "શ્રી વિનોબા વિદ્યામંદિર" સીમાર કીડીવાવ ખાતે વેરાવળ એસ.ટી. ડેપોના કાર્યક્ષેત્રના વધારેમાં વધારે



વિદ્યાર્થીઓ પાસ વડે મુસાફરી કરે છે. જેથી અહીં વિદ્યાર્થી પાસ, ફ્રી વિદ્યાર્થિની પાસ કઢાવવા અંગે તેમજ ઓનલાઇન પોર્ટલમાં એન્ટ્રી કરવા અંગે એક સેમિનાર યોજાયો હતો. જેમાં સ્કૂલ સંચાલકો અને વિદ્યાર્થીઓને પાસ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વધુમાં સ્કૂલ સંચાલકો દ્વારા ઓનલાઇન ફોર્મ ભરી સ્કૂલના સહી-સિક્કા કરી એકસાથે મોકલી આપવા આયોજન કરવામાં આવ્યું હતું. જેથી વિદ્યાર્થીઓને પાસ કઢાવવામાં કોઈ અગવડતા ન ભોગવવી પડે અને બસ સ્ટેન્ડ સુધી આવવું ન પડે અને સહેલાઈથી પાસ મળી રહે તે મુજબના આયોજન વિશે વિગતવાર માહિતી આપવામાં આવી હતી.

# ગીર સોમનાથ જીલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારના ૧,૩૪,૫૩૩ બાળકોને પોલિયોથી સુરક્ષિત કરાશે

## તા.૮/૧૨/૨૦૨૪ને રવિવારના દિવસે ૦ થી ૫ વર્ષના તમામ બાળકોને પોલીયોની રસીના બે ટીપા પીવડાવાશે




વેરાવળ, તા.૩૦

ગીર સોમનાથ જિલ્લાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી અરૂણ રોયના અધ્યક્ષતામાં એસ.એન.આઈ.ડી. વર્કશોપ યોજાયો હતો. જેમાં ગીર સોમનાથ જિલ્લામાં શહેરી અને ગ્રામ્ય વિસ્તાર મળી કુલ ૧,૩૪,૫૩૩ બાળકોને પોલિયોના ટીપાથી સુરક્ષિત કરવા અંગે તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ વર્કશોપમાં 'બે ટીપા દરેકવાર, બાળકની લઈએ દરકાર'ના સૂત્રને અનુસરી જિલ્લાના તમામ તાલુકા હેલ્થ ઓફિસર તેમજ મેડિકલ હેલ્થ ઓફિસરને આગામી પોલિયોના રાઉન્ડમાં એકપણ બાળક પોલિયોની રસીથી વંચિત ન રહી જાય તે માટેનું ઝીણવટભર્યું આયોજન કરવા અંગે સૂચનાઓ આપવામાં આવી હતી. આગામી તા.૮/૧૨/૨૦૨૪ને રવિવારના રોજ પોલિયો દિવસ અંતર્ગત ૦ થી ૫ વર્ષ સુધીના તમામ બાળકોને પોલિયોની રસીના બે ટીપાં અવશ્ય પીવડાવવામાં આવે તેમજ બાળકને દર વખતે પોલિયોના ટીપા પીવડાવી ભારતને પોલિયો મુક્ત બનાવી રાખવામાં અવશ્ય યોગદાન આપે તેમ વહીવટી તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે. નોંધનીય છે કે, ગીર સોમનાથ જિલ્લામાં વેરાવળ, સૂત્રાપાડા, તાલાલા, કોડીનાર, ઉના અને ગીરગઢડા સહિત તમામ તાલુકાઓમાં શહેરી અને ગ્રામ્ય વિસ્તાર મળી કુલ ૧,૩૪,૫૩૩ બાળકોને પોલિયોના ટીપાથી સુરક્ષિત કરવામાં આવશે.

# વિસાવદર બાર એસોસિએશનના પૂર્વ પ્રમુખ નયનભાઈ જોશીના પિતાનું અવસાન

(વિનુ પુરોહતી દ્વારા)

વિસાવદર, તા.૩૦

બાર એસોસિએશનના પૂર્વ પ્રમુખ અને જાણીતા ધારાશાસ્ત્રી નયનભાઈ જોશીના પિતાશ્રી-જૂની પેઢીના પીટીશન રાઈટર રવિભાઈ જોશીનુ અવસાન થયેલ છે. વિસાવદર નિવાસી સાઠોદરા નાગર બ્રાહ્મણ રવિરાય કનકરાય જોશી (ઉ.વ. ૮૧)નું ગઈકાલે તા. ૨૬-૧૧-૨૦૨૪ મંગળવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે, સદગતની સ્મશાન યાત્રા તા. ૨૭-૧૧-૨૦૨૪ને બુધવારનાં રોજ સવારે ૯:૦૦ કલાકે નિવાસ સ્થાન રામજી મંદિર વાળી શેરી, જીવાપરા, વિસાવદરથી નિકળી હતી. જેમાં સગા-સંબંધીઓ-જ્ઞાતિજનો તથા વિવિધ ક્ષેત્રના લોકો જોડાયા હતા અને શોકાંજલી અર્પી હતી. સ્વર્ગસ્થ રવિભાઈ તે રીટાબેન એસ.વ્યાસ, જયોતિષાચાર્ય મનોજભાઈ શાસ્ત્રી, નયનભાઈ જોશી (એડવોકેટ, વિસાવદર) તેમજ દેવાંગભાઈ જોશી (એડીશનલ સિનિયર જજ-અમદાવાદ)ના પિતાશ્રી તથા સમીરભાઈ વ્યાસ (ડિસ્ટ્રીક્ટ જજ, ખંભાળીયા)ના સસરાના નિધનથી શોકની લાગણી વ્યાપી છે. સ્વર્ગસ્થ રવિભાઈ જોષીનું બેસણુ આજ તા.૩૦-૧૧-૨૦૨૪ શનિવારના રોજ બ્રહ્મ સમાજની વાડી, કાબરા દરવાજા પાસે, વિસાવદર ખાતે સાંજે ૪થી ૬ રાખેલ છે. શ્રી નયનભાઈ જોશી (મો.૯૪૨૬૪ ૪૨૪૧૩).

# ટોરેન્ટ ગ્રુપના યુ.એન.એફ. ફાઉન્ડેશન આયોજિત અભિવ્યક્તિની છઠ્ઠી આવૃત્તિમાં દર્શકો માટે આકર્ષણ જમાવતી રસપ્રદ પ્રસ્તુતિઓ

## હિંદુસ્તાની શાસ્ત્રીય બાંસુરીની પ્રસ્તૃતિએ દર્શકોને મંત્રમુગ્ધ કરતો અદભૂત અનુભવ કરાવ્યો

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૩૦

ટોરેન્ટ ગ્રૂપના મહેતા પરિવાર પ્રેરિત યુ.એન.એમ. ફાઉન્ડેશનની પહેલ એવા અભિવ્યક્તિ- ધ સિટી આર્ટસ પ્રોજેકટની છઠ્ઠી આવૃત્તિમાં શુક્રવારે નૃત્ય, સંગીત, નાટ્ય સહિત વિવિધ કલા શૈલીઓ અને દ્રશ્ય કલા સ્થાપનોની વિચાર પ્રેરક પ્રસ્તુતિઓએ દર્શકોના વિશાળ વર્ગમાં આકર્ષણ જમાવ્યું હતું.

નૃત્ય, સંગીત અને રંગમંચના ક્ષેત્રમાં સપ્તાહના પ્રારંભમાં જે પ્રસ્તૃતિઓ રજુ કરવામાં આવી હતી તેનું ફરી વિવિધ વય જૂથના કલા પ્રેમીઓ સમક્ષ રજુઆત કરવામાં આવી. આ પ્રત્યેક પ્રસ્તૃતિઓએ દર્શકોમાં ભારે ઉત્સાહ અને ઉર્જા ભરી હતી. વિવિધ શ્રેણીના કલાકારોએ પોતાની શાનદાર પ્રસ્તૃતિ થકી અમદાવાદની કલાપ્રેમી લોકોની પ્રશંસા પ્રાપ્ત કરી. શુક્રવારની સાંજે ભારતીય શાસ્ત્રીય સંગીતકાર મેહુલ પ્રજાપતિએ ગુજરાત યુનિવર્સિટીના પ્લેટફોર્મ સ્ટેજ પર પોતાની વાંસળી વાદન પ્રસ્તૃતિનું પ્રીમિયર કર્યું હતું. આ પ્રસ્તૃતિએ દર્શકોનું ધ્યાન ખેચવાની સાથે દર્શકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

હિન્દુસ્તાની શાસ્ત્રીય બાંસુરી વાદક મેહુલ પ્રજાપતિએ સંગીતયાત્રા (સ્વર)ને મંચ ઉપર પ્રસ્તૃત કરી, જેમાં સદીઓથી ચાલ્યા આવતા સંગીતના વિકાસની એક આકર્ષક યાત્રાને રજુ કરવામાં આવી. દરેક યુગનું



પ્રતિનિધિત્વ કરતા સ્વરો, ભાવભૂર્ણ રચનાઓ અને વિવિધ વાદ્યોની કાળજીપૂર્વકની પસંદગી દ્વારા મેહુલ પ્રજાપતિએ દર્શકોને દરેક યુગની સફર કરાવી. આ પ્રસ્તૃતિએ ભારતીય શાસ્ત્રીય સંગીના સમૃદ્ધ તાણા-વાણાને રજુ કરે છે, જેમાં સમયની સાથે તેની વિવિધતા અને વિકાસ ઉપર પ્રકાશ પાડવામાં આવ્યો. પોતાના કુશળ વાંસળી વાદન અને સંગીતના તત્વોની વ્યવહારીક પસંગીના માધ્યમથી મેહુલ પ્રજાપતિ સંગીત પ્રેમીઓને અનોખો અને જ્ઞાનવર્ધક અનુભવ પ્રદાન કર્યો હતો.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# ગેરકાયદે ધાર્મિક સ્થળો

સુપ્રીમ કોર્ટે બુલડોઝર કાર્યવાહી પર દિશાનિર્દેશ જારી કરવાની વાત કરતાં જે કહ્યું કે મંદિર હોય કે દરગાહ, તેનું નિર્માણ સડક પર ન કરી શકાય, તે સારું જ કર્યું. મુશ્કેલી એ છે કે સડકોની સાથે રેલવે ટ્રેક અને અન્ય જાહેર સ્થળો પર પણ ગેરકાયદેસર રીતે ધાર્મિક સ્થળો બનાવી દેવામાં આવે છે. એ કોઈથી છૂપું નથી કે કઈ રીતે સરકારી કે ખાનગી જમીન પર કબ્જો કરવા માટે ધાર્મિક સ્થળોનું ગેરકાયદે નિર્માણ કરવામાં આવે છે. હવે તો તેની ઝપટમાં જંગલોની જમીન પણ આવી રહી છે. જોકે આસ્થાના નામ પર આવાં ગેરકાયદે ધાર્મિક સ્થળોને દૂર કરવામાં તંત્ર આંખ આડા કાન કરે છે, તેથી તેનું નિર્માણ બેરોકટોક થતું રહે છે. તથ્ય એ પણ છે કે સુપ્રીમ કોર્ટે બહુ પહેલાં જ એ આદેશ આપ્યો હતો કે પરિવહનમાં અડચણ બનનારાં ધાર્મિક સ્થળોને હટાવવામાં આવે, પરંતુ તેના પર અમલ હજુ સુધી નથી કરી શકાયો. યોગ્ય એ રહેશે કે સુપ્રીમ કોર્ટ એ જુએ કે આવું કેમ થાય છે? ગેરકાયદે અથવા તો દબાણ કરીને બનાવી દેવાયેલી ઈમારતો વિરુદ્ધ સખ્તાઈ દેખાડવી જ જોઈએ. એનાથી જ દબાણ અને ગેરકાયદે નિર્માણની રાષ્ટ્રવ્યાપી સમસ્યાનું સમાધાન કરી શકાશે. આ સમસ્યા માટે માત્ર ગેરકાયદે નિર્માણ કે દબાણ કરનારા જ દોષી નથી, તેના માટે સરકારી વિભાગ પણ દોષી છે, જે નિયમ વિરુદ્ધ થતા નિર્માણ સામે આંખ આડા કાન કરે છે. એવી કોઈ વ્યવસ્થા બનવી જ જોઈએ, જેનાથી દેશમાં ગેરકાયદે નિર્માણ અટકે-તે ચાહે ધાર્મિક સ્થળો રૂપે હોય કે પછી અન્ય કોઈ પ્રકારના નિર્માણ રૂપે.

છેલ્લા કેટલાક સમયથી બુલડોઝર કાર્યવાહી પર પણ એટલા માટે જ સવાલ ઊઠી રહ્યા છે, કારણ કે કેટલાય રાજ્યોમાં સંગીન અપરાધોમાં સંડોવાયેલા આરોપીઓના ઘરો, દુકાનો વગેરે પર બુલડોઝર ચલાવવામાં આવ્યા. એના પર સંબંધિત સરકારો અને તેમના પોલીસ-પ્રશાસન તરફથી એ દલીલ આપવામાં આવે છે કે આ પ્રકારની કાર્યવાહી કોઈ વ્યક્તિના અપરાધમાં લિપ્ત હોવાને કારણે નહીં, પરંતુ એટલા માટે કરવામાં આવે છે કે તેનું ઘર કે વ્યાવસાયિક સ્થળ કોઈ નક્શા વિના અથવા દબાણ કરીને બનાવવામાં આવ્યું હોય છે. આ દલીલ નિરાધાર નથી, પરંતુ ખરું એ છે કે આપણા દેશમાં મોટી સંખ્યામાં ઘર અને અન્ય ઈમારતો સ્થાનિક નિગમો તરફથી સ્વીકૃત નક્શા વિના બનાવવામાં આવે છે. એ પણ એક સચ્ચાઈ છે કે જે વિસ્તારમાં કોઈ શંકાસ્પદ અપરાધી કે આરોપીનું ઘર અથવા વ્યવસાયિક મકાન ગેરકાયદે રીતે બન્યું હોય છે, ત્યાં અન્ય લોકોનાં પણ એવી જ રીતે બનેલાં હોય છે, પરંતુ તે બુલડોઝર કાર્યવાહીથી બચી રહે છે. એ જ કારણે ગેરકાયદે નિર્માણ વિરુદ્ધ બુલડોઝર કાર્યવાહીને ન્યાયના મૂળ સિદ્ધાંતો વિરુદ્ધ કહેવામાં આવે છે. બુલડોઝર કાર્યવાહી દ્વારા જ્યારે કોઈ આરોપીનું ઘર તોડી પાડવામાં આવે છે ત્યારે તેનાં પરિજનો પણ સડક પર આવી જાય છે. એ પણ ન્યાયસંગત નથી જણાતું. આશા છે કે સુપ્રીમ કોર્ટ એ પાસા પર પણ નજર નાખશે અને ગેરકાયદે નિર્માણ અને દબાણને પણ સહન નહીં કરે.

## ધરમપુર સ્થિત મંદિરે મંગળવારે ધાર્મિક કાર્યક્રમો

(પ્રતિનિધિ દ્વારા) જામ ખંભાળિયા તા.૩૦

ખંભાળિયા નજીક આવેલા ધરમપુર વિસ્તારમાં વર્ષો જૂના પ્રાચીન એવા શ્રી આવળ માતાજીના મંદિર ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ આગામી મંગળવાર તા.૩ ના રોજ વિવિધ ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. માતાજી આઈ બેલી આવળ માતાજીના આ મંદિરમાં મંગળવારે સવારે હવન-હોમ, મહાપ્રસાદ દાંડીયારાસ તેમજ રાત્રે ભજન-સંતવાણી અને ડાયરાનું પણ સુંદર આયોજન કરવામાં આવ્યું છે. જેમાં જાણીતા કલાકારો સંતવાણી અને ભજન ધૂનની રમઝટ બોલાવશે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

મોટાભાગના મનુષ્ય પોતાના અત્મશક્તિને ઓળખતા નથી...

- અથર્વવેદ

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૧, શા. શાકે. ૧૯૪૬, પા.તીર-૧૩૯૪, મુ. જમાદુલ અવ્વલ-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૧, કચ્છી સં. ૨૦૮૧, કારતક વદ-૧૪ દર્શ અમાસ તા.૩૦ નવેમ્બર ૨૦૨૪, શનિવાર, પારસી તા.૧૮, મુસ્લિમ તા.૨૭, વિશાખા નક્ષત્ર, અતિગંડ યોગ, ચતુષ્પાદ કરણ, સૂ.ઉ.૭:૧૬, સૂ.અ.૬:૦૪

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી વૃશ્ચિક (ન ય) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: પ્રિયજનથી મિલન-મુલાકાત સફળ બને. કાર્યસફળતા માટે વિશેષ પુરૂષાર્થ કરવો પડે.
વૃષભ:ધંધાના નવા આયોજનમાં સફળતા મળે. મનની મુરાદ પૂરી થાય.
મિથુન:જીવનસાથીના આરોગ્ય અંગે ચિંતા સતાવે. માનસિક ઉચાટમાં વધારો થાય.
કર્ક: આકસ્મિક પ્રવાસ-મુસાફરીના યોગ છે. અગત્યના કાર્યોમાં પ્રગતિ થાય.
સિંહ: આકસ્મિક આફત આવી પડે. સ્વમાન ભંગ થયાનો અનુભવ થાય.
કન્યા: આર્થિક સમસ્યા તંગ બને. વ્યર્થ વાદ-વિવાદના ભોગ બનવું પડે.
તુલા: ઉત્સાહભર્યો દિવસ વ્યતિત થાય. આર્થિક બાબતોને લગતા કાર્યમાં સફળતા મળે.
વૃશ્ચિક:મહત્વના કાર્યોમાં સફળતા મળે. નવિન શુભ સમાચાર મળે.
ધન: આવક-જાવક સરભર રહે. જોખમપૂર્ણ કાર્યથી દૂર રહેવું.
મકર: કૌટુંબિક મતભેદો ઊભા થાય. ખર્ચનું પ્રામણ વધતું જણાય.
કુંભ: આર્થિક લાભ ઉઠાવી શકશો. અગત્યના કાર્યમાં સફળતા મળે.
મીન: આર્થિક સમસ્યા હળવી બને. મન પ્રફુલિત રહે.

# ખંભાળિયામાં જિલ્લાની ડીસ્ટ્રીક્ટ ક્રાઈસીસ ગ્રુપની બેઠક યોજાઈ




(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૩૦

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આવેલા વિવિધ ઔદ્યોગિક 'મેજર એક્સીડેન્ટલ હાઝાર્ડ' યુનિટ્સને ધ્યાને લઈ, તેમાં સલામતી સુનિશ્ચિત કરવા માટે ડીસ્ટ્રીક્ટ ક્રાઈસીસ ગ્રુપની રચના કરવામાં આવી છે. જેની બેઠક નિવાસી અધિક કલેક્ટર ભુપેશ જોટાણિયાની અધ્યક્ષતામાં ખંભાળિયાની કલેકટર કચેરી ખાતે યોજાઈ હતી. આ બેઠકમાં સભ્યોને જિલ્લામાં આવેલા યુનિટ્સ, તેમાં વપરાતાં રસાયણો, તેમાં સંભવિત અકસ્માત સમયે ઉપયોગી સાધનોની કંપની ખાતે ઉપલબ્ધતા, મોક ડ્રીલ આયોજનો, સેફ્ટી ઓડિટ વગેરેથી માહિતગાર કરીને આપત્તિ વ્યવસ્થાપન અંગેની સ્થિતિનો ચિતાર આપવામાં આવ્યો હતો. રાસાયણિક અકસ્માતોના નિવારણ માટે કુરંગા, વાડીનાર, મીઠાપુર અને ભોગાત ખાતે આવેલી વિવિધ કંપનીઓના પ્રતિનિધિઓને જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન તંત્ર સાથે જરૂરી સંકલન સાધવા તેમજ કંપનીના આંતરિક સલામતી તપાસના રીપોર્ટ અનુસાર જરૂરી વ્યવસ્થા કરીને સલામતી સુનિશ્ચિત કરવા જણાવવામાં આવ્યું હતું. હાનિકારક રસાયણોના યુનિટમાં કે પરિવહન દરમ્યાન લિકેજ કે આગની ઘટના સમયે ધ્યાનમાં રાખવાની બાબતો અંગે ચર્ચા કરવામાં આવી હતી. વધુમાં સબ ડિવિઝન કક્ષાએ લોકલ ક્રાઈસીસ ગ્રુપની રચના કરીને નિયત સમયગાળામાં મિટિંગો યોજવા માટે સુચના આપવામાં આવી હતી. આ બેઠકમાં જાહેર સલામતી અને આપત્તિ વ્યવસ્થાપનને લગત વિભાગોના અધિકારીઓ તેમજ કંપનીઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મ જયંતિ નિમિત્તે

# આદિવાસી જન ઉત્કર્ષ મહોત્સવ-૨૦૨૪'નો વલસાડ ખાતેથી પ્રારંભ

### આગામી તા. ૧૧ ડિસેમ્બર, ૨૦૨૪ સુધી છોટાઉદેપુર, મહીસાગર અને બનાસકાંઠામાં બે દિવસીય મહોત્સવ યોજાશે

અમદાવાદ,તા.૩૦

કેન્દ્ર સરકાર દ્વારા તા. ૧૫ નવેમ્બરને ભગવાન બિરસા મુંડા જન્મ જયંતિ નિમિત્તે 'જનજાતિય ગૌરવ દિવસ' તરીકે દેશભરમાં ઉજવવામાં આવે છે. તેમની આ વર્ષે ૧૫૦મી જન્મ જયંતિની ઉજવણીના ભાગરૂપે ગુજરાતમાં 'આદિવાસી જન ઉત્કર્ષ મહોત્સવ ૨૦૨૪'નો વલસાડ ખાતેથી તા. ૨૮ નવેમ્બરે પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ મહોત્સવનો સમાપન સમારોહ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં તા. ૧૧ ડિસેમ્બર ૨૦૨૪એ અંબાજી ખાતે યોજાશે. આ મહોત્સવ અંતર્ગત રાજયના ૧૮ જિલ્લાઓને સાંકળી લેવાશે.

જેમાં પ્રથમ તબક્કામાં તા. ૨૮ અને ૨૯ નવેમ્બરે વલસાડના ઉમરગામ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં વલસાડ, નવસારી, ડાંગ અને સુરત જિલ્લાનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આગામી તા. ૦૨-૦૩ ડિસેમ્બરે છોટાઉદેપુર ખાતે મુખ્ય કાર્યક્રમ યોજાશે જેમાં છોટાઉદેપુર, ભરૂચ, તાપી, નર્મદા અને વડોદરા જિલ્લાનો સમાવેશ કરાયો છે. જ્યારે તા. ૦૬-૦૭ ડિસેમ્બરે મહીસાગરના સંતરામપુર ખાતે મુખ્ય કાર્યક્રમ યોજાશે જેમાં મહિસાગર, દાહોદ, પંચમહાલ, ખેડા અને આણંદ જિલ્લાનો સમાવેશ કરાયો છે. આ ઉપરાંત તા. ૧૦-૧૧ ડિસેમ્બરે બનાસકાંઠાના અંબાજી ખાતે મુખ્ય કાર્યક્રમ યોજાશે જેમાં બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી અને પાટણ જિલ્લાનો સમાવેશ કરવામાં આવ્યો છે.

બે દિવસીય મહોત્સવના પ્રથમ દિવસના ઉદઘાટન સત્રમાં ભગવાન બિરસા મુંડા અને આદિવાસી દેવી દેવતાઓનું પુજન તથા આદિવાસી લોકનૃત્યની પ્રસ્તુતી કરવામાં આવશે. જેમાં બપોર બાદ આદિવાસી ઉત્કર્ષને લગતા વિવિધ વિષયો જેવા કે, સ્કીલ ટ્રેનીંગ ફોર ટ્રાઈબલ યુથ, ઈનોવેશન ઈન આર્ટ, ખેતી, પશુપાલન, ઓર્ગેનિક ખેતી, ડેરી ટેકનોલોજી તથા મહિલા સશક્તિકરણ અંગે સેમિનાર યોજાશે.

આ ઉપરાંત પ્રથમ દિવસે પ્રસિદ્ધ આદિવાસી લોક ગાયકો, સંગીતકારો દ્વારા તેમની કલાની પ્રસ્તુતિ, આદિવાસી મહિલા, ખેલ જગત, કૃષિ તથા શિક્ષણ ક્ષેત્રે ખ્યાતિ મેળવનાર નાગરિકોનું સન્માન, રચનાત્મક કાર્ય કરનાર આદિવાસી સંસ્થાઓ અને દ્વર્ઈ દ્વારા આદિવાસી ક્ષેત્રમાં સામાજિક દાયિત્વ માટેના પ્રકલ્પોની માહિતી આપવામાં આવશે.

બે દિવસીય મહોત્સવના બીજા દિવસે મહિલા અના બાળ સ્વાસ્થ્ય ચકાસણી તથા સંભાળ, આર્ટ કલ્ચર, રમત ગમત કૌશલ્ય, રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારની આદિવાસીઓ માટેની વિશિષ્ટ યોજના અંગે સંવાદ અને સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટેનું માર્ગદર્શન જેવા વિવિધ વિષયો પર સેમીનાર યોજાશે.

### આત્મહત્યા કરતા પહેલા મૃતકે એક વીડિયો બનાવ્યો છે

# લોનની લાલચમાં લાખો રૂપિયા ગુમાવતા ગળાફાંસો ખાઈ આપઘાત કર્યો

### આ સમગ્ર મામલે મૃતકના પત્ની હંસાબેને ચાર શખસો સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે

ભાવનગર,તા.૩૦

ભાવનગરના બોરડીગેટ વિસ્તારમાં રહેતા પ્રવીણ સાગઠિયાએ લોનની લાલચમાં લાખો રૂપિયા ગુમાવતા ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો. મૃતક કોન્ટ્રાક્ટર પ્રવીણે દોઢ કરોડ રૂપિયાની લોનની લાલચમાં ૪૦ લાખ રૂપિયા ગુમાવી દેતા અંતિમ પગલું ભર્યું હતું. આત્મહત્યા કરતા પહેલા મૃતકે એક વીડિયો બનાવ્યો છે, જેમાં તે અંતિમ પગલુ કેમ ભરી રહ્યો છે તેની માહિતી આપી છે.

મૃતક પ્રવીણ સાગઠિયાનો અંતિમ વીડિયો પણ સામે આવ્યો છે.

જેમાં તેમની સાથે છેતરપિંડી કરનારા શખસોના નામ અને કેવી રીતે પોતાને છેતરવામાં આવ્યા તેની સંપૂર્ણ માહિતી આપી છે.

મૃતકે વીડિયોમાં દોષિતો સામે કાર્યવાહી કરવાની પણ પોલીસને વિનંતી પણ કરી છે. આ સમગ્ર મામલે મૃતકના પત્ની હંસાબેને ચાર શખસો સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે. મૃતકના પત્નીએ નોંધાવેલી પોલીસ ફરિયાદ અનુસાર, જેની પાસેથી વ્યાજે રૂપિયા લીધા હતા. તે વ્યાજખોર ગૌતમ મેર પાસેથી ૪ લાખ રૂપિયા ૨૦ ટકામાં લીધા હતા.

આ ઉપરાંત દીપક પાસેથી ૫ લાખ રૂપિયા ૨૦ ટકા વ્યાજ પર લીધા હતા. તેના દ્વારા પણ વ્યાજની ઉઘરાણી કરીને હેરાનગતિ કરવામાં આવતા પ્રવીણે અંતિમ પગલું ભર્યું હતું. આ મામલે બી. ડિવિઝન પોલીસ દ્વારા સ્યુસાઈડ નોટ અને વીડિયોના આધારે આગળની તપાસ હાથ ધરાઈ છે.

## સુરતના ઉધના વિસ્તારમાં ૨ રાઉન્ડ ફાયરિંગને પગલે ચકચાર

સુરત,તા.૩૦

સુરતના ઉધના વિસ્તારમાં ફાયરિંગની ઘટનાને પગલે ચકચાર મચી ગઈ છે. ઉધનામાં બે રાઉન્ડ ફાયરિંગ થતા આતંકનો માહોલ છવાયો હતો. જેમાં એક ફાયનાન્સર પર બે રાઉન્ડ ફાયર કરવામાં આવ્યા હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. પ્રાથમિક તપાસમાં અંદાજીત બે લોકો બાઈક પર આવ્યા હતા અને ફાયરિંગ કર્યું હોવાની ચર્ચા છે.

જેમાં ઓફિસની બહાર કાચ પર બે રાઉન્ડ ફાયર કરવામાં આવ્યાહતા. જોકે આ બનાવમાં કોઈને ઈજા પહોંચી ન હતી. આ અંગે પોલીસને જાણ કરવામાં આવી હતી. જેને પગલે ઉધના પોલીસ ઘટનાસ્થલે દોડી આવી હતી અને તપાસ હાથ ધરી હતી. ફાયરિંગની ઘટનાને પગલે આ વિસ્તારમાં ભયનો માહોલ સર્જાયો હતો.

# ખંભાળિયામાં ચાલતી ભાગવત સપ્તાહમાં થતા વિવિધ સેવા કાર્યો




(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૩૦

ખંભાળિયાના બંગલા વાડી વિસ્તારમાં આવેલી ઔદિચ્ય ગોહિલ વાડી બ્રહ્મ સમાજની વાડી ખાતે ગત સોમવારથી શ્રીમદ ભાગવત સપ્તાહનો મંગલ પ્રારંભ થયો છે. અહીંના જાયન્ટસ ગ્રુપ સાથે હિન્દુસ્તાન સ્કાઉટ એન્ડ ગાઈડ તેમજ જિલ્લા હોમગાર્ડ આયોજિત આ ભાગવત સપ્તાહમાં મૂળ સોડસલાના વતની અને હાલ ડોમ્બિવલી રહેતા શાસ્ત્રીજી વિજયભાઈ ભટ્ટ તેમની સંગીતમય શૈલીમાં શ્રોતાઓને રસ તરબોળ કરાવી રહ્યા છે. આ ભાગવત સપ્તાહની સાથે અહીં સર્વરોગ નિદાન કેમ્પ, નેત્ર કેમ્પ, ડાયાબિટીસ અને બ્લેક પ્રેશર કેમ્પ, સહિતના જુદા જુદા સેવા કાર્યો પણ કરવામાં આવી રહ્યા છે. આ સાથે "બેટી બચાવો બેટી પઢાવો" જેવા પ્રોજેક્ટનું પણ આયોજન આવકારદાયક બની રહ્યું છે. આ ભાગવત સપ્તાહમાં ગુરુવારે ચોથા દિવસે પૂર્વ કેબિનેટ મંત્રી ધર્મેન્દ્રસિંહ (હકુભા) જાડેજા તેમજ દ્વારકાના નીલેશભાઈ માણેક વિગેરે આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. જેનું જાયન્ટસ ગ્રુપના પ્રમુખ હેલીબેન ખેતીયા દ્વારા તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. અહીંના સેવાભાવી દિલીપભાઈ વ્યાસ, બિનલબેન જોશી, રવિભાઈ દવે, ઈલાબેન વાઢેર વિગેરે દ્વારા આ આયોજન માટે જહેમત ઉઠાવવામાં આવી રહી છે.

### બે મહિલા સહિત ચારની ધરપકડ

# કચ્છમાં SOGએ હાઈવે પરથી રૂા.૧.૪૭ કરોડનું કોકેઈન ઝડપી પાડ્યું

### SOGએ ૧.૪૭ કરોડના કોકેઈનના મુદ્દામાલ સાથે બે મહિલા સહિત ચારની ધરપકડ કરીને સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી

કચ્છ,તા.૩૦

કચ્છમાં હાઈવે પર આવેલી હોટલ અને ઢાબા પર દેશી-વિદેશી દારૂથી લઈને ડ્રગ્સ સુધીનું વેચાણ થતું હોવાની SOG અને લાકડીયા પોલીસને જાણકારી મળી હતી. જેમાં પોલીસને લાકડીયા નજીકની એક હોટેલના માલિકની કોકેઈન કેસમાં સૂત્રધાર હોવાની શંકા હતી. જેને લઈને પોલીસે અન્ય રાજ્યમાંથી આવતા વાહનોનું હાઈવે પર ચેકિંગ હાથ ધર્યું હતું. જેમાં SOGએ ૧.૪૭ કરોડના કોકેઈનના મુદ્દામાલ સાથે બે મહિલા સહિત ચારની ધરપકડ કરીને સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી.

મળતી માહિતી મુજબ, કચ્છમાં હાઈવે પરના હોટલે અને ઢાબા પર દારુ અને ડ્રગ્સનું વેચાણ થતું હોવાની જાણ થતાં ગત ગુરુવારે SOG અને લાકડીયા પોલીસની ટીમ દ્વારા ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં ભારત હોટેલ પાસેની મઢી ત્રણ રસ્તે હરિયાણાના પાસિંગની ઈકો કાર સંકાસ્પદ જણાતા પોલીસે તપાસ કરી હતી. જેમાં કારના એર ફિલ્ટર નીચે છૂપાયેલું કોકેઈન ઝડપાયું હતું. સમગ્ર મામલે લાકડીયા પોલીસે ૧.૪૭ કરોડ રૂપિયાની કિંમતનું ૧૪૭.૬૭ ગ્રામ કોકેઈન જપ્ત કર્યુ હતું. જેમાં પોલીસે બે મહિલા સહિત ચાર શખસોની ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી. પોલીસે કાર ચલાવનાર હનિસિંઘ નામના શખસની પૂછપરછ કરતાં તેણે જણાવ્યું હતુ કે, સન્નીસિંઘ ઊર્ફે ગુલવંતસિંઘ હજુરાસિંઘ શીખે કાર આપી હતી અને તેની પત્ની સુમન ઊર્ફે જશપાલકૌરને સામખિયાળી મૂકવાનું કહ્યું હતું. સન્ની સામખિયાળી રહે છે અને લાકડીયા પાસેની આશિષ સિદ્ધુ સરદાર પંજાબી હોટેલ ભાડેથી ચલાવે છે. સુમન સામખિયાળી મૂકવા ગયો ત્યારે તેનો ભાઈ સંદિપસિંઘ અને ભાભી અર્શદીપકૌર સાથે હતા.

સન્ની કચ્છમાં ડ્રગ્સનું વેચાણ કરતો હોવાની પોલીસને શંકા હતી. જે હજુ સુધી ઝડપાયો નથી. ૨૦૨૧માં લાકડીયા પોલીસ સ્ટેશનમાં સન્ની અને હનિસિંઘ વિરુદ્ધમાં હત્યાનો ગુનો નોંધાયો હતો. જ્યારે માંડવીમાં આશિષ મહારાજ નામના શખસના હત્યાના કેસમાં હનિસિંઘને ઝડપી પાડવામાં આવ્યો.




લોકાયુક્ત જસ્ટિસ શ્રી આર. એચ. શુક્લ એ ૨૪ મો વાર્ષિક અહેવાલ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીને ને સુપ્રત કર્યો હતો.

## ગુજરાતમાં જન્મ-મરણની નોંધણી માટેની 'ઈ-ઓળખ એપ્લીકેશન' આગામી ૨૪ કલાક સુધી બંધ રહેશે

અમદાવાદ,તા.૩૦

ગુજરાતમાં જન્મ-મરણની નોંધણી 'ઈ-ઓળખ એપ્લીકેશન'ના માધ્યમથી કરવામાં આવે છે. હાલમાં ઈ-ઓળખ એપ્લીકેશન માટે રાખવામાં આવેલા સર્વરનો યુટિલાઈઝેશન રેટ વધી ગયો હોવાથી આ એપ્લીકેશન ધીમી થઇ ગઈ હોવાનું જણાયું હતું. આ સમસ્યાના નિવારણ લાવવા માટે આરોગ્ય વિભાગ દ્વારા 'ઈ-ઓળખ એપ્લીકેશન'ને વધુ ક્ષમતા ધરાવતા સર્વર ઉપર તબદીલ કરવામાં આવી રહ્યું છે. આ કામગીરીને ૨૪ કલાક જેટલો સમય લાગતો હોવાથી, આગામી ૨૪ કલાક દરમિયાન 'એ-ઓળખ એપ્લીકેશન' ઉપલબ્ધ રહેશે નહિ.




ગુજરાત વિધાનસભા ખાતે શ્રી અમૃતલાલ વિઠ્ઠલદાસ ઠક્કર-"ઠક્કરબાપા"ની ૧૫૫મી જન્મજયંતી નિમિત્તે પુષ્પાંજલિ અર્પણ કરાઈ

# લ્યો બોલો ! અમદાવાદમાં મળી હવે નકલી ડોલરની ફેક્ટરી; વિદેશી નકલી ચલણનું રેકેટ ઝડપાયું

## દેવામાંથી બહાર નીકળવા મૂળ ભારતીય ઓસ્ટ્રેલિયન નાગરિકે ડોલરની ઈમેજ ડાઉનલોડ કરી છાપવાનું શરૂ કયુ



અમદાવાદ, તા.૩૦

અમદાવાદમાં ડુપ્લિકેટ ભારતીય ચલણી નોટ બનાવવાના અનેક રેકેટ સામે આવતાં રહે અમદાવાદ શહેરમાં જ નહીં પરંતુ રાજ્યભરમાં પ્રથમવાર ડુપ્લિકેટ વિદેશની ચલણી નોટ બનાવવાના રેકેટનો પર્દાફાશ થયો છે. ઓસ્ટ્રેલિયન નાગરિકે દેવાંમાંથી નીકળવા અન્ય મિત્રની મદદ લઈ નકલી ફેકટરી ઊભી કરી. ગૂગલ ઉપરથી ઓસ્ટ્રેલિયન ૫૦ ડોલરની ઈમેજ ડાઉનલોડ કરી. ઈમેજ ડાઉનલોડ થઈ ગયા બાદ મશીનના સોફટવેર સાથે કનેક્ટ કરી નકલી ડોલર છાપવાનું શરૂ કર્યું. નોટનું પ્રોડક્શન થઈ ગયા બાદ બજારમાં ફરતી થાય એ પહેલાં જ SOGએ આરોપીઓને ફેક્ટરી સાથે ઝડપી પાડતાં ફર્જી ફેક્ટરીનો પર્દાફાશ થયો છે. વેજલપુર ખાતેના જલતરંગ બસ સ્ટેન્ડની પાસે આવેલી લાઈફસ્ટાઈલ હેર કટિંગની દુકાનમાં રોનક રાઠોડ નામનો યુવક હેર કટિંગ કરાવવા માટે આવ્યો હતો. હેર કટિંગ કરતા સમયે રાકેશ પરમારે તેની પાસે વધુ માત્રામાં ઓસ્ટ્રેલિયન ડોલર હોવાની દુકાનના માલિકને વાત કરી કહ્યું કે એક ઓસ્ટ્રેલિયન ડોલરની કિંમત ભારતીય ચલણ મુજબ ૫૫ રૂપિયા થાય છે, જો તમારે ઓસ્ટ્રેલિયન ડોલર લેવા હોય તો ભારતીય ચલણ મુજબ ૪૦ રૂપિયા આપવાના રહેશે. પોતાની પાસે હાલ ૬ હજાર ઓસ્ટ્રેલિયન ડોલર હોવાની વાત કરી હતી અને બીજા કાલે આવશે એવું પણ જણાવ્યુ હતું. રાકેશ પરમારના મનમાં ડોલર વેચી રૂપિયા કમાવવાની લાલચ જાગી હતી, પરંતુ રોનક પર શંકા પણ ગઈ હતી. રાકેશે તેના મિત્રને આ વાતની જાણ કરી હતી, જેથી તેણે SOGનો સંપર્ક કરવાનું કહ્યું હતું. રાકેશે તાત્કાલિક સમગ્ર હકીકત જણાવતાં SOGની ટીમે રોનક પાસે રહેલા ઓસ્ટ્રેલિયન ડોલરનો ભાંડો ફોડવાનો પ્લાન ઘડી નાખ્યો હતો. SOGની ટીમ તરત હેર સલૂનની દુકાન ઉપર પહોંચી ગઈ હતી અને વોચમાં હતી. ત્યારે રોનક ત્યાં આવી ચઢ્યો હતો અને SOGએ ઓસ્ટ્રેલિયન ડોલર સાથે રોનકને કોર્ડન કરી લીધો હતો. તેની અટકાયત કરીને વડી કચેરીએ લઈ જઈ આગવી સ્ટાઈલથી પૂછપરછ કરી હતી, જ્યાં તેણે કબૂલાત કરી હતી કે તેના મિત્ર ખુશ પટેલ પાસે એક લાખ ઓસ્ટ્રેલિયન ડોલર છે. ઓસ્ટ્રેલિયન ડોલર માર્કેટમાં વટાવવા માટે ખુશે રોનકને વાત કરી એક ડોલરદીઠ રોનકને ૩૫ રૂપિયા આપ્યા હતા. ખુશ પાસેથી મળેલા ડોલરને રોનક માર્કેટમાં ૪૦ રૂપિયામાં વેચવાનો હતો. રોનક પાસેથી SOGને ૫૦ ડોલરની ૧૧૯ ચલણી નોટ મળી આવી હતી. એ બાદ SOGએ ખુશ પટેલની પણ ધરપકડ કરી લીધી હતી અને તેની પૂછપરછ કરતાં તેણે કબૂલાત કરી હતી કે ગાંધીનગર ખાતે રહેતા અને ઓસ્ટ્રેલિયન નાગરિકત્વ ધરાવતા મૌલિક પટેલે ૫૦ ડોલરનું બંડલ આપ્યું હતું અને એને માર્કેટમાં વટાવવા માટેનું કહ્યું હતું. મૌલિક વટવા ખાતે આવેલા પ્લેટિનિયમ એસ્ટેટમાં શેડ ધરાવે છે, જે વાતની જાણ થતાં SOGની ટીમ ખુશ પટેલ અને રોનકને લઈને મૌલિકના ગોડાઉન ઉપર પહોંચી હતી, જ્યાં ધ્રુવ દેસાઈ નામનો યુવક પણ મળ્યો હતો. આ ગોડાઉન ધ્રુવ દેસાઈના નામે હતું અને મૌલિક તેની સાથે કામ કરતો હતો. ગોડાઉનમાં ચેંકિંગ કરતાં SOGના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી.ગોડાઉનમાં નકલી ઓસ્ટ્રેલિયન ડોલરનું પ્રોડેક્શન થઈ રહ્યું હતું. મૌલિક અને ધ્રુવ દેસાઈ અલગ અલગ સિરિયલ નંબરથી ઓસ્ટ્રેલિયન ડોલર છાપતા અને બાદમાં ખુશ અને રોનક જેવા યુવકોને બજારમાં વેચાણ માટે આપતા હતા. SOGએ ઓસ્ટ્રેલિયન ડોલરની બનાવટી નોટ છાપવામાં વપરાતી પ્લાસ્ટિકની સીટો, પ્રિન્ટર, ઈન્ક, પેનડ્રાઈવ સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ચારેય શખસે ઓસ્ટ્રેલિયન ડોલરને ક્યાં ક્યાં વટાવી એ મામલે તપાસનો ધમધમાટ પણ શરૂ કરાયો છે. મૌલિક પટેલ અને ધ્રુવ દેસાઈએ SOGને ચલણી નોટ કેવી રીતે છપાય છે એનો ડેમો પણ બતાવ્યો હતો. મૌલિક પટેલ ઓસ્ટ્રેલિયન નાગરિકત્વ ધરાવે છે અને તેને ધંધામાં નુકસાન થતાં તે દેવાદાર થઈ ગયો હતો. શોર્ટકટથી રૂપિયા કમાવવા માટે મૌલિક પટેલે બનાવટી ઓસ્ટ્રેલિયન ડોલર બનાવવાનો પ્લાન કર્યો હતો અને એને ભારતમાં વટાવવા માટેનું નક્કી કર્યું હતું. મૌલિકે તેના મિત્ર ધ્રુવ દેસાઈને વાત કરી હતી. ગત ઓક્ટોબર મહિનામાં તે ઓસ્ટ્રેલિયાથી અમદાવાદ આવ્યો ત્યારે બંને જણાએ નોટ છાપવા માટેનું મશીન ગાંધીનગરથી ખરીદ કર્યું હતું અને બાદમાં પોતાનો ગોરખધંધો શરૂ કર્યો હતો. મશીન ખરીદ કર્યા બાદ મૌલિક અને ધ્રુવ દેસાઈએ રોમટીરિયલ પણ ખરીદી લીધું હતું. મશીનના સોફ્ટવેર મુજબ મૌલિક પટેલે ગૂગલ ઉપરથી ઓસ્ટ્રેલિયન ૫૦ ડોલરની ઈમેજ ડાઉનલોડ કરી લીધી હતી. ઈમેજ ડાઉનલોડ થઈ ગયા બાદ એને મશીનના સોફ્ટવેર સાથે કનેક્ટ કરી પછી તેણે ડોલર છાપવાનું શરૂ કર્યુ હતું. નકલી ડોલરનું પ્રોડકશન થઈ ગયા બાદ એને બજારમાં વટાવવા માટે ખુશ પટેલને આપ્યા હતા.

# ટ્રેનમાં મુસાફરોને અપાતા ધાબળા મહિનામાં માત્ર એક વખત ધોવામાં આવે છે : મંત્રી અશ્વિની વૈષ્ણવ

નવી દિલ્હી તા.૩૦

રેલવે મંત્રીએ લોકસભામાં કહ્યું કે રેલવે મુસાફરોને આપવામાં આવતા ધાબળા મહિનામાં એકવાર ધોવામાં આવે છે. રજાઈ કવર તરીકે ઉપયોગ કરવા માટે બેડરોલ કીટમાં વધારાની શીટ આપવામાં આવે છે. રેલવે મંત્રી વૈષ્ણવે કોંગ્રેસ સાંસદ કુલદીપ ઈન્દોરાના સવાલના જવાબમાં કહ્યું હતું કે વર્તમાન વિશિષ્ટતાઓ અનુસાર, રેલેવમાં ઉપયોગમાં લેવામાં આવતા ધાબળા ઓછા વજનના, ધોવામાં સરળ હોય છે અને મુસાફરોને એકંદરે આરામદાયક મુસાફરીનો અનુભવ કરાવે છે.

વંદે ભારત એકસપ્રેસની સફળતા પછી રેલવેએ હવે હાઈ સ્પીડ ટ્રેન સેટની ડિઝાઈન અને ઉત્પાદન કરવાનું શરૂ કર્યું છે. રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે લોકસભામાં એક સવાલના લેખિત જવાબમાં કહ્યું હતું કે ઈન્ટિગ્રલ કોચ ફેક્ટરી (ICF), ચેન્નઈ BEML સાથે મળીને હાઈ-સ્પીડ ટ્રેન સેટને ડિઝાઈન અને મેન્યુફેક્ચર કરી રહી છે, જેની ડિઝાઈન સ્પીડ ૨૮૦ kmph હશે. ભાજપના સાંસદો સુધીર ગુપ્તા અને અનંત નાયક દ્વારા ઉઠાવવામાં આવેલા પ્રશ્નોના જવાબમાં તેમણે જણાવ્યું હતું કે, કોચ દીઠ ઉત્પાદન ખર્ચ આશરે ૨૮ કરોડ રૂપિયા (ટેક્સ સિવાય) છે, જે અન્ય ટ્રેન સેટની સરખામણીમાં અત્યંત પ્રતિસ્પર્ધી છે. વૈષ્ણવે કહ્યું કે છેલ્લા પાંચ વર્ષમાં (એપ્રિલ ૨૦૧૯થી માર્ચ ૨૦૨૪ સુધી) ટ્રેન અકસ્માતોને કારણે ૩૧૩ કરોડ રૂપિયાની રેલવે સંપત્તિને નુકસાન થયું છે. ઈ-ટિકિટ દ્વારા વીમો મેળવનારા પીડિતોની સંખ્યા અંગેના પ્રશ્નોના જવાબમાં વૈષ્ણવે જણાવ્યું હતું કે, ૧ નવેમ્બર, ૨૦૧૯થી ઓકટોબર ૩૧, ૨૦૨૪ના સમયગાળા દરમ્યાન વૈકલ્પિક મુસાફરી વીમા યોજના હેઠળ ૨૨ કલેમ કરવામાં આવ્યા છે જેમાંથી કોઈ પણ મોતનો ક્લેમ નોંધાયો નથી. રાજયસભાની બિઝનેસ એડવાઈઝરી કમિટીએ બંધારણ ઉપર બે દિવસીય ચર્ચાની વિપક્ષાની માંગને સ્વીકારી લીધી છે. મંગળવારે રાજયસભામાં વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગે અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ અધ્યક્ષને પત્ર લખીને બંધારણ ઉપર ચર્ચાની માંગણી કરી હતી. આ સંદર્ભમાં અધ્યક્ષ જગદીપ ધનખડે ગૃહના નેતા જેપી નડ્ડા સાથે પણ ચર્ચા કરી હતી. ચર્ચા ક્યારે થશે તેની માહિતી હજુ આપવામાં આવી નથી.

# રાજ્ય પોલીસ ભરતી બોર્ડના ચેરમેન તરીકે IPS નીરજા ગોટરૂની નિમણૂંક



ગાંધીનગર, તા.૩૦

ગુજરાત પોલીસ ભરતી બોર્ડના ચેરમેન તરીકે આઈપીએસ નીરજા ગોટરૂની નિમણૂંક કરાઈ છે, નીરજા ગોટરૂ પોલીસ ભરતી બોર્ડના નવા ચેરમેન, બન્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, હસમુખ પટેલના રાજીનામા બાદ ચેરમેન પદની જગ્યા ખાલી હતી. ત્યારે હવે ચેરમેનની નિમણૂંક થતા ભરતી પ્રક્રિયા ઝડપી બનશે, નીરજા ગોટરૂએ મહિલા આઈપીએસ છે અને આઈપીએસ અધિકારીમાં સારી છબી ધરાવે છે. હસમુખ પટેલ પહેલા પોલીસ ભરતી બોર્ડના ચેરમેન હતા અને ત્યારબાદ તેમને જીપીએસસી બોર્ડના ચેરમેન બનાવવામાં આવતા હસમુખ પટેલની આ જગ્યા ખાલી પડી હતી ત્યારબાદ સરકારે નિર્ણય લઈ પોલીસ ભરતી બોર્ડના ચેરમેન તરીકે નીરજા ગોટરૂની પસંદગી કરવાના આદેશો જારી કર્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગગનદીપ ગંભીર અને વબાંગ ઝમીરનું નામ પણ અગ્રેસર ચાલી રહ્યું હતુ, પરંતુ સરકારે નીરજા ગોટરૂને જવાબદારી સોંપી છે. વર્ષ ૧૯૯૩ની બેચના નીરજા ગોટરૂ હાલમાં એડીશનલ ડીજીપી તાલીમ ગાંધીનગર ખાતે ફરજ બજાવી રહ્યા હતા. રાજકોટ પોલીસ કમિશનરના નામની જયારે ચર્ચા હતી ત્યારે તેઓનું નામ પણ રેસમાં ચાલતુ હતુ, એક સિનિયર અને ગંભીર અધિકારી તરીકે નીરજા ગોટરૂની ગણતરી કરવામાં આવે છે અને સરકારની ગુડ બુકમાં તેમનું નામ રહેલું છે. અમદાવાદમાં પણ ટ્રાફિક વિભાગમાં તેઓ ઉચ્ચ અધિકારી તરીકે ફરજ બજાવી ચૂકયા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્ય પોલીસ ભરતી શારીરિક કસોટી (મોડલ-૨) માટેની તારીખમાં ફેરફાર કરવામાં આવ્યો છે. યુવાનો આ પરીક્ષા માટે લાંબા સમયથી આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. અગાઉ શારીરિક કસોટી નવેમ્બરના અંતની આસપાસ યોજાય તેવી શક્યતાઓ હતી પરંતુ હવે નવેમ્બર નહીં પરંતુ ડિસેમ્બરમાં પરીક્ષા અંગેનો નિર્ણય લેવામાં આવ્યો છે. યુવાનો અમદાવાદ, ગાંધીનગર સહિત જ્યાં ગ્રાઉન્ડની વ્યવસ્થા છે ત્યાં દોડવાની પ્રેક્ટિસ કરી રહ્યા છે. હવે એવી માહિતી સામે આવી છે કે ડિસેમ્બરની શરૂઆતમાં ઉમેદવારો માટે નવું શિડ્યુલર અમલમાં મૂકવામાં આવશે.

# સોશિયલ મીડિયાના માધ્યમથી કરોડપતિ કેવી રીતે બનાય ? જાણો ઘણા ક્રિએટર્સની પ્રેરક સફળતાની વાત

**કોન્ટેન્ટ ક્રિએટર્સ અને બ્લોગર્સ પહેલા શું હતા અને હવે ક્યાંના ક્યાં પહોંચી ગયા છે તે તેમને તેમના વીડિયો જોઈને ખબર પડી જ ગઈ હશે. આ સફળતા રાતોરાત મળતી નથી. તેઓએ ભલે ટૂંક સમયમાં સફળતા મળી પરંતુ તેની પાછળ તેઓનું સાતત્ય અને રાત દિવસની મહેનત અને કંઈક નવું પીરસવાની ઝંખના કામ કરી ગઈ છે. કેટલાકે વહેલી શરૂઆત કરીને ખ્યાતિ મેળવી જ્યારે કેટલાક દ્વારા કંઈક અલગ પીરસીને ખ્યાતિ મેળવી. આજની તારીખમાં પણ તમે આ શરૂ કરી શકો છો અને અઢળક કમાણી કરી શકો છો**

મિત્રો આજકાલ સોશિયલ મીડિયાની ઘણી ટીકા કરવામાં આવે છે અને તેનો અતિરેક થાય તો ખતરનાક છે તે વાત ખોટી નથી પરંતુ જો તેનો રચનાત્મક અને હકારાત્મક રીતે ઉપયોગ કરવામાં આવે તો ખૂબ જ ઉપયોગી છે અને તેના માધ્યમથી સફળતાના શિખરો સર કરી શકાય છે. સોશિયલ મીડિયા તેના ક્રિએટર્સ અને પોતાના ધંધો, રોજગાર અને સેવાઓની પ્રવૃત્તિઓની સોશિયલ મીડિયામાં વીડિયો કે ફોટાના માધ્યમથી જાહેરાત કરનારા વ્યક્તિઓને ખાસ્સો ફાયદો થઈ રહ્યો છે. મજાક નથી કરતો પરંતુ જ્યારે શરૂઆત કરી હોય ત્યારે સારો ફોન ખરીદવાના પણ ફાંફા હોય અને આજે સોશિયલ મીડિયાના માધ્યમથી તેઓ માત્ર ગાડી બંગલાવાળા જ નહિ પરંતુ કરોડપતિ થઈ ગયા છે. કરોડપતિની વાત તો બરાબર પરંતુ સમાજમાં એક સેલિબ્રિટી જેવું સ્ટેટસ ભોગવે છે અને લોકો તેમની સાથે ફોટો પડાવવા, સેલ્ફી લેવા અને ઓટોગ્રાફ લેવા માટે પડાપડી કરતા હોય છે. તો ચાલો આજે આપણે કેટલાક સોશિયલ મીડિયા ઈન્ફલુઅન્સર્સ કે ક્રિએટર્સની વાત કરીશું કે જેઓ ટૂંક જ સમયમાં પોતાની મહેનતથી ખૂબ જ આગળ આવી ગયા છે. આમાં એવા ઘણા કિસ્સાઓ છે કે જેમણે સોશિયલ મીડિયા ડાયરેક્ટ ચાલુ કર્યુ જ્યારે અમુક લોકોએ પોતાના નોકરી કે ધંધાથી અલગ થઈને કંઈક નવું કરવાના ઈરાદે ક્રિએટર્સ બન્યા હોય અને સફળતાની સીડી ચડી ગયા હોય. ચાલો આજે આપણે ગુજરાત જ નહિ ભારતભરના આવા સોશિયલ મીડિયા ઈન્ફલુઅન્સર્સની વાત કરીશું.

**સોશિયલ મીડિયાની શરૂઆત કેવી રીતે થઇ ?**

સફળતાની વાતો કરતા પહેલા દેશમાં ઈન્ટરનેટની ક્રાંતિ અને સોશિયલ મીડિયાનું આગમન થયું તેની વાત કરવી જરૂરી છે. પહેલા તો બ્રોડબેન્ડથી લેપટોપ કે ડેક્સટોપ કોમ્પ્યુટરમાં ઈન્ટરનેટ એકસેસ કરી શકાતું હતું. તેમાં વીડિયો જોનારો વર્ગ હતો પરંતુ ધીમી સ્પીડના કારણે અને મોંઘા દરોના કારણે એક મર્યાદિત દર હતો. પછી સ્માર્ટ ફોન આવ્યા. તેમાં પણ ૨જી સ્પીડ હતી ત્યાં સુધી મર્યાદિત ઉપયોગ થતો હતો. પરંતુ ૨૦૧૩ બાદ ઈન્ટરનેટ ક્ષેત્રમાં ક્રાંતિ આવી અને ૩જી સ્પીડના કારણે લોકો સોશિયલ મીડિયા એપ્લીકેશનના માધ્યમથી વીડિયો જોવા લાગ્યા. આ સમયે જેમણે યુ ટ્યુબમાં વીડિયો બનાવીને મુકવાનું ચાલું કર્યું અને સાતત્ય જાળવી રાખ્યું તેઓના લાખ્ખોની સંખ્યામાં ફોલોઅર્સ છે અને લાખ્ખો રૂપિયા કમાય છે. આસમયગાળામાં ગુજરાતના જ એક કોન્ટેન્ટ ક્રિએટર નિકુંજ વસોયાએ પોતાની ફૂડ ચેનલ ચાલુ કરી હતી અને આજે તે અંબાણી પરિવારના લગ્નના રસોડે પહોંચી ગયો હતો તેની વાત કરવી છે. હજી પણ ઈન્ટરનેટના ધાંધિયા હતા પરંતુ ૨૦૧૫-૧૬ પછી ખાસ્સી એવી સ્પીડ મળવા લાગી, લોકોમાં વીડિયો વિશે જાગૃતિ આવવા માંડી અને તેને જોનાર એક બહોળો વર્ગ આવી ગયો હતો. તેના કારણે જે ક્રિએટીવ લોકો હતા તેઓને પોતાના ક્રિએશન બતાવવાની તક મળી. આથી ૨૦૧૬માં ઘણા બધા ક્રિએટર્સ ઊભા થયા તેમાં અત્યારે દેશની ટોચની ક્રિએટર કામિયા જાનીનો પણ સમાવેશ થાય છે. તેની વાત પણ આગળના લેખમાં આપણે કરીશું.

બીજી એક મહત્ત્વની વાત કરીએ તો સોશિયલ મીડિયા પ્લેટફોર્મને બે પ્રકારના લોકોની જરૂર હોય છે. એક તો કોન્ટેન્ટ ક્રિએટર્સ કે જે કોન્ટેન્ટ બનાવીને અપલોડ કરે અને પોતાના ફોલોઅર્સ મેળવે અને બીજાની વાત કરું તો આ કોન્ટેન્ટ જોનારા લોકો અથવા ફોલોઅર્સ. આજથી પાંચ સાત વર્ષ પહેલા યુ ટ્યુબ, ફેસબુક, ટીકટોક, ટ્વીટર (હવે X) અને ઈન્સ્ટાગ્રામ જેવી



સોશિયલ મીડિયા એપ્લીકેશનમાં એટલા બધા ક્રિએટર્સ નહોતા કે જેઓ પોતાના વીડિયો કે કામ અપલોડ કરે. એટલે જ એટલાફોલોઅર્સ પણ નહોતા. આથી આ સોશિયલ મીડિયા એપ્લીકેશન એવા અલગોરિધમ સેટ કરતા હતા કે, એક પોસ્ટ અપલોડ કરો તો હજ્જારોની સંખ્યામાં ફોલોઅર્સ અને નોન-ફોલોઅર્સને તે પહોંચે. આથી ૨૦૧૦થી ૨૦૧૬ સુધીમાં પોતાનું કામ શરૂ કરનારા ક્રિએટર્સ ગમે તે કામ કરે પરંતુ તેને બહુ જોવાતું હતું. તે વખતે સારા કેમેરા કે પ્રોફેશનલ એડીટીંગવાળા વીડિયોની પણ ડિમાન્ડ નહોતી. બસ વીડિયો બનાવીને અપલોડ કરો અને મેક્સીમ લોકો સુધી પહોંચતા. પરંતુ હવે જો તમે સારૂ વર્ક કરો તો જ ક્રિએટર્સને વ્યુઝ અને ફોલોઅર્સ મળે છે. આથી અત્યારે જો તમે સોશિયલ મીડિયા ઉપર કામ કરો તો ખૂબ જ રચનાત્મક, કંઈક અલગ કરશો તો ચોક્કસ સફળતા મળશે. તો ચાલો હવેઆપણે આગળ મૂળ વાત ઉપર ચર્ચા કરીએ.

**સફળ કોન્ટેન્ટ ક્રિએટર્સની વાતો**

મિત્રો તાજેતરમાં કેન્દ્ર સરકારના મંત્રાલય દ્વારા બેસ્ટ કોન્ટેન્ટ ક્રિએટર્સના એવોર્ડઝ જાહેર કરવામાં આવ્યા હતા અન ખુદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી હાજર રહ્યા હતા અને એવોર્ડઝ આપ્યા હતા. તેમાં ભૂતપૂર્વ પત્રકાર કામિયા જાનીને બધાએ જોયા હશે. તેઓ પહેલા ટેલિવિઝન મીડિયામાં હતા અને પછી ફેસબુક ઉપર પોતાનું પ્લેટફોર્મ ‘કર્લી ટેલ્સ’ના નામથી શરૂ કર્યું. આજે દેશના રાજકરણીઓ, ફિલ્મ સ્ટાર્સ અને સ્પોર્ટસ પર્સનાલિટી સહિતની હસ્તીઓ તેના પ્લેટફોર્મ ઉપર આવવા માટે લાઈન લગાવે છે. તેમની પોતાની કંપનીએ તો વિકાસ કર્યો છે પરંતુ મુંબઈના પોશ વિસ્તારોમાં પોતાની બે રેસ્ટોરન્ટ્સ છે. હવે આજે આપણે આપણા પોતાના અને મૂળ ગુજરાતના પરંતુ જે-તે સમયે પુના રહેતા ખજૂર ભાઈ એટલે કે નિતીન જાનીની વાત કરીશું. નિતીન જાની અને તેના ભાઈ તરૂણ જાની પુનાના એક સામાન્ય પરિવારમાંથી આવે છે. પરંતુ તેઓએ કોમેડી વીડિયો બનાવવાની શરૂઆત કરી અને આખા ગુજરાત જ નહિ પરંતુ દુનિયાભરમાં છવાઈ ગયા. આજે તેઓ સેવાકીય પ્રવૃત્તિના માધ્યમથી પણ ખૂબ જ માનપાન મેળવે છે. સોશિયલ મીડિયાના માધ્યમથી તેઓને ખૂબ જ નામ અને દામ મળ્યા. વિશ્વભરમાં ફર્યા અને લોકોના દિલમાં રાજ કર્યું. હવે તેઓએ પોતાની એક કંપની ખોલીને ઓર્ગેનીક સિંગતેલ વેચવાનું શરૂ કર્યું છે.

સૌથી પ્રેરક ઉદાહરણ ઉત્તરાખંડ રાજયના નાનકડા શહેર હલ્દવાનીમાં રહેતા અને કડિયાકામ કરતા પિતાના પુત્ર સૌરવ જોષીનું છે. તેમના પિતા અને કાકા કડિયાકામની મજૂરી કરીને ગુજરાન ચલાવતા હતા. પરંતુ સૌરવ જોષીમાં કંઈક અલગ પ્રતિભા હતી. તે પોતે એક સારો ડ્રોઈંગ આર્ટિસ્ટ છે અને બીજું કે તેણે પોતાની ડેઈલી લાઈફના વીડિયો બનાવીને અપલોડ કરવાનું શરૂ કર્યું. વીડિયોમાં કોઈ ખાસ કોન્ટેન્ટ નહિ પરંતુ એક સામાન્ય પરિવારની રોજના જીવન વિશે પોતાની અનોખી સ્ટાઈલ, અલગ પ્રકારની હેરસ્ટાઈલ સાથે હેન્ડસમ દેખાવ અને રજૂઆત કરવાની આગવી શૈલીથી ખૂબ જ હીટ ગયા. આજે તેની યુટ્યુબ ચેનલમાં ત્રણ કરોડથી વધુ સબસક્રાઈબર છે. બીજી આર્ટની યુ ટ્યુબ ચેનલ અને ઈન્સ્ટાગ્રામ અને ફેસબુકમાં પણ મિલિયન્સમાં ફોલોઅર્સ છે. તેની પાસે પોર્શ સહિતની ચાર જેટલી મોંઘીદાટ કાર છે. પાંચથી સાત વર્ષમાં જ તેણે પોતાના શહેરમાં બંગલા બાંધ્યા છે. કરોડોમા તેની આવક છે. મોટી મોટી બ્રાન્ડનું એન્ડોર્સમેન્ટ કરે છે. બીજું એક જોરદાર ઉદાહરણ રાજેશ રવાણી નામના ટ્રક ડ્રાઈવરનું જાણવા જેવું છે. ઝારખંડ રાજ્યના જામતારા નામના નાના શહેરમાં રહેતા અને એક રૂમ રસોડાના સાવ સામાન્યમાં રહેતા રાજેશ રવાણી તેના માલિકની ટ્રક ડ્રાઈવિંગ કરીને ગુજરાન ચલાવતા હતા. તેણે ટ્રકમાં ફરતા ફરતા પોતાના પ્રવાસ અને રેસિપીના વીડિયો બનાવવાના શરૂ કર્યા અને યુટ્યુબમાં ધૂમ મચાવવા લાગ્યા. આજે તેના અંદાજે બે મિલિયનથી વધુ ફોલોઅર્સ છે. પોતે જે ટ્રક ચલાવતા હતા તે ટ્રકના માલિક થઈ ગયા છે, ઘણી જાણિતી બ્રાન્ડના પ્રમોશન અને સોશિયલ મીડિયાના મોનેટાઈઝનેશનના માધ્યમથી કરોડોની આવક કમાય છે. તેમણે તાજેતરમાં પોતાનો બંગલો પણ બનાવ્યો છે.

ગુજરાત અને અમદાવાદમાં પણ આવા ઘણા ક્રિએટર્સ છે. દાખલા તરીકે રીયલ એસ્ટેટના વીડિયો બનાવતા દર્શક રાઠોડ એક સમયે પ્રોપર્ટીના વીડિયો બનાવવાનું શરૂ કર્યુ ત્યારે સામાન્ય સ્થિતિ હતી. આજે મર્સીડીઝમાં ફરે છે. મીડિયામાં કામ કરતી મહિલા પત્રકારો દેવાંશી જોષી, ગોપી ઘાંધર, પુજા સાંગાણી, મેઘા રાવલ વગેરે ક્રિએટર્સ દ્વારા સોશિયલ મીડિયા ઉપર ખૂબ જ નામના મેળવી છે. ફૂડ વીડિયો બનાવનારા ક્રિએટર્સની વાત કરીએ તો મેઘા રાવલ (ફૂડી દુનિયા), કમલેશ મોદી, આનંદ સાટા (ઈટ એન્ડ ડ્રાઈવ), સુરેશ પ્રજાપતિ, મેહુલ પ્રજાપતિ (અમદાવાદી મેહુલ), પ્રેમલ પટેલ (ફૂડી ગુરૂ), રોની મોદીર સહિતના બ્લોગર્સ ક્યાંના ક્યાં પહોંચી ગયા છે તે તેમને તેમના વીડિયો જોઈને ખબર પડી જ ગઈ હશે. આ સફળતા રાતોરાત મળતી નથી. તેઓને ભલે ટૂંક સમયમાં સફળતા મળી પરંતુ તેની પાછળ તેઓનું સાતત્ય અને રાત દિવસની મહેનત અને કંઈક નવું પીરસવાની ઝંખના કામ કરી ગઈ છે. કેટલાકે વહેલી શરૂઆત કરીને ખ્યાતિ મેળવી જયારે કેટલાક દ્વારા કંઈક અલગ પીરસીને ખ્યાતિ મેળવી. આજની તારીખમાં પણ તમે આ શરૂ કરી શકો છો અને અઢળક કમાણી કરી શકો છો.

### સોમનાથ મહાદેવ મંદિરના જીર્ણોધ્ધાર પછી શરૂ કરાયેલ નવનિર્માણ પુર્ણ થયાનો અવસર

# આવતીકાલ૧ લી ડીસેમ્બરે શ્રી સોમનાથ સંકલ્પ સિધ્ધી દિન

## ભારતના તત્કાલીન રાષ્ટ્રપતિ ડો.શંકર દયાળ શર્માના વરદ્હસ્તે સંપુર્ણ બાંધકામ પુર્ણ થયે આ મંદિર રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવ્યું





(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ તા. ૩૦

ભારતના બાર જયોર્તિલીંગ પૈકીના પ્રથમ શ્રી સોમનાથ મહાદેવ મંદિરે ૧ ડીસેમ્બરે શ્રી સોમનાથ સંકલ્પ દિન તરીકે ઉજવવામાં આવે છે.

આ દિવસે વિશેષ મહાપૂજા, સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને મંત્રોચ્ચાર સાથે પુષ્પાંજલી સહિતના કાર્યક્રમો ઉજવાય છે. નાગર શૈલીનું કૈલાસ મહામેરૂપ્રસાદ આ ભવ્ય સોમનાથ મંદિર નિર્માણનો સંકલ્પ સરદાર વલ્લભભાઈ પટેલે ૧૯૪૭ માં ૧૩ નવેમ્બરે કર્યો હતો. ૮ મે ૧૯૫૦ના દિવસે મહારાજા જામ સાહેબ દિગ્વિજયસિંહજીના શુભહસ્તે નવા મંદિરની શિલારોપણ વિધી કરવામાં આવી હતી.

૧૧ મી મે, ૧૯૫૧ના રોજ તત્કાલીન રાષ્ટ્રપતિ ડો.રાજેન્દ્રપ્રસાદના વરદ્હસ્તે મંદિરમાં શિવલીંગની પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી હતી. અને ભાવિકો, દર્શનાર્થીઓ માટે દર્શન-પૂજન શરૂ કરી દેવાયા હતા. ત્યારબાદ બીજા ચરણમાં મંદિરના આગલા ભાગમાં નૃત્ય મંડપ બાંધકામ કરાયું જે ૧૯૭૫ માં કરાયું હતું.

આમ શિખર, સભા મંડપ, નૃત્ય મંડપ નિર્માણ પુર્ણ થતાં ૧ ડીસેમ્બર ૧૯૯૫ ના ભારતના તત્કાલીન રાષ્ટ્રપતિ શંકરદયાળ શર્માના હસ્તે સોમનાથ મંદિર રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવ્યું હતું. સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી જે.ડી. પરમાર કહે છે સોમનાથ મંદિરની જયારે શિલારોપણ વિધી થઈ હતી ત્યારે ૩૦ ફુટ ઉંડા પાયામાં ક્રેઈન મારફત ઝુલામાં બેસી મહારાજા જામસાહેબ દિગ્વિજયસિંહજીએ છેક નીચે ઉતરી શિલારોપણ વિધી કરી હતી. હાલ મંદિરની ઉંચાઈ ૧૫૫ ફુટ અને એક ઈંચ છે. ધ્વજ દંડ ૩૧ ફુટ ઉંચો છે તેમાં ૫૧ ગજની ધજા લહેરાય છે. પાંચ તબકકામાં પુર્ણ થયેલા આ મંદિરનો કુલ ખર્ચ રૂા.૨૪,૪૧,૦૦૦ થવા જાય છે. મંદિર આગળના ભાગે બંધાયેલ નૃત્ય મંડપનો કુલ ખર્ચ ૪૨,૪૯,૦૦૦ થવા જાય છે. આમ બંને ખર્ચ મળી કુલ રૂા.૬૬,૯૦,૦૦૦ થવા જાય છે. જે.ડી. પરમાર આગળ વાત દોહરાવતા કહે છે કે, ભગવાન સોમનાથના મંદિરનો આવો કૈલાસ મહામેરૂપ્રસાદ છેલ્લા ૮૦૦ વર્ષમાં પહેલીવાર બંધાયો છે તે આ મંદિરની વિશેષતા છે.

# સુરક્ષા ડાયગ્નોસ્ટિક લિમિટેડનો આઈપીઓ ગઈકાલે તા.૨૯ નવેમ્બરના રોજ ખુલ્યો




(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૩૦

સુરક્ષા ડાયગ્નોસ્ટિક લિમિટેડ દ્વારા ૨૯ નવેમ્બર, ૨૦૨૪ના રોજ ઈક્વિટી શેર્સના આઈપીઓ ખોલવામાં આવેલ છે. બિડ/ઓફર બંધ થવાની તારીખ મંગળવાર, ૩ ડિસેમ્બર, ૨૦૨૪ છે.

ઓફરનો પ્રાઈઝ બેન્ડ ઈક્વિટી શેર દીઠ રૂા. ૪૨૦થી રૂા.૪૪૧ ઉપર ફિક્સ કરવામાં આવ્યો છે. બિડ્સ લઘુતમ ૩૪ ઈક્વિટી શેર્સ અને ત્યારપછી ૩૪ ઈક્વિટી શેર્સના ગુણાંકમાં કરી શકાય છે. આઈપીઓ ૧,૯૧,૮૯,૩૩૦ સુધીના ઈક્વિટી શેર્સના વેચાણ માટેની ઓફર છે (**"Offered Shares"**) જેમાં ડો.સોમનાથ ચેટરજી દ્વારા ૨૧,૩૨,૧૪૮ સુધીના ઈક્વિટી શેર્સ, રિતુ મિત્તલ દ્વારા ૨૧,૩૨,૧૪૮ સુધીના ઈક્વિટી શેર્સ, સતીષ કુમાર વર્મા દ્વારા ૨૧,૩૨,૧૪૮ સુધીના ઈક્વિટી શેર્સ (જેમના શેર્સ સંયુક્તપણે સુમન વર્મા પાસે છે) (ડો. સોમનાથ ચેટરજી અને રિતુ મિત્તલની સાથે મળીને, **"Promoter Selling Shareholders"**), ઓર્બિમેડ એશિયા ૨ મોરિશિયસ લિમિટેડ દ્વારા ૧,૦૬,૬૦,૭૩૭ સુધીના ઈક્વિટી શેર્સ (**the "Investor Selling Shareholder"**), મુન્ના લાલ કેજરીવાલ દ્વારા ૭,૯૯,૫૫૬ સુધીના ઈક્વિટી શેર્સ, સંતોષ કુમાર કેજરીવાલ દ્વારા ૧૩,૩૨,૫૯૩ સુધીના ઈકવીટી શેર્સ (સાથે મળીને **"Individual Selling Shareholders"**)નો સમાવેશ થાય છે (પ્રમોટર સેલિંગ શેરહોલ્ડર્સ, ઈન્વેસ્ટર સેલિંગ શેરહોલ્ડર અને ઈન્ડિવિડ્યુઅલ સેલિંગ શેરહોલ્ડર્સ, સાથે મળીને **"Selling Shareholders"**).

આ ઓફર સેબી આઈસીડીઆર નિયમનોના નિયમન ૬(૧) સાથેના અનુપાલનમાં અને સેબી આઈસીડીઆર નિયમનોના નિયમન ૩૧ સાથે વાંચતા અને એસસીઆરઆરના નિયમ ૧૯(૨) (બી)ના સંદર્ભે બુક બિલ્ડિંગ પ્રોસેસ દ્વારા કરવામાં આવી છે. આ ઓફર સેબી આઈસીડીઆર નિયમનોના નિયમન ૬(૧)ના અનુસંધાનમાં બુક બિલ્ડિંગ પ્રોસેસ દ્વારા કરવામાં આવી રહી છે જેમાં નેટ ઓફરના લઘુત્તમ ૫૦ ટકા પ્રમાણસર ધોરણે ક્વોલિફાઈડ ઈન્સ્ટિટયૂશનલ બાયર્સ (**"QIBs"** (**"QIB Portion"**)ને ફાળવણી માટે ઉપલબ્ધ રહેશે, એ શરતે કે અમારી કંપની બુક રનિંગ લીડ મેનેજર્સ સાથેની ચર્ચા બાદ ક્યુઆઈબી હિસ્સાનો ૬૦ ટકા સુધીનો હિસ્સો સેબી આઈસીડીઆર નિયમનો મુજબ વિવેકાધીન ધોરણે એન્કર ઈન્વેસ્ટર્સ (**the "Anchor Investor Portion"**)ને ફાળવી શકે છે. એન્કર ઈન્વેસ્ટર પોર્શન પૈકી એક-તૃત્યાંશ હિસ્સો સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડ્સ માટે અનામત રાખવામાં આવશે, જે સેબી આઈસીડીઆર નિયમનોના અનુસંધાનમાં સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડ તરફથી જે કિંમતે એન્કર ઈન્વેસ્ટર્સને ફાળવણી કરવામાં આવી હોય તે અથવા તેનાથી વધુ કિંમતે મળેલી માન્ય બિડ્સને આધીન રહેશે. એન્કર ઈન્વેસ્ટર પોર્શનમાં અંડર-સબ્સ્ક્રીપ્શન અથવા નોન-એલોકેશનના કિસ્સામાં બાકીના ઈક્વિટી શેર્સ ક્યુઆઈબી પોર્શનમાં ઉમેરવામાં આવશે.

# ઓસ્ટ્રેલિયન ફિલ્મ નિર્માતા સત્યજીત રે લાઈફટાઈમ અચીવમેન્ટ એવોર્ડથી સન્માનિત

ગોવા, તા. ૩૦

ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ૨૦૨૪નું ગોવા ખાતે આયોજન કરવામાં આવ્યું છે. ભારતના આ ૫૫મા આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવના સમાપન સમારોહ દરમિયાન ઓસ્ટ્રેલિયાના સુપ્રસિદ્ધ ફિલ્મ નિર્માતા ફિલિપ નોયસને તેમની તેજસ્વી અને વ્યાપક સિનેમેટિક સફરને બિરદાવતા સત્યજીત રે લાઈફટાઈમ અચીવમેન્ટ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. ઓસ્ટ્રેલિયન ફિલ્મ નિર્માતા ફિલિપ નોયસ ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ૨૦૨૪ને પગલે ગોવા ખાતે પહોંચ્યા હતા. જ્યાં તેમણે આ ફિલ્મ ફેસ્ટિવલમાં ભાગ લીધો હતો. ફિલ્મ ફેસ્ટિવલના રેડ કાર્પેટ પર ફિલ્મ નિર્માતા ફિલિપ નોયસે કહ્યું કે, મને એક ભારતીય ફિલ્મ બનાવવાનું ગમશે અને મને ખુશી થશે કે ઓસ્ટ્રેલિયા -ભારત સાથે સહ-નિર્માણમાં કોન્ટ્રાક્ટ કરે, જેના પર અમે હસ્તાક્ષર પણ કરેલા છે. નોયસ એન્જેલીના જોલી-સ્ટારર સોલ્ટ, હેરિસન ફોર્ડ અભિનીત પેટ્રિઓટ ગેમ્સ અને ડેન્ઝેલ વોશિંગ્ટન દર્શાવતી ધ બોન કલેક્ટર જેવી ફિલ્મો માટે જાણીતા છે. સિનેમેટિક હસ્તીઓને શ્રદ્ધાંજલિ સ્વરૂપ આ એવોર્ડમાં સિલ્વર પીકોક મેડલ, એક પ્રમાણપત્ર, એક શૉલ, એક સ્ક્રોલ અને ૧૦,૦૦,૦૦૦ રૂપિયાનો રોકડ પુરસ્કાર સામેલ છે. ૧૯૭૮માં, પ્રખ્યાત ઓસ્ટ્રેલિયન ફિલ્મ નિર્માતા ફિલિપ નોયસે મુંબઈની મુલાકાત લીધી હતી અને સ્થાનિક થિયેટરોમાં ફિલ્મો જોવા ગયા હતા. તે અનુભવ અને ફિલ્મોને દર્શકોના પ્રતિસાદથી તેઓ પ્રભાવિત થયા હતા. ગોવામાં ૫૫મા ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયા (ઈફ્ફી)ના સમાપન સમારોહમાં સિનેમામાં શ્રેષ્ઠતા માટે સત્યજીત રે લાઈફટાઈમ અચીવમેન્ટ એવોર્ડ એનાયત થયા બાદ તેમણે યાદ કર્યું હતું કે, ''એવું લાગતું હતું કે તેઓ (પ્રેક્ષકો) ફિલ્મમાં જ હતા.'' નોયસ ઉપરાંત, ફેસ્ટિવલ ડિરેક્ટર શેખર કપૂર અને અભિનેતા વિક્રાંત મેસીએ ભારતીય પ્રેક્ષકો માટે તેમની પ્રશંસા વ્યકત કરી, જેમણે દાયકાઓથી તેના વિશાળ ફિલ્મ ઉદ્યોગને ટકાવી અને સમર્થન આપ્યું છે.

# દ્વારકામાંથી પાક. જાસૂસ ઝડપાયો, કોસ્ટ ગાર્ડની માહિતી આપ્યાનો ધડાકો



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા. ૩૦

ગુજરાત એટીએસની ટીમે દેવભુમી દ્વારકામાંથી એક શખ્સને પાકીસ્તાની જાસુસી એજન્સી માટે જાસુસી કરતા ઝડપી લીધો હતો. આ શખ્સની વિશેષ પુછપરછ શરૂ કરવામાં આવી છે અને આ મામલે હજુ પણ મોટા ખુલાસા થઈ શકે છે. ગુજરાત એટીએસે ઝડપી પાડેલો આ જાસુસ કોસ્ટ ગાર્ડની માહીતી પાકિસ્તાની જાસુસી એજન્સીને પહોંચાડતો હતો. આ શખ્સને હની ટ્રેપમાં ફસાવી જાસુસી કરાવવામાં આવી હોવાની શંકા વ્યકત કરવામાં આવી રહી છે. હાલ એટીએસના કબજામાં રહેલા શખ્સની વિશેષ પુછપરછ શરૂ કરવામાં આવી છે.

મળતી વિગતો મુજબ ગુજરાત એટીએસના વડા દિપેન ભદ્રન અને તેમની ટીમે બાતમીને આધારે દેવભુમી દ્વારકામાં એક ગુપ્ત ઓપરેશન કરી પાકિસ્તાની જાસુસને ઝડપી લીધો હતો. દેવભુમી દ્વારકામાં રહેતા દિપેશ ગોહીલ નામના શખ્સને એટીએસે ઉઠાવી લીધો હતો. પ્રાથમીક પુછપરછ અને તપાસમાં દિપેશ ગોહીલ પાકિસ્તાની જાસુસી એજન્સી માટે કામ કરતો હોવાનું જાણવા મળ્યું છે. દિપેશ ભારતીય જળ સીમામાં પેટ્રોલીંગ કરતી કોસ્ટગાર્ડની શીપની મુવમેન્ટ જાણી આ ગતીવીધી અંગેની માહિતી પાકિસ્તાની જાસુસી એજન્સીને મોકલતો હતો.

ગુજરાત એટીએસની ટીમે દિપેશની વિશેષ પુછપરછ શરૂ કરી છે. દિપેશ કઈ રીતે પાકિસ્તાની જાસુસી એજન્સીના સંપકર્ક્માં આવ્યો અને તે કેટલા સમયથી દેશ વિરોધી પ્રવૃતી કરતો હતો તેને આ માહીતી બદલ પાકિસ્તાની જાસુસી એજન્સી દ્વારા જાસુસી માટે કેટલી રકમ આપવામાં આવતી હતી તે સહીતની બાબતો ઉપર તપાસ કેન્દ્રીત કરવામાં આવી છે. દિપેશને હની ટ્રેપમાં ફસાવવામાં આવ્યાની શંકા પણ સેવાઈ રહી છે.

# યાત્રાધામ દ્વારકાની પોસ્ટ ઓફિસમાં પુરતો સ્ટાફ ન હોવાથી ગ્રાહકોને વેઠવી પડતી મુશ્કેલી

(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા. ૩૦

યાત્રાધામ દ્વારકામાં એક માત્ર આવેલ પોસ્ટ ઓફિસમાં સ્ટાફના અભાવે ગ્રાહકોના કામ અવાર-નવાર અટવાઈ જવાથી પોસ્ટ ઓફિસમાં ખાતા ધરાવતા ગ્રાહકોને ધરમ ધક્કા ખાવા પડતા હોવાથી ગ્રાહકો ચિંતામાં મુકાયા છે. છેલ્લા કેટલાક સમયથી પોસ્ટ ઓફિસમાં પુંરતો સ્ટાફ ન હોવાથી કાચબા ગતીએ કામ થઈ રહ્યા છે. હાલતો છેલ્લા ચાર દિવસ થયા પોસ્ટ ઓફિસમાં સ્ટાફ ન હોવાથી ગ્રાહકોના કામ ટલ્લે ચડ્યા છે. ગ્રાહકોમાં રોષ ભભુક્યો છે. દ્વારકા પોસ્ટ ઓફિસના સબ પોસ્ટ માસ્તરને સ્ટાફ ન હોવાનું પુછતા તેઓએ જણાવેલ કે ઉપરથી સ્ટાફ ફાળવશે તો કામ થશે તેવો જવાબ દઈ જવાબદારીમાંથી છટકી ગયેલ હતા. શું પોસ્ટ ઓફિસમાં સ્ટાફ હાજર નહીં થાય તો ત્યાં સુધી ગ્રાહકો પરેશાન જ થશે? ઉચ્ચ કક્ષાએથી દ્વારકા પોસ્ટ ઓફિસમાં સ્ટાફ ફાળવે તેવી માંગ ઉઠી છે.

### આગામી બે વર્ષમાં ક્રાઉન કલેક્શન હેઠળ ૧૦ હોટેલનો ઉમેરો કરીશુ: સુહેલ કન્નમપીલ્લી

## ધ ફર્ન હોટેલ્સ એન્ડ રિસોર્ટસનું માર્ચ, ૨૦૨૫ સુધીમાં ૧૩૦ હોટેલ પૂર્ણ કરવાનું લક્ષ્યાંક



બ્યુરો દ્વારા

અમદાવાદ, તા.

ફર્ન હોટેલ એન્ડ રિસોર્ટસ ભારતની અગ્રણી પર્યાવરણીય રીતે સંવેદનશીલ હોટેલ ચેઈન ગુજરાતના લીટર રન ઓફ કચ્છમાં ધ ફર્ન સત્વ રિસોર્ટના ઉદ્ઘાટનની જાહેરાત કરતાની સાથે ગુજરાતમાં તેની ૩૨મી હોટેલ્સ અને રિસોર્ટ થશે તેમ ધ ફર્ન હોટેલ્સ એન્ડ રિસોર્ટસના મેનેજિંગ ડિરેક્ટર સુહેલ કન્નમપલ્લીએ જણાવીને ઉમેર્યુ હતું કે, હાલમાં અમારી ધ ફર્ન હોટેલ્સ દ્વારા સંચાલિત પાન ઈન્ડિયામાં ૧૦૦ હોટેલ્સ અને રિસોર્ટસ છે. ચાલુ વર્ષના અંત સુધીમાં અમારી ૧૩૦ હોટેલ્સની સંખ્યા થઈ જશે. હાલમાં અમારી પાસે ૬૦૦૦થી વધુ રુમ અને ૧૦૦ હોટલનું સંચાલન કરીએ છીએ.

તેમણે વધુમાં ઉમેર્યુ હતું કે, દેશભરમાં હોટેલ્સની વિગત જોઈએ તો નોર્થમાં ૧૭, રાજસ્થાનમાં ૧૬, ગુજરાત, દમણ અને દીવમાં ૩૬, મુંબઈમાં ૧૧, મહારાષ્ટ્રમાં ઈન્ડિયામાં ૧૧ અને ઈસ્ટ ઈન્ડિયામાં ૪ હોટલ અને ૩ હોટેલ વિદેશમાં મળીને કુલ ૧૩૦ હોટલનું અમે સંચાલન કરીએ છીએ. આગામી બે વર્ષમાં ક્રાઉન કલેકશન હેઠળ ૧૦ હોટેલનો ઉમેરો કરીશું તેમ તેમણે ઉમેર્યુ હતું.

### સાસણગીર, દ્વારકા, પોલો ફોરેસ્ટ બાદ નવું સોપાન ધ ફર્ન સત્વ રિસોર્ટ: કિસન કોટેચા

બ્યુરો દ્વારા

અમદાવાદ, તા.

*કોટેચા ગ્રુપના ડાયરેક્ટર કિશન કોટેચાએ પોતાના નવા સાહસ ધ ફર્ન સત્વ રિસોર્ટના ઉદ્ઘાટન પ્રસંગે જાણકારી આપતાં જણાવ્યું હતું કે, ધ ફર્ન હોટેલ્સ એન્ડ રિસોર્ટસ સાથે આ અમારી ચોથી ભાગીદારી છે. આજથી ૧૫ વર્ષ અગાઉ સાસણગીર, દ્વારકા અને પોલો ફોરેસ્ટમાં હોટેલ શરુ કર્યા બાદ અમારું નવું સોપાન એટલેકે ચોથી હોટેલ ધ ફર્ન સત્વ રિસોર્ટ લીટલ રન ઓફ કચ્છમાં પ્રારંભ કરી રહ્યા છીએ. જેમાં સાસણગીર અને સત્વ રિસોર્ટ બંને ક્રાઉન કલેકશન અંતર્ગત આવે છે. સાસણગીરમાં અમોને અદ્ભૂત પ્રતિસાદ સાંપડ્યો છે અને લીટલ રન ઓફ કચ્છમાં શરુ કરેલી અમારી ધ ફર્ન સત્વ રિસોર્ટસને પણ અદ્ભૂત પ્રતિસાદ સાંપડશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. આ રિસોર્ટસમાં અનેક આકર્ષણો જેમાં સ્વીમીંગ પુલ, સ્પા, હોર્સ રાઈડીંગ, જીમ, કેમલ કાર્ટ સહિત અન્ય એક્ટિવીટીઓનો પણ સમાવેશ થાય છે. આ ઉપરાંત, અમે અન્ય ઈવેન્ટ તથા વેડીંગ ડેસ્ટીનેશન તરીકે ઉભરી આવે તે દિશામાં પણ વિચારી રહ્યા છીએ.*

### શૌચાલયની ગંદકીની પરિસ્થિતિમાં શું ગુજરાત ભણે અને ભણાવે?

# ઓખાની આરંભડા કન્યા શાળામાં વિદ્યાર્થીઓના શૌચાલય સાફ થતા નથી તેવી પરિસ્થિતિમાં ગુજરાત ભણશે શું?

## એક જ સંકુલમાં પ્રાથમિક શાળાથી લઈ કોલેજ સુધીની પાંચ પાંચ શૈક્ષણિક સંસ્થા ચાલે છે ત્યારે વિદ્યાર્થીઓની હાલત કેવી?



(સુરેશચંદ્ર ધોકાઈ દ્વારા)

ઓખા તા. ૩૦

ઓખા નગરપાલિકાના આરંભડા ગામની શ્રી આરંભડા કન્યા શાળા અને સરકારી વિનયન અને વાણિજ્ય બિલ્ડીંગ કે જ્યાં કન્યા શાળા, હાઈસ્કૂલ, ચો પગી શાળા અને તાલુકાની એક માત્ર કોલેજ એકજ સંકુલમાં આવેલ છે. જેમાં આશરે કુલ ૬૦૦ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે અને તેનો કુલ સ્ટાફ આશરે ૨૦ જેટલો છે. ત્યાં માનવ જીવનની પ્રાથમિક જરૂરિયાત એવા શૌચાલયની હાલત તેટલી દયનીય છે કે વિદ્યાર્થીઓમાં બાળાઓ અને બાળકો માટે કુલ ૧૦ શૌચાલય છે અને તેજ પ્રમાણે શિક્ષકો અને શિક્ષિકાઓ માટે એક એક તેમ મળી કુલ્લ બે છે.

અહીં પરિસ્થિતિ તેવી છે કે સમગ્ર રાજ્યમાં નિયમ મુજબ પ્રાથમિક શાળામાં કોઈ સફાઈ કર્મચારીની નિમણૂંક કરાતી નથી પરંતુ હાઈકુલ અને કોલેજમાં ફરજીયાત સફાઈ કર્મચારી હોય છે. ત્યારે અહીં આ સ્કૂલ સંકુલમાં પ્રાથમિક શાળાઓ, હાઈસ્કુલ અને કોલેજ કાર્યરત છે. પરંતુ કોઈ સફાઈ કર્મચારી ના હોય વિદ્યાર્થીઓના શૌચાલય કોઈ સાફ કરતું નથી અને તેના કારણે ફોટામાં દેખાય છે તેવા ઘણા સમયથી સાફ થયાં વગરના ગંદા અને રોગોનો ફેલાવો કરતા બીન વપરાશી પાડ્યા છે. જેના કારણે વિદ્યાર્થીઓએ શિક્ષકો માટેના શૌચાલયનો ઉપયોગ કરવો પડે છે. વિદ્યાર્થીઓની લાઈન લાગતી હોવાનું ફોટામાં સ્પષ્ટ દેખાય છે.

અહીં વધુ આશ્ચર્યજનક હકીકત તો તે જાણવા મળેલ છે કે સ્કૂલ સંકુલમાં ક્યાંય કોઈ પ્રકારના વાપરવાના કે પીવા માટેના પાણીની વ્યવસ્થા છે છતા ક્યાંય ઘણા સમયથી આવતું નથી જે કારણે વિદ્યાર્થીઓ જે ઘરેથી પીવાનું પાણી લાવે છે તે વોટર બોટલનો ઉપયોગ શૌચાલયમાં પણ કરી પીવાના આ પાણીથી રોગના ભોગ બને છે.

જો સ્કૂલના આ ભૂલકા વિદ્યાર્થીઓ શૌચાલયની સુવિધાઓથી વંચિત રહેતા હોય તો સ્કૂલ અને શિક્ષણના વિકાસ માટે આવતી ગ્રાન્ટનો ઉપયોગ ક્યાં અને કેવો થતો હશે તે પણ તપાસનો વિષય બનવા પામેલ છે.

અત્રે વધુ બહાર આવેલ વિગતો મુજબ શાળાના જવાબદાર અધિકારી જો નગરપાલિકાને સફાઈ માટે જણાવે તો તે મદદરૂપ થાય પણ અહીં કોઈ જાણકારી પાલિકાને પણ કરવામાં આવ્યાનું પણ જણાતું નથી જેના કારણે આ પરિસ્થિતિ નિર્માણ થયાનું નકારી શકાતું નથી.

અત્રે ઉલ્લેખનીય છે કે અહીં ચાલુ વર્ષના સત્રથી હાઈસ્કૂલ ચાલુ થયેલ છે.જેમાં પણ એક સત્ર પૂરું થયું છે છતાં અહીંની આ હાઈસ્કૂલ માટે એકપણ શિક્ષકની નિમણૂંક થયેલ નથી અને વૈકલ્પિક વ્યવસ્થા સ્વરૂપે મીઠાપુર હાઈસ્કૂલના શિક્ષકોને જવાબદારી સોંપવામાં આવેલ હોય અહીંથી દરરોજ એક શિક્ષક આવે છે. અહીં પણ આશ્ચર્યજનક હકીકત તે જાણવા મળેલ છે કે જે વિષયનો શિક્ષક આવે તે આખો દિવસ પોતાનો વિષય શીખવાડે જેનો મતલબ કોઈ પિરિયડ પધ્ધતિ ચાલતી નથી. જ્યારે જે શિક્ષક મીઠાપુરથી આવે તેમના તેમની સ્કૂલના વિદ્યાર્થીઓનું શિક્ષણ નિયમિત ચાલતુ નથી.

અહીં પણ વધુ આશ્ચર્યજનક હકીકત તે બહાર આવેલ છે કે પાંચ વર્ષ પહેલા આ સ્કૂલ સંકુલમાં ચાલુ કરાયેલ સરકારી વિનિયન અને વાણિજ્ય કોલેજનું શિક્ષણ અહીંથી ફેરવી અન્ય જગ્યા પર ચાલે છે અને વહીવટી ઓફિસ અહીં ચાલે છે જ્યાં કોલેજના પ્રિન્સિપાલ બેસે છે. તો તે અન્ય જગ્યા પર ચાલતા શિક્ષણ પર કેવું ધ્યાન આપતા હશે? ઉપરોક્ત હકીકત તે દર્શાવે છે કે રાજ્ય સરકાર ગુજરાત ભણે અને ભણાવે તેનો અમલ અહીં આ સરકારી શાળાઓમાં આવો થાય છે ત્યારે સમગ્ર રાજ્યમાં કેવો થતો હશે તે પણ તપાસનો વિષય હોવાનું નકારી શકાતું નથી.

# ઓખામાં આવેલ રાજ્ય અને કેન્દ્ર સરકારની કચેરીઓ આઉટસોર્સ કર્મચારીઓના ભરોસે??

## શું એ.ટી.એસ.દ્વારા પકડાયેલ પાકિસ્તાની એજન્ટ કોઈક સુરક્ષા એજન્સીનો આઉટ સોર્સનો કર્મચારી ?! : શુ રાજ્ય એ.ટી.એસ. દ્વારા શંકાસ્પદ જણાતા સ્થાનિક પાકિસ્તાની એજન્ટ પકડ્યા સુધી અહીંની સુરક્ષાઓ અંધારામાં રહી?





(સુરેશચંદ્ર ધોકાઈ દ્વારા)

ઓખા પોર્ટ તા.૩૦

રાજ્ય ની એ.ટી.એસ.દ્વારા ગુપ્ત ઓપરેશન દ્વારા મીઠાપુર ના રહીશ ને ઓખા માંથી અહીં ની સુરક્ષા એજન્સી ના દેશ ની સુરક્ષા ને ગંભીર અસરકર્તા ફોટાઓ પાકિસ્તાન મોકલવા અંગે પકડી પાડી આ અતી સંવેદનશીલ વિસ્તાર માં ગુપ્ત રાહે કામ કરતી અને પ્રજા સાથે સીધી જોડાયેલ પોલીસ તંત્ર ની કામગીરી સામે મોટો પ્રશ્ન ઉભો કર્યો હોવાનું બહાર આવેલ છે.

જેના કારણો માં અહીં આવેલ રાજ્ય અને કેન્દ્ર સરકાર ની બધી કચેરીઓ નો સામાન્ય વહીવટ આઉટસોર્સિંગ ના કર્મચારીઓ થી ચાલે છે અને તેના સ્વાંગ માં આવી કચેરીઓ માં દેશ ના દુશ્મનો માટે દેશદ્રોહી બનાનારા માટે જ્યા ત્યાં પ્રવેશ કરવો કે કરાવવો તે સામાન્ય બાબત હોય પણ રાષ્ટ્રહિત ને માટે ખતરારૂપ હોય ત્યારે હવે આ ગંભીર પ્રશ્ન અહીં ઉપસ્થિત થયા નકારી શકાતું નથી.

આ પકડાયેલ શખ્સ મીઠાપુર નો રહીશ દીનેશ ગોહિલ હોવાનું અને ઓખામાં કોઈક કચેરી માં આઉટસોર્સિંગ ના કર્મચારી તરીકે કરતો હોવાનું ચર્ચાય છે.

અત્રે ઉલ્લેખનીય છે કે શંકાસ્પદ શખ્સ જેવા જણાતા કાંઈક કેટલાય અજાણ્યા શખ્સો રોજગારી અર્થે અહીં મચ્છીમારી બોટો અને બંદર પર આવતા જતા રહેતા હોય છે અને આ અંગે ની જાણકારી ત્યાં રહેતા સ્થાનિકો કે વ્યવસાય કરતા વ્યાપારીઓ ને પણ પડતી નથી કે કોઈ નોંધ ક્યાંય હોતી નથી અને અહીં ના આ મચ્છીમારી બંદરો થી ફક્ત ૨૫ મીટર દૂર દેશ ની સુરક્ષા એજેનસીઓ ના મથકો આવેલા હોય હવે તો તેમની સુરક્ષા વ્યવસ્થા પણ સધન અને ફુલ પ્રુફ બનાવવી જરૂરી જણાય છે કારણ કે જાણકારો માં ચાલતી ચર્ચા મુજબ થોડા સમય પહેલા ઓખા બેટ દ્વારકા ને જોડતા સુદર્શન સેતુ શુભારંભ ના ઓખા તરફ ના ઉતરી ભાગ પર થી નજીકના સુરક્ષા મથક ના ફોટા,વીડિયો લેવા આસાન હોવાનું જણાતા તાત્કાલિક આ અંગે ઉચ્ચ સ્તરે રજુઆત થતા તાત્કાલિક નિર્ણય લઈ આ વિસ્તાર ને પ્રજા ને દ્રષ્યમાન ના થાય તેમ બંધ કરી નાખવામાં આવેલ છે.

જયારે સમુદ્ર ના સાગરકાંઠા ની સુરક્ષા ની જવાબદારી સંભાળતી એજેન્સી ની બોટો ને લાંગરવા માટે ઉભી કરાયેલા ટેમ્પરરી વ્યવસ્થા જેવી જેટી અને તેની આસપાસ ના વિસ્તાર ને પ્રતિબંધિત વિસ્તાર જાહેર કરી તે અંગે નું નોટીસ બોર્ડ લગાવાયેલ છે.જે ફોટા માં સ્પષ્ટ દેખાય છે ત્યાં સુરક્ષા ગાર્ડ તો નહીં પણ સુરક્ષા ગેટ પણ લગાવેલ નથી અને આરબ દેશ દુબઈ ની માફક ફ્રી પોર્ટ જેમ અહીં કોઈપણ વ્યક્તિ કોઈપણ જાતની તપાસ કે પુછપરછ વગર જાહેર બગીચા ની માફક હરફરી શકતા હોય તેવી પરિસ્થિતિ માં આ ગંભીર ગણાતી ઘટના દેશદ્રોહી તત્વો માટે સામાન્ય બની જાય છે.

જે દર્શાવે છે કે ત્યારે હવે આવા અન્ય શંકાસ્પદ જણતા વિસ્તારો પર સુરક્ષા ની જડબેસલાક વ્યવસ્થા ગોઠવવા પર ધ્યાન આપવું જરૂરી મનાય છે.

અત્રે બહાર આવેલ ચોંકવાનારી હકીકત મુજબ અહીં થી થોડા સમય પહેલા એન.આઈ.એ. (નેશનલ ઈન્ટેલીજેન્ટ એજેન્સી) દ્વારા આંતકવાદીઓ ને હવાલા મારફત પૈસા મોકલવા અંગે ની કાર્યવાહી ના પગલે એન.આઈ.એ. ના

રડાર મા આવેલા આ વિસ્તાર ને કેન્દ્ર સરકાર ની સૂચના ને પગલે પોલીસ ની થર્ડ આઈ (ત્રીજી આંખ) કહેવાતા હાઈ ડેફિનેશન સી.સી.ટી.વી. કેમેરા નું નેટવર્ક બે મહિના પહેલા ઉભું કર્યા બાદ હજુ તે ચાલુ ના થયું હોવાની ચર્ચા ખુદ તંત્ર માં જ ચાલતી હોવાનું બહાર આવેલ છે.

જે પાકિસ્તાન સાથે જલ સરહદીય વિસ્તાર તરીકે જોડાયેલા આ ગામમાં કેવી અને કેટલી સલામત સુરક્ષા વ્યવસ્થા હોવાનો પુરાવો તંત્ર ને આપી રહયા નું નકારી શકાતું નથી.

# કેશોદમાં બીએપીએસ મંદિરે બાલિકા પ્રવૃત્તિ દ્વારા માતૃ સંમેલનનું આયોજન




(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૩૦

કેશોદમાં બીએપીએસ સ્વામિનારાયણ મંદિર ખાતે તારીખ ૨૪-૧૧-૨૦૨૪ ના રોજ માતૃ સંમેલનનું આયોજન થયું હતું. પ્રમુખસ્વામી મહરાજ હંમેશા કહેતા સંતાનના ઘડતરમાં માતાની ભૂમિકા ખૂબ જ મહત્વની છે.ગર્ભવતી માતાના આહાર, વિહાર અને વિચારમાં સંયમ હોય તો જ શ્રેષ્ઠ સંતાન જન્મે છે. એક માતા તરીકે સંતાનની દરેક જરૂરીયાત પુરી કરીએ, મનપસંદ વસ્તુઓ પુરી પાડીયે છીયે પરંતુ આ મમતા ક્યાંક મહાવિનાશ તો નથી નોતરી રહી ને ? આપણા માતૃત્વ માં ક્યાંય ખોટ તો નથી રહી જતી ને ? આ તમામ પ્રશ્નોનું સમાધાન વિવિધ પ્રવચનો, વીડિયો, પીપીટી ના માધ્યમ દ્વારા માતૃત્વને સાર્થક તેમજ આદર્શ માતા કઈ રીતે બનવું તે માટે બાલિકા પ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય દ્વારા આયોજિત આ સંમેલનમાં કેશોદ બાલિકા મંડળના તમામ કાર્યકરો દ્વારા સુંદર રીતે રજૂ કરવામાં આવ્યું હતું. આ તકે મહિલા મંડળના કાર્યકરો તેમજ મહિલા હરિભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

# દ્વારકામાં નાક વડે સોશિયલ મીડિયા એપ્લિકેશનનો ઉપયોગ કરતો દિવ્યાંગ : આશ્ચર્ય



(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૩૦

દ્વારકામાં મામલતદાર કચેરી દ્વારા સીનીયર સીટીઝન - અશક્તો માટે કરાયેલી નિઃશુલ્ક ઈ-કેવાયસી કામગીરી દરમ્યાન નાક વડે મોબાઈલ ઓપરેટ કરતા એક દિવ્યાંગે સૌને આશ્ચર્યચકિત કર્યા હતા.

દ્વારકાની મામલતદાર કચેરી દ્વારા તાજેતરમાં બિમાર, અશકત, દિવ્યાંગ તેમજ જરૂરીયાતમંદો માટે કરાયેલા રાશન કાર્ડ અંગેની નિઃશુલ્ક ઈ-કેવાયસી કામગીરી દરમ્યાન એક વ્યક્તિ નાક વડે મોબાઈલ ઓપરેટ કરી શકતો અને વ્હોટસએપ સહિત એપ્લિકેશનનો ઉપયોગ કરતા દિવ્યાંગ વ્યક્તિ જોવા મળતા ઉપસ્થિત અધિકારીઓ સહિત સૌકોઈ આશ્ચર્યચકિત થઈ ગયા હતા.દ્વારકાની મામલતદાર કચેરી દ્વારા કરાયેલી કામગીરીની સ્થાનિકો જરૂરિયાતમંદોએ પ્રશંસા કરી હતી.

# ઉના લોહાણા સમાજે આવેદનપત્ર આપ્યું : લોહાણા આગેવાન ઉપર હુમલો કરનાર સામે કડક કાર્યવાહી કરવા માંગ



(નિરવ ગઢીયા દ્વારા)

ઉના તા.૩૦

સાવરકુંડલા ગામે લોહાણા મહાજનની વાડી પાસે પાર્કિંગ બાબતે લોહાણા સમાજના આગેવાનો ઉપર થયેલા હુમલાને સખત શબ્દોમાં વખોડી કાઢી ઊના પ્રાપ્ત અધિકારીને આવેદન પત્ર પાઠવી ગુનેગારને કડક સજા કરવાની માંગ કરાઈ હતી. ઉના લોહાણા મહાજન પ્રમુખ ડોકટર મનોજ માનશેતા, રસિક તન્ના, ભવ્ય પોપટ, ચિંતન ગઢીયા, નીરવ ગઢીયા, મનદીપ પોપટ, કૌશિક સુબા, કાન્તિ છગ સહિતના આગેવાનોએ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી લોહાણા મહાજન પ્રમુખ સાવરકુંડલાના તથા જ્ઞાતિના સભ્યો ઉપર થયેલા હુમલાના વિરોધ આવેદન આપી બનેલી ઘટનાઓ વખોડ હતી જેથી કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ કરાઈ હતી.

## જૂનાગઢ શહેર તેમજ તાલુકામાં ચાલતા આધાર સેન્ટરની યાદી

| ક્રમ | તાલુકાનું નામ | આધાર સેન્ટરનું સ્થળ |
|---|---|---|
| ૧ | **જૂનાગઢ ગ્રામ્ય** | **તાલુકા સેવા સદન,સરદારબાગ, જૂનાગઢ ગ્રામ્ય (ગ્રામ્ય વિસ્તાર)** |
| ૨ | જૂનાગઢ શહેર | જનસેવા કેન્દ આઝાદ ચોક, મહાનગર પાલીકા, જૂનાગઢ |
| ૩ | જૂનાગઢ શહેર | ઝોનલ કચેરી, ટીંબાવાડી |
| ૪ | જૂનાગઢ શહેર | ઝોનલ કચેરી, દોલતપરા |
| ૫ | જૂનાગઢ શહેર | જુનુ જનાના દવાખાનું, આઝાદ ચોક |
| ૬ | જૂનાગઢ શહેર | બી.એસ.એન.એલ. કચેરી, ગાંધીગ્રામ |
| ૭ | જૂનાગઢ શહેર | ગાંધીગ્રામ પોસ્ટ ઓફીસ |
| ૮ | જૂનાગઢ શહેર | આઝાદ ચોક, પોસ્ટ ઓફીસ |
| ૯ | જૂનાગઢ શહેર | બી.આર.સી. કચેરી, જૂનાગઢ ગ્રામ્ય |
| ૧૦ | જૂનાગઢ શહેર | બેંક ઓફ બરોડા, મધુરમ, જૂનાગઢ |
| ૧૧ | જૂનાગઢ શહેર | સી.એચ.સી.સેન્ટર, શીખર કોમ્પલેક્ષ, જયશ્રી રોડ |
| ૧૨ | જૂનાગઢ શહેર | સી.એચ.સી.સેન્ટર, શુભ કોમ્પલેક્ષ, ઝાંઝરડા ચોકડી |
| ૧૩ | જૂનાગઢ શહેર | સી.એચ.સી.સેન્ટર, ઝોનલ કચેરી, દોલતપરા |
| **૧૪** | **જૂનાગઢ ગ્રામ્ય** | **ગ્રામ પંચાયત કચેરી, વિજાપુર** |
| **૧૫** | **જૂનાગઢ ગ્રામ્ય** | **ગ્રામ પંચાયત કચેરી, બગડુ** |
| **૧૬** | **જૂનાગઢ ગ્રામ્ય** | **ગ્રામ પંચાયત કચેરી, બિલખા** |
| **૧૭** | **જૂનાગઢ ગ્રામ્ય** | **ગ્રામ પંચાયત કચેરી, કાથરોટા** |

જૂનાગઢ તા.૩૦

જૂનાગઢ તાલુકાની જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે, આધાર કાર્ડમાં મોબાઈલ નંબર અપડેટ કરવા, ફોટો અપડેટ તથા બાયો મેટ્રીક અપડેટ કરવા અંગે દર્શાવેલ સ્થળોએ કામગીરી ચાલુમાં હોય જેની જાહેર જનતાને નોંધ લેવી તેમજ ગ્રામ પંચાયત કચેરી તથા સસ્તા અનાજની દુકાને ઈ-કેવાયસીની કામગીરી ચાલુમાં છે જે લોકોના ઈ-કેવાયસી બાકી હોય તેઓને તાત્કાલીક ઈ-કેવાયસી કરાવવા અપીલ કરવામાં આવે છે.

# ખંભાળિયાના રામનગર વિસ્તારમાં મોડી રાત્રે અજગર નીકળતા દોડધામ



(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૩૦

ખંભાળિયાના રામનગર વિસ્તારમાં ગત મોડી રાત્રે એક વિશાળકાય અજગર નીકળતા આ અંગે રામનગરના સરપંચ સુનિલભાઈ દ્વારા અહીંની જાણીતી સેવા સંસ્થા એનિમલ કેર ચેરીટેબલ ટ્રસ્ટને જાણ કરવામાં આવી હતી.

આથી એનિમલ કેર ચેરીટેબલ ટ્રસ્ટના દેસુર ધમા અને કુંજન શુકલા દ્વારા આ અજગરનું રેસ્ક્યુ કરાયું હતું. ત્યા બાદ આ અજગરને કુદરતના ખોળે મુક્ત કરવામાં આવ્યો હતો.

# શનિવારે શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજીદાદાને ગુલાબ- સેવંતીના ફુલોનો શણગાર એવં ૫૧ કિલો સુખડીનો અન્નકૂટ ધરાવવામાં આવ્યો



(પ્રતિનિધી દ્વારા)

સાળંગપુર તા.૩૦

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશ દાસજી (અથાણાવાળા) ની પ્રેરણાથી તેમજ કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી તા.૩૦-૧૧-૨૦૨૪ને શનિવારના રોજ સાળંગપુરમાં શ્રીકષ્ટભંજન દેવ હનુમાનજીને ગુલાબ- સેવંતીના ફુલોનો શણગાર કરાયો છે.

આજે સવારે મંગળા આરતી પૂજારી સ્વામી દ્વારા કરવામાં આવી હતી. પછી શણગાર આરતી કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામી દ્વારા કરવામાં આવી હતી. આ આરતીનો લ્હાવો મોટી સંખ્યામાં ભક્તોએ લીધો હતો. દાદાને ૫૧ કિલો સુખડીનો અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. આખું મંદિર પરિસર દાદાના ભક્તોથી ભરાઈ ગયું હતું.મંદિરના પરિસરમાં મારુતિ યજ્ઞનુ આયોજન કરવામાં આવ્યું હતું.

આજે કરાયેલા શણગાર વિશે પૂજારી સ્વામીએ જણાવ્યું કે ગુલાબ અને સેવંતીના ફુલનો શણગાર કરાયો છે. વડોદરાથી આ ફુલ મંગાવ્યા છે. સિલ્કના વાઘા ફુલની ડિઝાઈન અને જરદોશી વર્ક કરાયું છે. હજારો ભક્તોએ પ્રત્યક્ષ તેમજ ઓનલાઈન આ અનેરા દર્શનનો લાભ લઈ ધન્યતાનો અનુભવ કરેલ.

# પાંચ નવી પ્રક્રિયાનો સખ્ત વિરોધ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૩૦

UP પાવર કોર્પોરેશન લિમિટેડ UPPCLએ પૂર્વાંચલ અને દક્ષિણાચલ વિદ્યુત વિતરન નિગમને અનબંડલ કરીને પાંચ નવી કંપનીઓ બનાવવાનો નિર્ણય લીધો છે અને પ્રક્રિયામાં છે. ગુજરાત ઉર્જા સંયુક્ત સકલન સમિતિ ગુજરાત પાવર સેક્ટરના ૪૦૦૦૦થી વધુ કર્મચારીઓનું પ્રતિનિધિત્વ કરતી તમામ શ્રેણીઓનું પ્રતિનિધિત્વ કરતી પૂર્વાંચલ અને દક્ષિણાચલ વિદ્યુત વિતરન નિગમને બંધ કરીને અને ખાનગી સંસ્થાઓ સાથે ભાગીદારી કરીને પાંચ નવી કંપનીઓ બનાવવાની પ્રક્રિયાનો સખત વિરોધ કરે છે.

ગુજરાત ઊર્જા સંયુક્ત સંયુકત સમિતિ સંપૂર્ણ સમર્થન આપે છે અને ખાનગીકરણ સામેના આંદોલનમાં વિદ્યુત કર્મચારી સંયુક્ત સંઘર્ષ સમિતિ, યુપીની સાથે છે તેમ એક યાદીમાં જણાવેલ છે.

# બજાણા-પાટડી હાઈવે નજીક ધ ફર્ન સત્વ રીસોર્ટનું લોન્ચિંગ કરાયું

(પ્રતિનિધી દ્વારા)

અમદાવાદ તા.૩૦

બજાણા-પાટડી હાઈવે નજીક ધ ફર્ન સત્વ રિસોર્ટનું તાજેતરમાં લોન્ચિંગ કરવામાં આવ્યું છે. રિસોર્ટના ડાયરેકટર કિશન કોટેચાએ કહ્યું હતું કે કચ્છના નાના રણ વિસ્તારમાં ભાવિ પ્રવાસન સ્થળ તરીકે વિકસવાની પૂરી ક્ષમતા છે. રિસોર્ટની નજીકમાં જ કચ્છનું નાનુ રણ આવેલું છે અને વાઈલ્ડ લાઈફ સફારીનો પ્રારંભ થાય છે. તે સાથે દુર્લભ ગણાતા ઘુડખર, પક્ષીઓ અને વિવિધ વન્ય જીવોનો પણ વસવાટ છે. જીપ સફારીની સુવિધા પણ ઉપલબ્ધ છે. ફર્ન સાથે ભાગીદારીમાં રાજયમાં અન્ય સ્થળે પણ રિસોર્ટ હોવાનું તેમણે જણાવ્યું હતું.

ફર્ન હોટેલ્સ એન્ડ રિસોર્ટ્સના એમડી સુહેલ કન્નામપિલીએ જણાવ્યું હતું કે પ્રકૃતિની સુંદરતા માણી શકાય તે સાથે પર્યાવરણસભર વાતાવરણમાં રહી શકાય તેવા સ્થળે આ નવું ડેસ્ટીનેશન માણવાલાયક છે. ફર્ન ભારતમાં સૌથી ઝડપતી વિકસતી હોટલ બ્રાન્ડ હોવાનો દાવો કરતા તેમણે હાલ ૧૦૦થી વધુ હોટલ અને રિસોર્ટ તેમના મેનેજમેન્ટ હેઠળ કાર્યરત હોવાનું કહ્યું હતું. વર્ષના અંત સુધીમાં તેમાં ઉમેરો થશે.

આ સ્થળ કોર્પોરેટ ઈવેન્ટસ અને સામાજિક કાર્યક્રમો સાથે એજ્યુકેશનલ ટૂર માટે પણ યોગ્ય સ્થળ હોવાનું પણ સંચાલકો દ્વારા જણાવાયું હતું. પેટ ફ્રેન્ડલી રિસોર્ટ હોવા સાથે અન્ય સુવિધાઓ પણ ઉપલબ્ધ છે.

# સગીર પત્ની સાથે સેક્સ પણ બળાત્કાર ગણાશે

નાગપુર, તા.૩૦

બોમ્બે હાઈકોર્ટની નાગપુર બેંચે તાજેતરમાં એક મહત્ત્વપૂર્ણ નિર્ણયમાં કહ્યું હતું કે ૧૮ વર્ષથી ઓછી ઉંમરની પત્ની સાથે સહમતિથી શારીરિક સંબંધ બાંધવો એ બળાત્કારની શ્રેણીમાં આવે છે. કોર્ટે નીચલી અદાલતના નિર્ણયને યથાવત રાખ્યો હતો જેણે દોષિતને ૧૦ વર્ષની સખત કેદની સજા ફટકારી હતી. જસ્ટિસ ગોવિંદા સાનપે ચુકાદો આપતાં સ્પષ્ટ કર્યું હતું કે ભારતીય દંડ સંહિતા (આઈપીસી) હેઠળ વૈવાહિક બળાત્કારના અપવાદો સગીરોને લાગુ પડતા નથી.


:: જાહેર નોટીસ ::

મામલતદાર, જૂનાગઢ ગ્રામ્યની કોર્ટમાં, તાલુકા સેવા સદન, સરદારબાગ, જૂનાગઢ

નં. જન્મ-મરણ/નોંધણી કેસ નં. ૨૯/૨૦૨૪

શ્રી બબીબેન ગોવીંદભાઈ અઘેરા,
રહે, કેરાળા, તા.જી. જૂનાગઢ

વિષય :- જન્મ-મરણ નોંધણી (સુધારો) એકટ-૨૦૨૩ની કલમ-૧૧ (૩) મુજબ જન્મની નોંધણી કરવાનો હુકમ કરવા અંગે.

આથી લાગતા વળગતા તમામને જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી બબીબેન ગોવીંદભાઈ અઘેરા રહે, કેરાળા, તા.જી. જૂનાગઢવાળાએ તેમના પુત્રશ્રી રાજેશકુમાર ગોવીંદભાઈ અઘેરાની જન્મ અંગેની નોંધ તા. ૨૫-૦૪-૧૯૯૧ ગ્રામ પંચાયત કચેરી, ઈવનગર તા. જૂનાગઢ ગ્રામ્ય જી. જૂનાગઢમાં થયેલ ન હોય જન્મ-મરણ નોંધણી અધિકારી, ગ્રામ પંચાયત કચેરી, ઈવનગર તા. જૂનાગઢ ગ્રામ્ય કચેરીનાં જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરી આપવા અંગે અત્રેની કોર્ટમાં અરજદાર તરફથી અરજી કરવામાં આવેલ છે. આ અરજી અંગે કોઈપણ વ્યકિતને વર-વાંધો કે તકરાર હોય તો તેણે જાતે અથવા તેના મુખત્યાર કે વકીલ મારફતે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં મામલતદાર કચેરી, જૂનાગઢ (ગ્રામ્ય) ખાતે વાંધા અરજી સાથે રૂબરૂ હાજર રહેશો. જેમાં કસુર થઈએ, કોઈ વ્યકિતને કોઈપણ પ્રકારનો વાંધો નથી તેવુ માની આગળની ન્યાયીક કાર્યવાહી કરવામાં આવશે.

આજરોજ તારીખ ૨૭, માહે-નવેમ્બર-૨૦૨૪ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો.

સ્થળ : જૂનાગઢ
તારીખ :- ૨૭-૧૧-૨૦૨૪

રાઉન્ડ સીલ

સહી : અવાચ્ય
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
અને
મામલતદાર, જૂનાગઢ ગ્રામ્ય



ગુજરાત સરકાર,

નર્મદા જળ સંપતિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

બીજો પ્રયત્ન જાહેર નિવિદાનં.૨૮ ઓફ ૨૦૨૪-૨૫

કાર્યપાલક ઈજનેરશ્રી, જુનાગઢ સિંચાઈ યોજના વિભાગ, ૨/૩ બહુમાળી ભવન, સરદાર બાગ, (ફોન:૦૨૮૫-૨૬૩૦૩૨૯) જુનાગઢ-૩૬૨૦૦૧ની જુનાગઢની કચેરી દ્વારા ઓનલાઈન ટેન્ડરથી બીજો પ્રયત્નઃ-આણંદપુર મેઇન કેનાલ ફલડ ડેમેજ રીપેરીંગ એન્ડ જંગલ કલીયરંસ ઓફ આણંદપુર મેઇન કેનાલ એન્ડ બોડકા બ્રાન્ચ કેનાલ ફોર ધ યર ૨૦૨૪-૨૫ના કામની અંદાજીત રકમ રૂ.૧૬,૪૩,૭૭૦.૨૦ ના કામ માટે માન્ય ઈજારદારશ્રી 'ઇ-૧" અને ઉપરની શ્રેણીઓ પાસેથી ઓનલાઈન ટેન્ડર માંગવામાં આવે છે.જે www.tender.nprocure.com વેબસાઇટ પર અપલોડ કર્યા બાદ તા.૩૦/૧૧/૨૦૨૪ થી તા. ૧૦/૧૨/૨૦૨૪ સમય ૧૮.૦૦ કલાક સુધીમાં ભરવાના રહેશે.ફીઝીકલ ડોકયુમેન્ટસ ફકત રજી.એ.ડી./સ્પીડ પોસ્ટ દ્વારા તા.૧૧/૧૨/૨૦૨૪ થી ૧૭/૧૨/૨૦૨૪ સુધીમાં ઉપરોક્ત કચેરીએ મોકલવાના રહેશે.કવર રૂબરૂ/ટપાલથી કે કુરીયરથી સ્વીકારવામાં આવશે નહીં.વધુ વિગત માટેwww.statetenders.gujarat.gov.inવેબસાઈટ પર જોવા મળશે. વધુ વિગતો કામકાજના દિવસો દરમ્યાન ઉપરોકત કચેરીનો સંપર્ક કરવાથી મળશે.

નોંધ:- હવે પછી કોઇ સુધારા થશે તો ઓનલાઇન વેબસાઇટ પર સુધારોમુકવામાં આવશે.

માહિતી/જૂના/જા.ખ./૬૫૬/૨૪

# ઈમ્પેકટ સૌરાષ્ટ્ર ભૂમિ : સૌરાષ્ટ્ર ભૂમિના અહેવાલની સરકારે પણ ગંભીર નોંધ લીધી : અંબાજી મંદિર, ભીડભંજન મંદિર અને દત્ત શિખરનો વહિવટ સરકાર હસ્તક લેવાયો પરંતુ વિવાદ યથાવત




(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૩૦

ગરવા ગિરનાર ખાતે આવેલા સુપ્રસિધ્ધ અંબાજી માતાજીના મંદિરના મહંત મોટાપીર બાવા પૂજય તનસુખગીરી બાપુ બ્રહ્મલીન થયા બાદ ખાલી પડેલા મહંત પદ માટેની ખેંચતાણ, લડાઈ, દાવા પ્રતિ દાવા અને પોલીસ ફરિયાદ સુધી મામલો પહોંચી ગયો હતો અને એક તકે તો દિવસે દિવસે મહંત પદ માટેનો પ્રશ્ન અત્યંત જટીલ બની ગયો હતો. દરમ્યાન જૂનાગઢના લોકપ્રિય અખબાર એવા સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક દ્વારા ગત તા.૨૧ નવેમ્બરના રોજ પોતાના અહેવાલમાં સ્પષ્ટ જણાવ્યું હતું કે, બ્રહ્મલીન સંત તનસુખગીરી બાપુની અંતિમ ઈચ્છા એવી હતી કે આ ધર્મસ્થાનોનો વહિવટ સરકાર હસ્તક લે તેવી ઈચ્છા તેઓએ છ માસ પહેલા જ વ્યકત કરી હતી અને જે અંગે આ અખબારે સરકારનું પણ ધ્યાન દોર્યું હતું. દરમ્યાન ગઈકાલે જૂનાગઢ જીલ્લા કલેકટર અનિલકુમાર રાણાવાસીયાએ સરકારની સુચના અંતર્ગત અંબાજી માતાજી મંદિર, દત્ત શિખર અને ભીડભંજન મહાદેવ મંદિર હાલ તુરંત સરકાર હસ્તક લઈ અને જૂનાગઢના સીટી મામલતદારને વહિવટદાર તરીકે ચાર્જ સોંપી દેવામાં આવ્યો હોવાની જાહેરાત કરી છે. ત્યારે હાલ પુરતા ગાદીના વિવાદ શાંત પડયો છે. આગામી દિવસોમાં સરકાર આ બાબતે કેવો ફેંસલો કરે છે તે અંગે સંબંધિત તમામની મીટ રહેલી છે.

છેલ્લા પંદરેક દિવસથી જૂનાગઢના મહત્વના ધર્મસ્થાનો ભારે વિવાદનું કેન્દ્ર બન્યા હતા. કારણ એટલું જ હતું કે કોઈપણ રીતે સામ, દામ, દંડ, ભેદ નીતિ સાથે આ મંદિરો ઉપર કબ્જો જમાવવાની ગળાકાપ સ્પર્ધા શરૂ થઈ હતી અને એક પછી એક ધગધગતા નિવેદનો બહાર આવી રહ્યા હતા. ધર્મસ્થાનો અંગેનો વિવાદ આમ જોવા જઈએ તો જયારથી શરૂ થયો ત્યારથી આજ સુધી અટકવાનું નામ લેતું નથી. બ્રહ્મલીન સંત તનસુખગીરી બાપુના નિધન બાદ તેમની ધુળલોટ વિધી સમયે જ ભવનાથ મહાદેવ મંદિરના હરીગીરીએ તાત્કાલીક સમાધી શિષ્ય બનાવી અને પ્રેમગીરીની મહંત પદે નિમણુંકની જાહેરાત કરતા ભડકો થયો હતો તો બીજી તરફ પ્રેમગીરીની નિમણુંક સામે તનસુખગીરી બાપુના પરિવારજનોએ જે તે સમયે જ આત્મવિલોપનની ચિમકી આપી હતી. બીજી તરફ ભૂતનાથ મહાદેવ મંદિરના મહંત મહેશગીરી બાપુએ પણ તનસુખગીરી બાપુના ચોટી શિષ્ય હોવાના નાતે તેઓએ પણ આ બાબતે પ્રતિક્રિયા આપી હતી. મહેશગીરી બાપુનું કહેવું હતું કે, તનસુખગીરી બાપુના ચોટી શિષ્ય હું હોવા છતાં મેં કોઈપણ જાતનો આ જગ્યાના ગાદીપતિ થવા બાબતનો મારો દાવો કર્યો નથી. તનસુખગીરી બાપુના પરિવારની સાથે જ છું અને તેઓ જે નિર્ણય લે તે મને પણ મંજુર છે તેવું અગાઉ પણ કહ્યું હતું પરંતુ ત્યારબાદ જે કંઈ ઘટનાક્રમ બન્યો અને હરીગીરીએ જે રીતે પ્રેમગીરીની નિમણુંક કરી તેને લઈને મહંત પદનો મુદ્દો ભારે ગરમાગરમ બન્યો હતો અને આ સાથે જ બીજું એક ષડયંત્ર ખુલ્લું પામ્યું હતું કે જેમાં ભવનાથ મહાદેવ મંદિરની નિમણુંક ગેરકાયદેસર થઈ અને નાણાંનો મોટો વહિવટ થયો હોવાનો આક્ષેપ થયેલો હતો. દરમ્યાન ઉકડતા ચરૂ જેવી આ સ્થિતિ વચ્ચે એક તકે તો સરકારને પણ આ ધર્મસ્થાનો ઉપર કબ્જો જમાવવાના થઈ રહેલા પેતરા અંગે વિસ્તૃત અહેવાલો મળ્યા બાદ તેઓ પણ ચિંતામાં મુકાયા હતા અને શું નિર્ણય લેવો ? આ સાથે જ જૂનાગઢનું નિસપક્ષ, તટસ્થ અને સાચી વાત કહેવામાં કયારેય પણ કોઈના બાપની શરમ ન રાખનાર સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક દ્વારા ૨૧ નવેમ્બરના રોજ એક વિસ્તૃત અહેવાલ મુકવામાં આવ્યો હતો અને છ માસ પહેલા તનસુખગીરી બાપુએ તેમની હયાતીમાં એવી ઈચ્છા વ્યકત કરી હતી કે અંબાજી મંદિર સહિતના ધર્મસ્થાનોનો વહિવટ હવે સરકાર સંભાળે અને યોગ્ય વિકાસની પ્રક્રિયા હાથ ધરે તેવી ઈચ્છા વ્યકત કરી હતી અને આ ઈચ્છા અંગે સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકે પણ સરકારશ્રીનું ધ્યાન ખેંચ્યું હતું અને જેની સરકારે પણ ગંભીર નોંધ લીધી છે અને સરકારના આદેશ અનુસાર ગઈકાલે જીલ્લા કલેકટર અનિલકુમાર રાણાવાસીયાએ એક પત્રકાર પરિષદ યોજી અને અંબાજી મંદિર, દત શિખર અનો ભીડભંજન મહાદેવના વહિવટદાર તરીકે સીટી મામલતદારની નિમણુંક કરતી જાહેરાત કરતા હાલ આ વિવાદ શાંત પડયો છે.

# ભીડભંજન મહાદેવ મંદિરનો કબ્જો મેળવવા કાવતરૂ રચી, ધાકધમકી આપવા અંગે હરીગીરી અને પ્રેમગીરી વિરૂધ્ધ વધુ એક ફરીયાદ અરજી

## દુષ્યંતગીરી કરણગીરી અપારનાથીએ પાંચ પાનાની ફરીયાદ અરજી આપી હરીગીરી અને પ્રેમગીરીનાં કરતુતો અંગે પર્દાફાશ કરતાં ખળભળાટ



જૂનાગઢ તા.૩૦

બ્રહ્મલીન શ્રી મહંત તનસુખગીરી બાપુ ગુરૂ દત્તગીરી બાપુનાં કૌટુંબીક દિકરો અને વારસદાર એવા દુષ્યંતગીરી કરણગીરી અપારનાથી (ઉ.વ. ૨૯)એ ગઈકાલે એ ડીવીઝન પોલીસ સ્ટેશને ફરીયાદ અરજી આપેલ છે અને ભવનાથ મહાદેવ મંદિરનાં મહંત અને અખાડા પરીષદનાં હરીગીરી ગુરૂ દત્તાત્રેયગીરી તેમજ પ્રેમગીરી નામના સાધુ તેમજ અન્ય તપાસમાં જે કોઈ નામ ખુલે તે તમામ સામે ગેરકાયદેસર રીતે અંબાજી મંદિરનો કબ્જો મેળવવા તેમજ તનસુખગીરી બાપુનાં પરીવારજનોને ધાક-ધમકી આપવી અને જગ્યા પચાવી પાડવાનું ષડયંત્ર રચી અને ગેરકાયદેસર રીતે કાર્યવાહી કરી હોવાનાં ગંભીર પ્રકારનાં આક્ષેપો સાથેની ફરીયાદ અરજી પોલીસને આપતા સનસનાટી મચી જવા પામી છે.

દુષ્યંતગીરી કરણગીરી અપારનાથીએ આ ફરીયાદ અરજીમાં વિસ્તૃત વિગતો દર્શાવી છે જેમાં ગંભીર પ્રકારનાં આક્ષેપો હરીગીરી ઉપર કરવામાં આવેલ છે. અંબાજી મંદિરનાં મહંત પૂ. તનસુખગીરી બાપુ બ્રહ્મલીન થયા બાદ મંદિર કબ્જે કરવાનાં જે પ્રપંચ ખેલવામાં આવ્યા અને તેનો આરોપ હરીગીરી સહીતનાં સામે મુકવામાં આવેલ છે. તનસુખગીરી બાપુને ધુળલોટ વિધિ સમયે જ પોતાનાં પદ અને સત્તાનાં જોરે હરીગીરીએ અંબાજી મંદિરનાં નવા મહંત તરીકે પ્રેમગીરીની નિમણુંક કરી નાખી હતી. આ એવા વ્યકિતની નિમણુંક કરી કે તેનાં વિરૂધ્ધ અગાઉ તેનાં જ શિષ્યે સૃષ્ટી વિરૂધ્ધનું કૃત્ય કરવાનો આરોપ લગાવેલ હતો. વિશેષમાં શ્રી મહંત તનસુગીરી ગુરૂ દત્તગુરૂ બાપુએ કોઈ શિષ્ય નિમેલા ન હોય જેનો ગેરલાભ લઈ હરીગીરી દ્વારા જગ્યાનો કબ્જો મેળવવાનાં પ્રયાસનાં ભાગરૂપે તેમણે તેમજ તેમનાં મળતીયાઓ દ્વારા અવાર નવાર ધમકીઓ પણ આપવામાં આવી હતી. આ ઉપરાંત તનસુખગીરી બાપુની સમાધીનાં દિવસે જ અમોનાં કૌટુંબીજનો તેમજ તનસુખગીરી બાપુની વર્ષોથી સેવા કરતા વિશ્વાસુ અને નાના પીરબાવાનાં બધી બાબતોનાં માહિતગાર યોગેશગીરી મહેન્દ્રગીરી ગોસ્વામી પાસે બળજબરીથી મિડીયા સમક્ષ ખોટુ નિવેદન પણ અપાવ્યું હતું. આ ઉપરાંત ધુળલોટનાં પ્રસંગે વ્યવસ્થિત કાવતરૂ કરી અમારા કુટુંબની ઈચ્છા વિરૂધ્ધ તેમજ અમારા કુટુંબની વંસપરંપરાગત અમો દશનામ ગોસ્વામી એટલે કે મોટાપીર બાવા તનસુખગીરી બાપુનાં વારસદાર અને સેવક તરીકે પણ હકકદાર હોય આમ છતાં ગુરૂ પરંપરાનું અપમાન કરી ગેરકાયદેસર રીતે તા. ૨૦-૧૧-૨૪નાં રોજ પ્રવેશ કરી મિલ્કત પચાવી પાડવા માટેની હિલચાલ કરેલ. એટલું જ નહી વ્યવસ્થિત કાવતરૂ કરી અને અમારી વંશપંરપરાગતની ભીડભંજન મહાદેવની જગ્યા હોવા છતાં હરીગીરીએ પ્રેમગીરીને ખોટી રીતે પોતાના પદ અને બળનાં જોરે મહંત તરીકે જાહેર કરી દીધા હતાં.

અને ભીડભંજન મહાદેવની જગ્યા પર કબ્જો કરી લેવાની કોશિષ કરી રહયા છે. વિશેષમાં હરીગીરી ભવનાથમાં દશનામ જુના અખાડાનાં મહંત તરીકેનું પદ મેળવ્યા બાદ અનેક જગ્યાએ પોતે જગ્યા ઉપર પૈસાનાં જોરે કબ્જો કરેલ હોવાનો પણ આક્ષેપ કરવામાં આવેલ છે. ભીડભંજન મહાદેવની જગ્યામાં ગેરકાયદેસર રીતે કબ્જો કરવામાં આવશે તો સનાતન ધર્મને હાની પહોંચશે તેમજ પ્રજાની ધાર્મિક લાગણી પણ દુભાય તેમ છે. આ ફરીયાદ અરજીમાં એવું પણ દર્શાવેલ છે કે બળજબરીથી બ્રહ્મલીન તનસુખગીરી બાપુ પાસેથી અગાઉ ભવનાથ મહાદેવ મંદિર પણ પૈસા અને પદનાં જોરે હરીગીરીએ પચાવી પાડેલ છે. આ ફરીયાદ અરજી અમે વ્યકત કરી છે ત્યારે અમારા કુટુંબીજનો પર પણ હુમલો કરાવે તેવી અમને દહેશત છે. અંતમાં મોટા પીરબાવા શ્રી મહંત તનસુખગીરી બાપુ બ્રહ્મલીન થયેલ હોય તેની સાથેનાં ટ્રસ્ટી અને તમામ વહીવટીકર્તા નાના પીરબાવા મહંતશ્રી હિંમાશુગીરી બાપુ ગુરૂ શ્રી ગણપતગીરી બાપુ હાલ અંબાજી મંદિર તથા નિલકંઠ મંદિર તેમજ દત્ત શિખર સંભાળી રહેલ હોય તેથી મોટા પીરબાવાની ગેરહાજરી થતાં તમામ વહીવટ કરવાની જવાબદારી અનો તમામ વહીવટનો સંપૂર્ણ નિર્ણય લેવાની સત્તા નાના પીરબાવા હિંમાશુગીરીને છે તેવું પણ જણાવ્યું હતું. અને દુષ્યંતગીરી કરણગીરી અપારનાથીએ હરીગીરી તેમજ પ્રેમગીરી અને તેમનાં મળતીયાઓ વિરૂધ્ધ ગેરકાયદેસર રીતે ભીડભંજનનો કબ્જો લેવો, ધાકધમકી આપવી સહીતનાં આરોપીસર તેઓની સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે.

# જૂનાગઢમાં પેટ્રોલ પંપના મેનેજરે રૂા.૩૦.૪૭ લાખની ઉચાપત કરી : ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૩૦

જૂનાગઢ શહેરના રેલ્વે સ્ટેશન રોડ ઉપર આવેલ પેટ્રોલ પંપના મેનેજરે બે વર્ષ દરમ્યાન પેટ્રોલ-ડીઝલના રીડીંગ ઓછા દર્શાવી રોજમેળમાં ખોટી એન્ટ્રીઓ અને હિસાબો ઉભા કરી રૂા.૩૦.૪૭ લાખની ઉચાપત કર્યાની ફરીયાદ બી ડીવીઝન પોલીસ મથકે નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર બી ડીવીઝન પોલીસ મથકે વીરમભાઈ સરમણભાઈ નંદાણીયાએ રીઝવાનભાઈ ઓસમાણભાઈ કુરેશી રહે.ગાંધીશેરી, સંઘાડીયા બજાર, જૂનાગઢવાળા વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, આરોપી ફરીયાદીની માલીકીના પેટ્રોલ પંપ ઉપર મેનેજર તરીકે નોકરી કરતા હોય ફરીયાદીનો વિશ્વાસમાં કેળવી મેનેજર તરીકેના હોદાનો દુરઉપયોગ કરી તા.૧૬/૧૨/૨૨ થી તા.૧૫/૦૮/૨૪ સુધીમાં અલગ અલગ દિવસે પેટ્રોલ ડીઝલના રીડિંગ ઓછા દર્શાવી વેચાણમાં તફાવત ઉભો કરી તેમજ રોજમેળમાં ખોટી એન્ટ્રીઓ અને હીસાબો ઉભા કરી તેમજ ટેન્કરમાં ડીઝલ નાખવાના ખોટા હીસાબ બતાવી રૂા.૩૫,૫૨,૦૩૭ ની ઉચાપત કરી જે ઉચાપત તપાસ કરતા પકડાય જતા તેમાંથી રૂા.૫,૦૪,૫૦૦ ફરીયાદીને ચુકવી આપી અને બાકીની રકમ રૂા.૩૦,૪૭,૫૩૭ની નહી આપી આ રકમની ઉચાપત કરી ફરીયાદીના વિશ્વાસનો ભંગ કરી ફરીયાદી સાથે છેતરપીંડી કર્યાની ફરીયાદ નોંધાવતા પોલીસ ગુનો નોંધી વધુ તપાસ પીએસઆઈ પરમારે હાથ ધરી છે.

# જૂનાગઢ જીલ્લામાં અપમૃત્યુનાં ૩ બનાવો પોલીસ ચોપડે નોંધાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૩૦

જૂનાગઢ જીલ્લાના વિસાવદર, કેશોદ અને માણાવદરમાં ૩ અપમૃત્યુના બનાવો પોલીસ ચોપડે નોંધાયા છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર વિસાવદર પોલીસ મથકે ફોરેસ્ટ ગાર્ડ વંદનાબેન પરસોતમભાઈ વાલવાણીએ જાહેર કરેલ કે કાશીયાનેશ વિસ્તારમાં તલવાડા ડેમની નદીમાંથી અજાણ્યા પુરૂષની લાશ મળ્યાનું જાહેર કરતા પોલીસે કાર્યવાહી કરી છે. જયારે કેશોદ પોલીસ મથકે વિજય ભારથી રાજભારથીએ જાહેર કરેલ કે મૃતક રાજભારથી(ઉ.વ.૬૦)એ કોઈ કારણોસર ઝેરી દવા પી લેતા સારવાર દરમ્યાન મોત નિપજયાનું જાહેર કરતા પોલીસે કાર્યવાહી કરી છે. તેમજ માણાવદર પોલીસ મથકે રાજેશભાઈ સાજણભાઈ મકવાણાએ જાહેર કરેલ કે પોતાના મૃતક પુત્ર અજયભાઈ(ઉ.વ.૨૭)નાનડીયાથી બાટવા તરફ બુલેટ મોટર સાયકલ નં.જીજે-૧૧-સીકે-૭૩૮૬ લઈને જતા હોય દરમ્યાન રસ્તામાં કુતરૂ આડુ ઉતરતા મોટર સાયકલ ખાડામાં પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર દરમ્યાન મોત નિપજયાનું જાહેર કરતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે.

## સોરઠમાં ઠંડીમાં રાહત

જૂનાગઢ તા. ૩૦

જૂનાગઢ સોરઠ અને સૌરાષ્ટ્રભરમાં શિયાળાની ઠંડી ધીમે ધીમે વધી રહી હતી અને લોકો પણ ઠંડીની સામે રક્ષણ મેળવવા માટે ગરમ વસ્ત્રો ધારણ કરી અને અવર જવર કરતા હતાં દરમ્યાન ગઈકાલે શુક્રવારે ઠંડીમાં આંશિક ઘટાડો થયો હતો અને લઘુતમ તાપમાન વધીને ૪૪.૪ ડીગ્રીએ પહોંચ્યું હતું. આજે પણ ઠંડીમાં રાહત થઈ છે. જો કે ઠંડીમાં વધારો થવાની હવામાન વિભાગે આગાહી કરી છે.


ધમાકા એક્ષચેન્જ ઓફર
તમારૂ જુનું ફર્નિચર આપી જાવ
નવું ફર્નિચર લઈ જાવ
આ ઓફર ટુંક સમયમાં માટે જ છે

PARDAWALA

બેડરૂમ સેટ
મોડયુલર કિચન
સોફા સેટ
ઓફીસ ફર્નિચર
આકર્ષિત પડદા
વોલપેપર

✦ શું તમે તમારા બજેટમાં દિકરા-દીકરી ના લગ્ન માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
✦ શું તમે તમારા બજેટમાં ઘર માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
✦ શું તમે તમારા બજેટમાં ઓફીસ કે દુકાન માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
✦ શું તમે તમારા બજેટમાં પડદા, વોલપેપર કે કારપેટ ખરીદવા માંગો છો...?

જો હા... તો હવે

જૂનાગઢ શહેરમાં અમો લાવ્યા છીએ તમારા બજેટમાં તમામ પ્રકારનું ફનિર્ચર જે તમારી ઈચ્છા મુજબનું બનાવી આપશું અને તૈયાર પડદા, ગાદલા, વોલપેપર કારપેટ તેમજ પડદા નું કાપડ ખુબજ સસ્તા ભાવમાં મળશે. માટે આજે જ અમારા શો રૂમની અવશ્ય મુલાકાત લેશો.

સી.સી. પડદાવાલા

PARDAWALA તળાવ દરવાજા ફાટક પાસે, સહયોગ ચેમ્બર સામે, જૂનાગઢ - ૩૬૨૦૦૧. મોબાઈલ : ૯૯૭૮૬ ૫૪૧૫૫

(ઓફર/સ્કીમ મર્યાદિત સમય માટે.)



ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨

તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.

એકસચેંજ ઓફર

LED TV રૂા. 6500* થી શરૂ

ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ

MI-GL

ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ

બીના ઈલેકટ્રોનિકસ

Kelvinator

MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.

LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ

0% ફાઈનાન્સ 0% ડોકયુમેન્ટ ચાર્જ

જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.

માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.



